

કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક · વર્ષ ચોપનમું · અંક પહેલો
જાન્યુઆરી · ઓગણીસસો સિત્યોતેર
સળંગ અંક ૬૩૭ તંત્રી · બચુભાઈ રાવત

સંસ્થાપક
રવિશંકર
રાવળ




રાષ્ટ્રપિતા ગાંધીજી · ૨૯મી સંવત્સરીના સ્મરણમાં (વૂડકટ · રમેન્દ્રનાથ ચક્રવર્તી)



અર્ઘ્ય : કલાકાર · યામિની રાય

(જુઓ આ અંકની 'કલાવાર્તા')



કુમાર

જાન્યુઆરી ૧૯૭૭ · અંક ૬૩૭

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

પોષ / રાજેન્દ્ર શાહ

• ગાન •

પોષની પોશે હિમ ઝરે ને લાલ રે ચટક બોરાં,
આંબલે આવે મોર ને ભૂરાં વગડાનાં વાન ગોરાં.
પ્હોર ચડ્યો કે આથમે
એવો ખોબલા જેવો દન,
કેડીએ બાંધી કાયમાં
લેતું હૂંફ રે તરુણ મન;
આવતું નીચું આભ, ગલી ગુટમુટ, જણેજણ ઓરાં.
ચાર છાણાં ચેતાવીએ,
એણે રાખીએ ઊની રાત,
સોણલે યે ના જોઈ
ગુલાબી માંડીએ એવી વાત;
પાકાંય તે પાન સાંભળે, જેવાં સાંભળે લીલાં મ્હોરાં.
વળતી જતી રાખને ઓળે
ઊતરે રાતું તેજ,
નીંદરના ઓઢણની ઓથે
લાગતી વ્હાલી સેજ;
દીવડે પીધું તેલ, સવારે કોડિયાં કોરાં કોરાં.

સ્થિતિ-ગતિ / વ્રજલાલ દવે

• શાલિની •

વૃક્ષો વચ્ચે શ્વેત આકાશ, લેટી
પીતું લીલા પર્ણની વર્ણરમ્ય,
વચ્ચે ઝીણા સૂર્યના દષ્ટિરંગ–
લીલાં ભીનાં ડોકિયાં સ્વર્ણમત્ત!

ઊડી આવે આભની ખેપ ખેડી
જામ્યા કંઠે રક્ત ટીકા વિખેરી,
આંખે આંજી કાજળો વાદળોનાં
માળે કંપે કૈં વિહંગો યુગોથી!

છૂટે માથે કોક દી વૃક્ષ, શીળી
આગો ઝીલી, ખેરવે વૈભવોને!
આવે પાછો કોક દી રાગયોગી
કૂણી કૂણી કૂંપળી હૂંફ દેતો!

વૃક્ષો ઘેરે કોક દી તો અષાઢ
નાચે સીંચે હેજ સંગીત ગાઢ;
વૃક્ષો પાસે પંથ વ્હેતા, લસે સૌ
પર્ણો, પીછાં, પાયચિહ્નો, ચીલાઓ!

વક્ર ગમતો / દેવજી રા. મોઢા

• શિખરિણી-સૉનેટ •

મને ના જાણું શેં પણ પ્રતિ વસે વક્ર ગમતો!
ગમે અદ્રિ-રેખા ચડઊતરનાં અભ્ર ફલકે
રચી રૂહેતી ચિત્રો, ગિરિશિખરપે કેડી ચડતી
વળાંકો લેતી તે પણ ઉર રમે, કંકર પથે
તળેટી પ્રત્યેની જલઝરણીની શીઘ્ર ગતિ યે
ભરી દેતી હૈયું, જલધિ ભણી વ્હેતી સરિતની
ગમે ફાંટાબાજી, વન–તરુ–ચડી વેલ પવને
હલીને વંકાઈ હૃદય પર અંકાઈ જતી, તો
વળી વ્હાલા લાગે વિહગ ચકરાવા ગગનમાં
લિયે તે, વાયુમાં વમળ ઊઠીને ચક્તિ થતા
મને વા-વંટોળા પણ પ્રિય, નભે ઇન્દ્રધનુની
કમાનોમાં મોહે મુજ મન; છતાં સૌથી વધુ તો
ગમે તાર નેત્રો પર ભૃકુટિમાં રુદ્ર રમતો.
—મને ના જાણું શેં પણ પ્રતિ વસે વક્ર ગમતો!

આવશે / ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ'

• ગાન •

ચીતરેલા વૃક્ષની આ ફૂટેલી કૂંપળ પર થીજેલા ઝાકળને વેડીએ
ઓસરીને લીપીને રાખી છે આવશે કોક દી જરૂર મારી ડેલીએ.

રેતીમાં વ્હાણ જેમ ખૂંપી ગઈ છે આજ
મારા હોવાની સભાનતા,
શમણું આવે ને હું તો માનું છું એમના
આવવાની એકાદી માનતા;
જૂના ખંડેર સમી વીત્યાની વેળ રહી સળવળતી આજે હથેળિયે...

સ્મરણોની પળ મળે આંખોને સ્હેજ
ત્યાં તો દર્પણમાં ઊગતાં કમળ,
વગડાને વીંધનારી કેડીઉ પર ફૂટ્યાં ના
દરિયે દેખાય એ વમળ;
આંગણુમાં ખખડે છે આવવાની ગંધ અને સળવળતાં રણ આખી શેરીએ,
ઓસરીને લીપીને રાખી છે આવશે કોક દી જરૂર મારી ડેલીએ.

ચિત્ર / શિલ્પિન્ થાનકી

આછું પીપળ-પાન ફરકતું આ બારીની બ્હાર,
હળવે મારું મંન સરકતું આ બારીની બ્હાર.

રાખોડી આકાશ અને ઝાંખી-પાંખેરી સાંજ,
તારા ઉપર બેસીને પલળે કબૂતરાંની હાર,
ટવરક ટવરક આભ વરસતું આ બારીની બ્હાર.

જિજ્ઞાસા : જીવનરસનો સ્રોત

બહાદુરશાહ પંડિત

એક મિત્રનો અમેરિકાથી આવેલો પત્ર કવરમાંથી કાઢીને વાંચતો હતો ત્યાં મારા આઠ-નવ વર્ષના બાબાએ આવીને એ કવર જોવા માંડયું. કવર પરની ટિકિટ સામે એ થોડી વાર આશ્ચર્યથી જોઈ રહ્યો અને પછી એકદમ પૂછવા લાગ્યો : 'પપ્પા, આ સ્ત્રીના હાથમાં શું છે? એ શાના ઉપર ઊભી છે?'

મેં એને સમજ પાડી કે એ અમેરિકાના ન્યૂ યૉર્ક બંદર આગળ મૂકવામાં આવેલી સ્વાતંત્ર્ય-દેવીની પ્રતિમા છે અને હમણાં અમેરિકનો ૨૦૦મી સ્વાતંત્ર્ય-જયંતી ઊજવી રહ્યા છે, એ નિમિત્તે એની આ ટિકિટ બહાર પડી છે. એ ઉપરથી બાબાએ અમેરિકાના સ્વાતંત્ર્યસંગ્રામ અંગે પ્રશ્ન કર્યો અને મારે એને એ આખા વિગ્રહનો ઇતિહાસ આપવો પડયો.

બાળકોના આવા પ્રશ્નો ઘણી વાર આપણને મૂંઝવણમાં મૂકી દે છે. પણ તમને નથી લાગતું કે આવી જિજ્ઞાસા માત્ર બાળકોમાં જ નહિ પ્રત્યેક ઉંમરના માણસમાં જરૂરી છે?

કુતૂહલ કદાચ કુટેવ ગણાય, પણ જિજ્ઞાસા તો જરૂરી વૃત્તિ છે. પાડોશીના ઘરમાં થતી તકરાર સાંભળી કાન સરવા કરવા એ કુતૂહલ છે, પણ પાડોશીના બગીચામાં ઊગેલા અજાણ્યા છોડને આશ્ચર્યથી નિહાળી એ અંગે પૂછપરછ કરવી એ જિજ્ઞાસા છે. જિજ્ઞાસા એટલે નવું જાણવાની અને જાણીને માણવાની સાહજિક વૃત્તિ. એ વૃત્તિને પોષીને કે વિકસાવીને જ આપણે જીવનરસ માણી શકીએ. આમ જિજ્ઞાસા જીવનરસનો સ્રોત બની શકે.

તમારા ઘરેડુ જીવનની જેટલી પળો તમે તમારી જિજ્ઞાસાવૃત્તિને સંતોષવામાં પસાર કરો છો એટલી ક્ષણો દિવસની ઉજ્જવળ પળો બની જતી હોય એમ તમને નથી લાગતું?

કોઈ નવું માસિક તમારી નજરે પડે અને તમને એ જોવાની કેવી તાલાવેલી થઈ જાય છે! એ તાલાવેલી તૃપ્ત થતાં થતો આનંદ અવર્ણનીય હોય છે. કોઈ ઐતિહાસિક સ્થળની મુલાકાતે તમે ગયા હો ત્યારે ત્યાંના પ્રાચીન ભવ્ય અવશેષો તમને કેટલો બધો આહ્લાદ આપે છે.

નવુંનવું જાણવાની ઇચ્છા તમને સદા યુવાન રાખી શકે છે. કુતૂહલ માત્ર ક્ષણિક નિંદારસ પૂરો પાડે છે, જ્યારે જિજ્ઞાસા ક્ષણિક આનંદ આપીને અટકી જતી નથી. એ તમારા વ્યક્તિત્વમાં કંઈક નવો ઉમેરો કરે છે.

પણ જિજ્ઞાસાની તૃપ્તિ માટે પ્રવાસે જ જવું જોઈએ કે નવાંનવાં માસિકો જ વાંચ્યા કરવાં જોઈએ એવું કાંઈ નથી. દૃષ્ટિ હોય તો તમે તમારી રોજિંદી પ્રવૃત્તિમાં પણ જિજ્ઞાસાને સંતોષવાનાં સ્થાન શોધી શકો છો.

ટપાલમાં આવેલા કવર પરની ટિકિટ તમે ધ્યાનથી જોઈ છે? તમારા બગીચામાં કે ગામને પાદર ટહુકતાં પક્ષીઓનું અવલોકન કર્યું છે? દિવાળી ટાણે આવેલાં અભિનંદન કાર્ડો પરનાં ચિત્રો ને લખાણો રસપૂર્વક નિહાળ્યાં છે? રોજ જે બસમાં મુસાફરી કરો છો એના કંડકટર કે ડ્રાઈવરના યુનિફૉર્મને તમે ધારીને જોયો છે? તમારી ઑફિસના માર્ગે આવેલી મસ્જિદના મિનારા પરના કોતરકામે તમને આકર્ષ્યા છે?

આમ ઝીણવટથી જોતા જઈએ તો કેટલી બધી ચીજો આપણી આસપાસ આપણી જિજ્ઞાસાને ખોરાક પૂરો પાડતો પડયો હોય છે?

કાકાસાહેબ કાલેલકરનું 'ઓતરાતી દીવાલો' પુસ્તક તમે વાંચ્યું છે? જેલની કોટડીમાં બેઠાં બેઠાં એમણે કેટલું બધું નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે! આપણે મુક્ત હોવા છતાં એટલી બધી માહિતી કદી ભેગી કરી શકતા નથી, કારણ કે આપણે એ આંખ મેળવી નથી, એ નિહાળવાની દૃષ્ટિ કેળવી નથી.

એ દૃષ્ટિ ઊઘડી જશે પછી તમને આ દુનિયા નવી લાગશે. દરેક સ્થળે તમને કંઈક નવીનતાનાં દર્શન થશે. એ નવીનતામાં જ્ઞાન હશે, સૌંદર્ય હશે અને જ્ઞાન તથા સૌંદર્ય હમેશાં નિર્વ્યાજ આનંદ આપવા જ સર્જાયાં છે.

જેની જિજ્ઞાસા જીવતી રહે છે, એ કદી વૃદ્ધ થતો નથી. એની દૃષ્ટિમાં બાળક જેવી જિજ્ઞાસા હોવાથી એ સદા જુવાન રહે છે. જગતની પ્રત્યેક નવી ચીજમાંથી એને જીવનરસ પ્રાપ્ત થાય છે. એનામાં બાળક જેવી મુગ્ધતા હોય છે. અને બાળક જેવો જીવન જીવવાનો ઉત્સાહ રહે છે. અકાળે વૃદ્ધ બની ગએલા આજની પેઢીના આપણા યુવાનોએ જિજ્ઞાસાની આ જડીબુટ્ટીનો ચમત્કાર અનુભવી જોવાની જરૂર છે.

જાણીતા ચિંતક ડૉ. ઍલેક્સિસ કૅરેલ કહે છે : 'મોટી વાત તમારા જીવનમાં વરસો ઉમેરવાની નથી, પણ તમારાં વરસોમાં જીવન ઉમેરવાની છે.' વરસોમાં જીવન ઉમેરવાનું આ મહત્ત્વનું કાર્ય જિજ્ઞાસાવૃત્તિની પ્રેરણાથી થઈ શકે છે.

આ જિજ્ઞાસાનો આદર્શ નમૂનો જોઈએ છીએ શ્રીમતી એસ્થર ગ્રેહામના નીચેના અનુભવમાં :

"રેલગાડીમાં સફર કરતા એક માણસ અને તેના નાના પુત્રની પાછળની બેઠકમાં હું બેઠી હતી. પાટાની બેઉ બાજુ જે દૃશ્યો પસાર થતાં હતાં તેમાં એ છોકરાને ખૂબ રસ પડતો હોય એમ લાગ્યું : તે પોતે જે કાંઈ જુએ તેનું વર્ણન એ પિતા આગળ સતત કરતો જતો હતો. એક નિશાળના ચોગાનમાં રમતાં બાળકોની વાત એણે કરી, એક વોંકળામાં પડેલા પથ્થરોની વાત એણે કરી અને પાણી પર પડતાં સૂરજનાં કિરણો વર્ણવ્યાં, વચમાં એક માલગાડીને જવા દેવા માટે અમારી ગાડી ઊભી રહી ત્યારે, એ ભારખાનાના દરેક ડબ્બામાં શું શું હશે તેની અટકળ એણે ચલાવી. એમને ઊતરવાનું શહેર નજીક આવતું ગયું તેમ તેમ તો એ છોકરાની ખુશાલી વધતી ચાલી. સફરને અંતે આગલી બેઠક પર જરા નમીને પિતાને મેં કહ્યું : 'એક બાળકની આંખો મારફત જગતને જોવામાં કેવી મજા આવે છે, નહિ?'

સ્મિત કરીને એમણે જવાબ વાળ્યો : 'હા, બહુ જ. અને એ એક જ રીતે આપણે એને જોઈ શકીએ તેમ હોઈએ તો તો ખાસ.'

એ અંધ હતા."

આજ

'આજ' એ આપણા શેષ જીવનનો પહેલો દિવસ છે, તેમ એ જ 'આજ' આપણી આખી જિંદગીનો છેલ્લો દિવસ પણ હોઈ શકે. આપણને એની ખબર નથી, અને એ આપણા હાથમાં પણ નથી. માટે જ એક વિચારકે કહ્યું છે કે માણસ રોજ સવારે જન્મે છે અને રાત્રે મૃત્યુ પામે છે. દરેક નવી ઊગતી સવાર એ જીવનનો પડકાર હોય છે અને આખો દિવસ એ પડકારને પહોંચી વળવા માટે આપણે વાપરવાનો હોય છે.

આજનો જમાનો એ વાતનો સ્વીકાર કરે છે કે 'ગઈ કાલ' હવે આપણા હાથમાં નથી અને 'આવતી કાલ' આપણી છે કે નહિ તેની ખબર નથી. માત્ર 'આજ' જ આપણા હાથમાં હોય છે. આ ભાન થતાં જ આપણે વર્તમાનનિષ્ઠ બનતા જઇએ છીએ. આપણે એટલું જ નક્કી કરી શકીએ છીએ કે 'આજ'ને વેડફી દેવી છે કે વાપરી જાણવી છે. આપણી ઉંમર ૧૭ વર્ષની હોય કે ૭૦ની હોય, 'આજ'નું મહત્ત્વ ઓછું થતું નથી. એનો ઉપયોગ કરવાની જરૂર બંને માટે એકસરખી જ હોય છે.

(સંદેશ)

—પ્રતીક્ષા રાવળ, હરેન્દ્ર રાવળ

અખબારી પ્રકાશન-જગતનો બેતાજ બાદશાહ

લૉર્ડ રૉય હર્બર્ટ ટૉમસન

લેખક · અશોક હર્ષ



▷ લૉર્ડ ટૉમસન

લખપતિ થવાની બિલકુલ તરંગી ગણાએલી પોતાની મહત્ત્વાકાંક્ષાને પોતાનાં અપ્રતિમ ધૈર્ય, અડગ સાહસ તથા કોઠાસૂઝ વડે સિદ્ધ કરી એણે સેંકડો અખબારોની માલિકી મેળવી તે વડે કરોડોની અસ્કયામત-પ્રાપ્ત કરી, અને તે પણ પોતે જેનાથી લેશ પણ શરમાવું પડે એવી કોઈ પણ રીત અજમાવ્યા વિના બિલકુલ પ્રામાણિકપણે. આનુવંશિકતાનું એને પીઠબળ નહોતું કે સંજોગો સર્વદા સહાયક નહોતા, છતાં મળેલી તકો ઝડપી લઈને અને નિષ્ફળતાને સુધારતા જઈને એણે આપબળે પોતાનું ઘડતર કર્યું હતું.


હજામ પિતા અને હોટેલિયણ માતાનો પુત્ર લાખોપતિ બનવાનાં સપનાં સેવે—અને તે પણ ચૌદ વર્ષની ઉંમરે અભ્યાસનો ત્યાગ કરીને, એ તે વાસ્તવદર્શિતા કે નર્યું તરંગીપણું? પણ ના, એને માટે એ માત્ર તરંગ જ ન રહ્યો. એ તરંગને વાસ્તવિકતામાં પલટાવવા માટેની કોઠાસૂઝ સાથે એનામાં અપ્રતિમ ધૈર્ય અને અડગ સાહસનો ય સુયોગ થવા પામેલો, અને દઢ સંકલ્પબળે તે ધીમા પરંતુ મક્કમ પગલે પોતાના ધ્યેયમાં આગળ ને આગળ વધતો જ રહ્યો. જો કે જીવનની ચાલીસી પૂરી કરી ત્યાં સુધી તો તેનું આ ધ્યેય અસાધિત જ રહેલું, એટલું જ નહિ, જેમની જેમની સમક્ષ પોતાની આ મહત્ત્વાકાંક્ષા જાહેર કરેલી એ સૌ એની મશ્કરી ઉડાવતાં રહેલાં—ખુદ એની પત્ની સુધ્ધાં ટકોર કરતી રહેતી કે 'ગયા મહિનાનું દૂધનું બિલ પણ હજી નથી ચૂકવાયું ને લાખોપતિ બનવાની વાતો શું જોઇને કરતા હશો?'

પરંતુ સૌએ હસી કાઢેલા આ તરંગને નક્કર રૂપ આપી, લાખો નહિ પણ કરોડો લેખે મૂડી જમાવી એક કૅનેડિયન હજામના આ પુત્રે એક એવું વિશ્વવ્યાપી સામ્રાજ્ય ઊભું કર્યું જે જગતના ઇતિહાસમાં અનન્ય છે. અને તે પણ સંપૂર્ણ પ્રામાણિકપણે; કારણ, પોતે જેનાથી શરમાવું પડે એવી નફો મેળવવાની કોઈ પણ રીત તેને પસંદ નહોતી. જીવનની ચાલીસી સુધી સામાન્ય સફળતા સાથેના એ અદના આદમીએ એ પછીની ત્રીસીમાં સાધેલી ઝડપી પ્રગતિએ તેને એક સંમાન્ય આંતરરાષ્ટ્રીય વ્યક્તિ બનાવી દીધો. અને એ બીજા કશા ય કરતાં શાને ય વધુ આભારી હોય તો તે તેણે સ્વીકારેલા આ જીવનમંત્રને કે 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું.' ('Never a backward step').

એની અસાધારણ સફળતા પાછળનાં એનાં પરિશ્રમ અને કુનેહને લક્ષમાં લીધા વિના એને કેવળ નસીબની યારી ગણનારાઓને પોતાની આત્મકથા 'આફ્ટર આઈ વૉઝ સિક્સ્ટી'માં એણે સરસ ચીમકી આપેલી કે 'નસીબ એટલે ઝડપી લીધેલી તક'. જીવનમાં મળેલી એવી તમામ તકો એ ઝડપતો રહેલો, અને એ જ રીતે એ રેડિયો, ટેલિવિશ્ઝન અને પત્રકારત્વની દુનિયામાં પ્રવેશેલો. દરેક ધંધા પાછળનો પ્રધાન આશય હોય છે પૈસા કમાવાનો, અને એ જ આશયે એ પણ તે તે ધંધામાં પ્રવેશેલો. પણ અન્ય ધંધાદારીઓ અને એની વચ્ચેનો તફાવત એટલો જ કે દંભના બુરખા પાછળ પોતાનો આ આશય ગોપવવાને બદલે એ એની છડેચોક નિઃસંકોચ જાહેરાત કરતો.

ગરીબીને જ પોતાના જીવનનું પ્રેરકબળ ગણાવતા, પત્રકારત્વના વ્યવસાયના વિશ્વવ્યાપી સામ્રાજ્યના આ સર્જક તે તાજેતરમાં અવસાન પામેલા લૉર્ડ ટૉમસન. વ્યક્તિના ઘડતરમાં આનુવંશિકતા પર અપાતા ઝોકની નજરે જોઇએ તો ટૉમસનના પૂર્વજો ધાડપાડુ ને ધીંગાણાખોર, જુગારી અને દારૂડિયા હતા. સંજોગો પર અપાતા ઝોકની નજરે જોઇએ તો, એનો ઉછેર એવા સંજોગોમાં થએલો જે એનું વ્યક્તિત્વ ઉપસાવવામાં મુદ્દલ સહાયભૂત ન નીવડે. સ્કૉટિશ તોખમના એસ્કડેલના બે પરિવારો બિટીસન અને ટૉમસન આજથી ચારપાંચ સદીઓ પર ઇંગ્લૅન્ડ સ્કૉટલૅન્ડના સરહદ-પ્રદેશને ધમરોળતા રહી ધાડલૂટથી માંડી રાજદ્રોહ સુધીની પ્રવૃત્તિ ચલાવતા રહેલા. અંતે સરહદની બંને બાજુના સત્તાવાળાઓએ આ અરાજકતાનો અંત લાવવા કટિબદ્ધ બની જેલ અને ફાંસીનો દોર ચલાવતાં ટૉમસન પરિવારમાંનો એક આર્કિબાલ્ડ ટૉમસન પોતાના કુટુંબને લઈ ઈ. ૧૭૭૩માં કૅનેડા પહોંચી ગયો અને ત્યાં સુતારીકામ કરવા લાગ્યો. પાછળથી પોતાના બે ભાઈઓ ડેવિડ અને ઍણ્ડ્રયુને પણ તેણે કૅનેડા બોલાવી લીધા અને ત્રણે ભાઈઓ યૉર્ક શહેર (જેને પાછળથી ટૉરૉન્ટો નામ અપાયું)માં સાથે રહેવા લાગ્યા.

આર્કિબાલ્ડના પૌત્રોમાંનો એક હુ જબરો જુગારી અને દારૂડિયો નીકળ્યો. પત્ની મેરી અને ત્રણ બાળકોને લઇને ન્યૂ યૉર્ક ગયા પછી તેનું શું થયું એ કોઈ જ જાણતું નથી. એ મરી ગયો હોય કે નાસી ગયો હોય, પણ રઝળી પડેલી મેરી પાછી કૅનેડા પોતાને ગામ માર્કહૅમ આવી સીવણ-ગૂંથણ દ્વારા પેટિયું રળતી ત્રણે સંતાનોને ઉછેરવા લાગી. એ ત્રણમાંના સૌથી નાના પુત્ર હર્બર્ટે મોટા થઈ હજામતનો ધંધો હાથ ધર્યો. આગળ જતાં ત્યાં રેલવે સ્ટેશન પાસેની એક હોટેલમાં કામ



લૉર્ડ સ્નૉડને સજાવેલી રૉય ટૉમસનની ઑફિસ

કરતી એલિસ કૂંબના પરિચયમાં એ આવ્યો. પરિચયમાંથી પ્રણય બંધાયો અને ઇ. ૧૮૯૩માં બંને લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. લગ્ન બાદ આ નવદંપતીને માર્કહૅમ કરતાં ટૉરૉન્ટો અનુકૂળ જણાયું અને એલિસે હોટેલમાલિકણ એની કાકી શ્રીમતી હિસલૉપ સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો. શ્રીમતી હિસલૉપ હોટેલ સંચાલન સાથે ગીરો-વેચાણનો ધંધો પણ કરતી. ટૉરૉન્ટોમાં મૉન્ટીથ સ્ટ્રીટમાં તેનું એક મકાન હતું જે આ નવદંપતીને પોતાના ગીરો-હક સાથે રહેવા આપ્યું, અને ત્યાં જ પત્રકાર-જગતના બેતાજ બાદશાહ રૉય હર્બર્ટ ટૉમસને ઈ. ૧૮૯૪ના જૂનની ૫મીએ જગતનાં અજવાળાં પહેલવહેલાં જોયાં.

એ વખતે માંડ બે લાખની વસતિ ધરાવતા ટૉરૉન્ટોમાં રૉય અને એનાથી બે વર્ષનો નાનો એનો ભાઈ કાર્લ માતાની છાયા નીચે ઊછરવા લાગ્યા, કારણ પિતા હર્બર્ટ તો સવારના આઠથી રાતના આઠ સુધી એના હજામતના ધંધામાં જ પરોવાએલો રહેતો. આમ છતાં એની એકલાની કમાણી પૂરતી ન હોઇને માતા એલિસે ઘેર વીશી ચાલુ કરેલી. પાંચ વર્ષની વયે ભણવા બેસી છઠ્ઠા વર્ષે જુનિયર સ્કૂલમાં દાખલ થએલો રૉય સામાન્ય કરતાં વધુ અંતર્મુખ અને શરમાળ હતો. વર્ગમાં તે ગમે તેટલો આગળ બેસે તો પણ પાટિયા પરનું લખાણ તેનાથી ઉકેલી શકાતું નહિ. એ આખું વર્ષ તે આ અંગે ફરિયાદ કરતો રહ્યો, પછી સાતમા વર્ષે તેને ડૉક્ટરને ત્યાં લઈ જવામાં આવ્યો અને ત્યારથી જાડા કાચનાં ચશ્માં તેનાં આજીવન સાથી બની રહ્યાં.

ચશ્માં આવ્યા પછી રૉય એના સમવયસ્કો સાથે પહેલાંના કરતાં પણ વધુ અતડો રહેવા લાગ્યો. એનો નાનો ભાઇ કાર્લ ખેલકૂદમાં મગ્ન રહેતો જ્યારે એ એકલો પડ્યો પડ્યો ચોપડીઓ વાંચ્યા કરતો. એનો પ્રિય લેખક ત્યારે હતો હૉરેશિયો અલગર. એની દરેક વાર્તામાં ગરીબ પણ સદ્‌ગુણી બાળકો આગળ જતાં સુખી અને શ્રીમંત બની જતાં. પોતાને પણ આવો જ કોઈ વાર્તાનાયક કલ્પી એ વાંચતાં વાંચતાં જ ઊંઘી જતો અને એની મા એને તેડી જઈને પથારીમાં સુવાડતી.

મા એલિસની કમર કામના બોજાથી બેવડી વળી જતી હતી, કારણ એની કાકી હિસલૉપને મકાનના પૈસા પૂરા ન ભરાય ત્યાં સુધી તે એને ત્યાં ગીરો હતું. કાકી પણ એની ભત્રીજીનાં બંને સંતાનોને સદા એક જ બોધ આપતી રહેતી કે જિંદગીમાં દેવું ચૂકવવા કરતાં વધુ મહત્ત્વની બીજી કોઈ જ બાબત નથી! પિતા હર્બર્ટ શનિવારે રાતના ૧૧ સુધી કામ કરતો તે પણ આ ગીરો પડેલું મકાન છોડાવવા માટે જ, ને પુત્રો

રૉય અને કાર્લ દુકાને ગલ્લે બેસતા કે વાસીદું વાળવાથી માંડી બીજું જે કામ કરતા તે પિતાનો એટલો વધુ વખત બચાવી વધુ કમાણી દ્વારા શ્રીમતી હિસલૉપનું દેવું ચૂકવવા.

બાર વર્ષની વયે રૉય જાર્વિસ સ્ટ્રીટ કૉલેજિયેટમાં દાખલ થયો. મકાનનું દેવું ચૂકવવામાં પોતે માતપિતાને સહાયરૂપ થવું હોય તો પોતે બિઝનેસ કૉલેજમાં દાખલ થવું જોઈએ એવું એને લાગ્યું, જે એના પિતાની દુકાનની નજીક જ આવેલી હતી. પરંતુ જાર્વિસ કૉલેજ મફત શિક્ષણ આપતી, જ્યારે બિઝનેસ કૉલેજમાં ફી ભરવી પડે તેમ હતું, ને કોઈ પણ પ્રકારના ફી આપવી તેના કુટુંબની આર્થિક સ્થિતિ જોતાં પરવડે તેમ નહોતું. રૉયે એનો પણ રસ્તો શોધી કાઢ્યો, અને કૉલેજમાં વાસીદાં વાળવાં, બારીબારણાં સાફ કરવાં, પાટલીઓ અને પાટિયાં લૂછવાં, શાહીના ખડિયા ભરી રાખવા, વગેરે કામગીરી સ્વીકારીને તેણે શૉર્ટહૅન્ડ, ટાઇપિંગ અને નામું શીખવા માંડ્યાં.

પછી વધુ આગળ ભણવાનું માંડી વાળી ચૌદ વર્ષની વયે ૧૯૦૬માં તે કોલસાની એક વખારમાં કારકુન તરીકે જોડાઈ ગયો. એ પછી થોડા સમયમાં એણે કોલોનિયલ કૉર્ડેજ કંપનીમાં અઠવાડિયે પાંચ ડૉલરની નોકરી મેળવી. નોકરીના પ્રારંભ સાથે જ એની આ અંતઃપ્રતીતિ દૃઢતર બનતી ગએલી કે પોતાના વાર્તાનાયકોની જેમ પોતે પણ હવે પૈસા અને પ્રખ્યાતિના રાહ પર છે. પોતાનો તમામ પગાર એ માતાના હાથમાં સોંપી દેતો. તેનું નોકરીનું સ્થળ ઘરથી દૂર હોઈ માતા તેને એમાંથી ટ્રામભાડું ચૂકવતી તથા બપોરે જમવા માટેનું ભાતું બાંધી આપતી, જ્યારે બાકીના પૈસા કાકી હિસલૉપનું દેવું ચૂકવવા બચાવી રાખતી.

કાકી હિસલૉપ આટલો મોટો ધંધો ખેડતી છતાં હિસાબકિતાબના કશા ચોપડા રાખતી નહિ. બધા ખત-દસ્તાવેજ બૅન્કમાં મૂકી લેવડ-દેવડની માત્ર નોંધ પોતાની રોજનીશીમાં રાખતી. રૉય હવે નામું લખવામાં નિષ્ણાત થઈ ચૂક્યો હોઈ કાકીને તેણે વ્યવસ્થિત હિસાબ-કિતાબ રાખવા સમજાવી. કાકીને પણ આ વાત ગળે ઊતરી ગઈ અને ચોપડા લખવાના મહેનતાણા ઉપરાંત રૉયને એના ગીરો-વેચાણના ધંધામાં ભાગ કરી આપ્યો.

આમ નવો ધંધો હાથ લાગતાં રૉય જૂની નોકરી છોડી એ જ કંપનીમાંના એના ઉપરી મિ. સિમ્સે શરૂ કરેલા નવા ધંધામાં સ્ટેનોગ્રાફર તરીકે જોડાઈ ગયો. હવે પગાર અઠવાડિયે ૧૬ ડૉલર થયો હતો, પણ એ એક સેન્ટ પણ નકામો વાપરતો નહિ. એને પૈસાદાર જરૂર થવું હતું પણ તે અનાયાસ નહિ, એના વાર્તાનાયકોની જેમ કઠોર પરિશ્રમ દ્વારા, જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરીને. સોળ ડૉલરથી વધારી સિમ્સે એનો પગાર પચ્ચીસ ડૉલર કરી આપ્યો, પણ રૉય તો આખો ય પગાર હજી પણ માતાના જ હાથમાં મૂકી દેતો–કાકી હિસલૉપનું દેવું ચૂકવવા. અને આમ છેવટે ૧૯૧૨માં મકાન પરનું તમામ દેવું ભરપાઈ થઈ ચૂક્યું.

મકાન બોજામુક્ત થઈ પોતાની માલિકીનું થતાં માતા એલિસે હવે તે વેચી નાખી વધુ સારા લત્તામાં રહેવા જવાનું નક્કી કર્યું અને ટૉમસન કુટુંબ ઈસાબેલા સ્ટ્રીટમાં રહેવા ગયું. ઘરની સ્થિતિ સુધરતાં હવે માના મનમાં ઘરમાં વહુ લાવવાની ઇચ્છા રમવા લાગી, પરંતુ પુત્ર રૉય તો સ્ત્રીજાતિમાં મુદ્દલ રસ લીધા વિના પોતાને કાકી હિસલૉપ તરફથી મળતી ભાગીદારીની રકમ કયા ધંધામાં રોકવી એના જ ખયાલોમાં મશગૂલ હતો. સિમ્સ ઍન્ડ કંપનીમાં હવે તે બ્રાન્ચ-મૅનેજરના પદે પહોંચ્યો હોઈને પોતાની ગણતરી ઉપરાંત સિમ્સ પ્રત્યેની વફાદારીને વશ વર્તી તેણે એ જ કંપનીના શેરોમાં તે રકમ રોકવાનું નક્કી કર્યું.

બ્રાન્ચ-મૅનેજર તરીકે રૉયની જવાબદારી વધતાં એ ઘણી વાર રાતે મોડે સુધી રોકાતો, અને એનો નાનો ભાઈ કાર્લ પોતાની કામગીરી પતાવી એની મદદ માટે આવી પહોંચતો. કાર્લ પણ એ જ બિઝનેસ-

લૉર્ડ ટૉમસનની મુલાકાત

('કુમાર'ના તંત્રીની લંડન-ડાયરીમાંથી)


૧૧મી સપ્ટેમ્બર ૧૯૬૮: બુધવાર—સવારે વહેલા પરવારી રમણિકભાઈ (લંડનમાંથી નીકળતા ગુજરાતી પાક્ષિક—હવે અઠવાડિક—'ગરવી ગુજરાત'ના તંત્રી-માલિક) સાથે લૉર્ડ ટૉમસનને મળવા. (હું કૉમનવેલ્થ પ્રેસ યૂનિયનનો સભ્ય હોવાથી એ સંસ્થાનાં સેક્રેટરી મિસિસ ફ્રિગાર્ડે આ મુલાકાત ગોઠવી આપેલી.) રસ્તે ટ્રેઈનમાં રમણિકભાઈ સાથે એમને પૂછવાના પ્રશ્નો વિચારી લીધા. ગ્રેઈઝ ઈન રોડ પર આવેલા 'સનડે ટાઈમ્સ'ના આલીશાં મકાનમાં લૉર્ડને છાજે તેવી અમીરી વ્યવસ્થા. અમે રિસેપ્શનિસ્ટ પાસે જઈ મુલાકાતનો પત્ર બતાવતાં, સ્પેશ્યલ યુનિફૉર્મ (ગણવેશ)વાળો નોકર લૉર્ડની ખાસ લિફ્ટ દ્વારા છેક ઉપરને માળે અમને લઈ ગયો. ત્યાં લૉર્ડ સ્નોડને (રાણી ઇલિઝાબેથની બહેન માર્ગરેટના પતિ અને જાણીતા ફોટો-કલાકાર) સજાવેલી એમની ઉજમાળી ને અદ્યતન ઑફિસમાં પ્રવેશીને નમન કરતાં પહેલો જ પ્રશ્ન એમણે મને કર્યો: 'ડુ યુ સ્પીક ઇંગ્લિશ?' મેં હા કહી ને વાતની શરૂઆત કરી, અને અહીંથી સાથે લઈ ગએલો તે રાજસ્થાની ચિત્રકળાનો કૃષ્ણજીવન પરનો સંપુટ 'દિવ્ય બંસરીગાયક' એમને ભેટ આપતાં મને કહે એમાં તમારા હસ્તાક્ષર કરી આપો. મેં લખી આપ્યું ને પછી પ્રશ્નોત્તરી થઈ.

અમે બંનેએ જે થોડા પ્રશ્નો પૂછ્યા એના એમણે મુદ્દાસર ઉત્તર આપ્યા. મેં પૂછ્યું: 'આપ આપના પત્રોના તંત્રીઓના કામમાં કે નીતિમાં માથું નથી મારતા એ વાત સાચી?' એમણે કહ્યું: 'હા, મને મારાં પત્રોની માત્ર બિઝનેસ સાઈડ–આર્થિક બાજુ–માં જ રસ છે. મારી માલિકીનાં ઘણાં પત્રો પરસ્પરથી વિરુદ્ધ નીતિ ધરાવે છે, અને ઘણાં મારા રાજકીય વિચારોથી વિરુદ્ધ મત ધરાવે છે. મને તેનો કશો વાંધો નથી.'

બીજો પ્રશ્ન: 'દુનિયાના ઘણા દેશોમાં આપે અનેક વર્તમાનપત્રો ખરીદ્યાં છે (એમની માલિકીનાં પત્રો, સામયિકો અને રેડિયો સ્ટેશનોની સંખ્યા સેંકડોની થવા જાય છે.) એવું આક્રમણ હિંદુસ્તાન ઉપર કરવા માગો છો?' ઉત્તર: 'ના હિંદુસ્તાનમાં મને કોઈ બિઝનેસ દેખાતું નથી. પણ ત્યાં ટૉમસન ફાઉન્ડેશન તરફથી (જંગી અદ્યતન) મુદ્રણાલય વગેરે ચાલે છે.'

પ્રશ્ન: 'પેલી ઓવરકોટવાળી વાત કહેવાય છે તે સાચી છે?' (લૉર્ડ ટૉમસન કરોડો–અબજો–પતિ હોવા છતાં ભારે કરકસરિયા હતા. એક વાર એક સ્ટોરના સેઈલની જાહેરખબર વાંચીને સસ્તી કિંમતનો ઓવરકોટ ખરીદવા ગ્રાહકોની લાંબી ક્યૂ (કતાર)માં ઊભા રહેલા.) હસીને કહે: 'હા; હું ખૂબ કરકસરિયો છું. આ મારી પાછળ જુઓ. હાથ સાફ કરવા માટે પેપર (કાગળનાં) નૅપકિનની થપ્પી પડી છે. તે સસ્તી અને વળી હાઇજિનિક છે.'

પ્રશ્નોત્તરી પછી 'કુમાર' માટે એમના પુરુષાર્થી જીવનનો પરિચય આપવા સારુ તેને અંગેનું સાહિત્ય અને ચિત્રસામગ્રી માગતાં એમણે સેક્રેટરી પાસે પોતાના વિસ્તૃત સચિત્ર જીવનચરિત્રની નકલ મંગાવી તેમાં સ્વહસ્તે ઉપહારવાક્ય લખી મને ભેટ આપી. (જુઓ એમના



હસ્તાક્ષર) અમને મોકલેલા મુલાકાતપત્રમાં મુલાકાત માટે માત્ર દસ મિનિટ ફાજલ પાડી હતી, પણ એમણે અમને પ્રશ્નોત્તરી ને બીજી વાતોમાં રસ લઈ વધારે સમય આપ્યો, અને અમે વીસ મિનિટે છૂટા પડ્યા.

કૉલેજમાં ભણેલો અને નામું લખવામાં રૉય કરતાં વધુ નિષ્ણાત, પણ ઓછો મહત્ત્વાકાંક્ષી હતો. એ જ રીતે રૉય પણ ઘણી વાર કાર્લની મદદે પહોંચી જતો. બંને કંપનીને પોતાના છેલ્લી ઘડી સુધીના હિસાબો ચોખ્ખાચટ જોઈ આશ્ચર્ય થતું, પણ એને એ ખબર નહોતી કે તે પાછળ એક નહિ પણ બે ટૉમસનની જહેમત રહેલી હતી. વગર મહેનતાણે થતું વધારાનું આ કામ સિધ્સના લક્ષ બહાર નહોતું. પણ એ બદલ પૈસા આપવાને બદલે તે રૉયને અવારનવાર માલના વેચાણ માટે પ્રવાસે મોકલી આપવા લાગ્યો. આ રીતે ફરવાનું મળતાં રૉયનું શરમાળપણું ધીમેધીમે ઓસરતું ગયું, એનો ઉત્સાહ વધતો ગયો, અને રવિવાર સુધ્ધાં એ ઑફિસની કામગીરી પાછળ જ ગાળવા લાગ્યો.

રૉયની હવે તો પોતાની જાતમાંની શ્રદ્ધા એટલી હદે વધી જવા પામી કે કુટુંબીજનોને ખુલ્લેખુલ્લા કહેવા લાગ્યો કે ત્રીસ વરસની ઉમર સુધીમાં તો પોતે લાખોપતિ બની જવાનો! આ સાંભળી એની માતા એના લગ્ન માટે વધુ ઉતાવળ કરવા માંડી. લાલ વાળ અને લીલી આંખોવાળી રૂપાળી પણ શરમાળ એડના એના મનમા વસી ગએલી, પણ એના કરતાં યે રૉયના મનમાં એ વહેલી વસી ગઈ હતી. સીધ્સને તેણે સમજાવ્યું કે સ્ટેનોગ્રાફર તરીકે પુરુષ કરતાં સ્ત્રીની પસંદગી બહેતર ગણાય. પરિણામે એડના ઇર્વિંગ પણ એ કંપનીમાં એની સાથે કામ કરતી થઈ ગઈ. એડના પોતાના નિર્ણયમાં રૉય કરતાં પણ મક્કમ હતી. અને એક દિવસ કશી ધામધૂમ વિના કાર્લને અણવર તરીકે સાથે લઈ દેવળને બદલે પાદરીને ઘેર જ લગ્નવિધિ પતાવી દઈ ન્યૂ યૉર્કની ઍસ્ટોરિયા હોટેલમાં મધુરજની ગાળવા બંને ઊપડી ગયાં;—પાછળ બંનેનાં કુટુંબો તેમના આ પગલાની સારાસારતા વિષે વિચારતાં જ રહ્યાં.

પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું. રૉય ત્યારે સરોવર કાંઠે સહેલગાહે ઊપડેલો. યુદ્ધ એકાદ અઠવાડિયામાં પૂરું થઈ જવાની મિત્રો, સંબંધીઓ વગેરેની સલાહ છતાં તે લશ્કરમાં ભરતી થઈ જવા ટૉરોન્ટો પાછો ફર્યો. પરંતુ એનાં પેબલનાં ચશ્માં જોઈને જ ભરતી ખાતાએ A. R. અક્ષરાંકિત બૅજ પકડાવી રવાના કરી દીધો, જેનો અર્થ થાય 'Applied and Rejected'. છેવટે એને કૅનેડિયન મિલિશ્યામાં ભરતી થઈ સંતોષ માનવો પડ્યો, જેમાં તેને લેફ્ટેનન્ટનો હોદ્દો આપવામાં આવેલો.

યુદ્ધના કારણે રૉયના ધંધામાં રોકેલા શેરોના ભાવમાં પણ જબરો ઉછાળો આવેલો. પણ એક દિવસ સૌના આશ્ચર્ય વચ્ચે ચોવીસ વર્ષના રૉયે પોતાની ચાલુ નોકરી છોડી દઈ પશ્ચિમમાં સાસ્કાચેવાન મુકામે એક ફાર્મ ઊભું કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો. એ વખતે એ બે પુત્રીઓ—ઍાડે અને ઈમાં—નો પિતા પણ બની ચૂકેલો.

પરંતુ થોડા જ સમયમાં પોતાની આ મૂર્ખાઈની પ્રતીતિ તેને થઈ જવા પામી. પચીસની ઉમરે પોતાની પંદર હજાર ડૉલરની બચતમાંથી ઘણીખરી રકમ ખેતીકામ પાછળ વેડફાઈ ગએલી જોઈ તેને થયું કે

આ વતપાંચ વર્ષમાં પોતે લાખોપતિ થવું હોય તો ખોટનો આ ધંધો વહેલામાં વહેલી તકે છોડી દેવો જોઈએ. અને તેણે તેમ જ કરી પોતે ઊભું કરેલું ફાર્મ વેચી કાઢ્યું.

આમ ખેતી માટેની તેની મુગ્ધતા ઓસરી ગએલી જાણી સિમ્સે રૉયને ફરી પોતાને ત્યાં આવી જવા કહ્યું. પણ રૉયની મુગ્ધતાનાં મૂળ એના કૃષિપ્રેમમાં નહિ પરંતુ એના સ્વાતંત્ર્યપ્રેમમાં રહેલાં હતાં. આથી પોતાની રહીસહી બચત સાથે પોતાના ભાઈ કાર્લની પણ બચત ગણતરીમાં લઈ એણે સ્વતંત્ર ધંધા માટે નજર દોડાવવા માંડી. કાર્લને ઘણી વાર એ કહેતો : 'આપણે સાથે જ ધંધો કરી લાખો કમાઈએ,' ને કાર્લ હમેશાં તેની સાથે સંમત થતો. ખૂબ ચર્ચાવિચારણાને અંતે બંને ભાઈઓએ પોતાની સંયુક્ત મૂડી મોટરકારના સ્પેર પાર્ટ્સમાં રોકવાનો નિર્ણય લીધો. ટૉરૉન્ટોની સડકો પર ઘોડાગાડીઓ અને પછી ટ્રામ બાદ હવે મોટરગાડીઓ દોડતી થઈ હોઈ ઈ. ૧૯૨૦માં એમણે લીધેલો આ નિર્ણય સમયાનુકૂળ હતો.

રૉય ધંધાના વિકાસ અને વિસ્તાર પાછળ પડતાં ઘરની બધી જવાબદારી તેની પત્ની એડનાના માથે આવી પડી. બે પુત્રીઓ પછી ૧૯૨૩ના સપ્ટેમ્બરમાં એને ત્યાં પુત્ર કેનેથનો જન્મ થયો. રૉય તો એના ધંધામાં જ નિમગ્ન રહ્યો, પણ એ નિમગ્નતા પાછળ બે ધંધાદારી હકીકતો એના ધ્યાન બહાર જ રહી જવા પામી. એક તો ઉત્પાદકો તેમના માલનાં નાણાંની વસૂલાત માટે હમેશાં ઉતાવળ કરતા હોય છે, અને માલ ખરીદનારાઓ વિક્રેતાને તેનાં નાણાં ચૂકવવામાં હમેશાં ઢીલ કરતા હોય છે! મુસીબત એ ઊભી થઈ કે ઉત્પાદકોની ઉઘરાણી કડક બનતી ગઈ, ગૅરેજવાળાઓ તરફથી વધુ માલની માગ ચાલુ રહી! રૉયને થયું; 'આ તો ગાડું ધાંચમાં પડ્યું!' નોવાસ્કોશિયાની બૅન્કમાંથી નાણાં ઉછીનાં લાવી લેણદારોને ચૂકવતા રહી રૉય પોતાનો ધંધો પોતાના ભાઈ કાર્લ તથા સાળા એડ બિલટનના હાથમાં સોંપી પોતે ઓટાવા ઊપડી ગયો ને ત્યાં એક નવી કંપની ઊભી કરી: 'સર્વિસ સપ્લાઈઝ લિમિટેડ.'

ઈ. ૧૯૨૫ની એ સાલ હતી, અને એ જ સાલમાં વીસમી સદીની એક નવી નવાઈ બજારમાં મુકાઈ—રેડિયો. આ નવા સાધનના ઉત્પાદકો સ્વયં વિક્રેતા બનવાને બદલે કોઈ વિક્રેતાની શોધમાં હતા અને રૉય ટૉમસને એ તક ઝડપી લીધી. બંને ભાઈઓએ મળી ૧૯૨૮ સુધીમાં તો ઓટાવાનો એમનો વેપાર વર્ષે એંશી હજાર ડૉલર પર પહોંચાડી દીધો. નોવાસ્કોશિયા બૅન્કની લોન સાથે એકેએક લેણદારની રકમ ચૂકવાઈ જતાં રૉય હવે 'સર્વિસ સપ્લાઈઝ'ની જવાબદારી કાર્લ પર નાખી સકુટુંબ વધુ ઉત્તરે નૉર્થ બે ઊપડી ગયો.

નૉર્થ બેમાં રહી તે રેડિયોસેટ ઉપરાંત ઑટોમોટિવ સામાન, રેફ્રીઝરેટરો, ધોવાનાં મશીનો વગેરે વેચતો અને તે ખપાવવા નૉર્થ બેની દરેક દિશામાં ત્રણસો ત્રણસો માઈલ ઘૂમી વળતો. એ જેનો વિક્રેતા બનેલો એ 'ફૉરેસ્ટ કૉસલી કંપની' એના હરીફોની જેમ દર વર્ષે નવાં નવાં મૉડેલ બહાર પાડ્યે રાખતી. કંપનીના વડા ડૉન પૉલિટે રૉયને બોલાવી એ નવાં મૉડેલ ખપાવવા અને નહિ તો પોતે નવો વિતરક નીમવાની ધમકી આપતાં રૉય બોલ્યો: 'હજુ તો તમારા જૂના છસો જેટલા આકમકો મને વળગેલા છે.'

'તે એનું શું મ્યૂઝિયમ ઊભું કરવું છે?' પૉલિટે ચણચણતો પ્રશ્ન કર્યો. રૉય પોતાના પ્રત્યે સહાનુભૂતિની તમામ આશા ગુમાવી બેઠો. સાથોસાથ પોતાને મળેલી તક ગુમાવવાનું જોખમ ખેડવા પણ તે નહોતો માગતો. આ પ્રદેશ કે જ્યાંની રાતો ભારે લાંબી અને થીજાવી દે તેવી હતી, જેનો બાકીના જગત સાથેનો સંપર્ક નહિવત્ હતો ત્યાં રેડિયોની હૂંફ બહુ મૂલ્યવાન નીવડવાની તેની ગણતરી હતી. પરંતુ આવા દૂરના પ્રદેશોમાં રેડિયો-પ્રસારણ સ્પષ્ટ સંભળાતું ન હોવાની ફરિયાદ સર્વસામાન્ય હતી. એમાં રહેલું તથ્ય સ્વીકારી તેણે ત્યાં નૉર્થ બે મુકામે જ નવું રેડિયો-સ્ટેશન ઊભું કરવાનો નિશ્ચય કર્યો।

રેડિયો સ્ટેશન ઊભું કરવા માટે જરૂરી લાઈસન્સ તો રૉય પાસે નહોતું; નહોતી એટલી મૂડી પણ; નહોતાં એ માટે જરૂરી સાધનો કે ટેકનિકલ જ્ઞાન. પણ રૉય એક વાર નિશ્ચય કર્યા પછી પાછો ડગે તેમ નહોતો. આડીઅવળી પૂછપરછ કર્યા વિના એ તો સીધો પહોંચી ગયો પાટનગર ઓટાવા ને જે સરકારી ખાતું લાઈસન્સ આપતું હતું ત્યાં જઈને પૂછપરછ કરી. સરકારે ત્યારે નવાં લાઈસન્સો આપવાનું બંધ કર્યું હતું, પણ રેકૉર્ડ તપાસીને તેને એવું જણાવવામાં આવ્યું કે એના વિસ્તારમાંની અબિટિબી કંપનીનું ચાલુ લાઈન્સ તે એ કંપની પાસેથી મેળવી શકે તો નૉર્થ બે મુકામેથી પ્રસારણનો તેનો ખયાલ અમલી બની શકે, નહિતર એ ખયાલ સમૂળગો છોડી દેવો રહ્યો.

આ અબિટિબી કંપનીએ ઈમારતી લાકડાંનાં પોતાનાં મથકો સાથે સંપર્કમાં રહેવા રેડિયો-લાઈસન્સ ખરીદેલું અને વર્ષોવર્ષ તે તાજું કરાવતી રહેલી, પણ બે શબ્દો પણ રેડિયો પરથી પ્રસારિત ન કરતાં સઘળો વ્યવહાર ટેલિફોન દ્વારા જ ચાલુ રાખેલો. એટલે રૉય પાસેથી વાર્ષિક એક ડૉલરની લાઈસન્સ ફી લઈ તેને એ લાઈસન્સ સોંપવા તૈયાર થઈ. વર્ષના અંતે જો એ લાઈસન્સ પાછું ન માગે તો તે આપોઆપ કાયમનું રૉયનું બની જાય. આમ રૉયને CFCH એ સાંકેતિક અક્ષરો નીચે પ્રસારણની પરવાનગી મળી ગઈ.

હવે જરૂર રહી એ પરવાનગીને અમલમાં આણવા માટેનાં સ્થળ, સાધન, નાણાં અને ટેકનિશિયનો મેળવવાની. સ્થળ તો રૉયે નૉર્થ બેના કેપિટૉલ થીએટરના રંગમંચના પાછળના ભાગમાં મેળવી લીધું. પછી પ્રસારક (ટ્રાન્સમીટર)ની તપાસ કરતાં તેને માલૂમ પડ્યું કે ટૉરૉન્ટોની ધ કાર્બન કંપની પાસે ૫૦ વૉલ્ટનું એક ટ્રાન્સમીટર વેચવાનું હતું. રૉયે ટૉરૉન્ટો પહોંચી કંપની સાથે વાતચીત કરતાં તેણે તેની કિંમત પાંચસો ડૉલર માગી. રૉયે તે તરત કબૂલી લીધી; સાથોસાથ એ પણ જણાવી દીધું કે અત્યારે એટલી મૂડી પોતાના હાથ પર ન હોઈ એટલી રકમની પ્રૉમિસરી નોટ પોતે લખી આપશે. સોદો કબૂલ રહ્યો, અને ધ કાર્બન કંપની તેના એ ટ્રાન્સમીટરથી મુક્ત થઈ, જે ખરીદવા કોઈ તૈયાર થાય તેમ નહોતું—અને તે એવી પ્રૉમિસરી નોટ ઉપર કે જેમાં નિર્દિષ્ટ રકમ ભરપાઈ થવાની કોઈ બાંહેધરી નહોતી.

નૉર્થ બેના નવા સ્ટુડિયોમાં આ ટ્રાન્સમીટર બેસાડવા માટે કંપનીએ પોતાના એક એન્જિનીઅર જૅક બાર્નેબીની સેવાઓ પણ રૉયને ઉછીની આપી. જૅક આ જરીપુરાણા ટ્રાન્સમીટરને ચાલુ કરવા મથતો રહ્યો, જ્યારે રૉય ટૉમસન પોતાના આ રેડિયો સ્ટેશન પરથી પ્રસારિત કરવા માટે જાહેરાતો ઉઘરાવતો રહ્યો—૧૦૦ શબ્દના ૩૫ સેન્ટના દરે. જૅકને એણે પોતાની મીઠી સમજાવટશક્તિથી એવો તો સમજાવી લીધો કે ધ કાર્બન કંપનીના અઠવાડિયે ૪૫ ડૉલરના બદલે રૉય સાથે અઠવાડિયે ૨૫ ડૉલરના વેતને રહેવા એ તૈયાર થઈ ગયો, અને ઈ. ૧૯૩૧ના માર્ચની ૪થી એ CF C H સ્ટેશનેથી શરૂ થએલાં સુશ્રાવ્ય પ્રસારણે એ આખા યે વિસ્તારમાં ભારે ઉત્તેજના ફેલાવી દીધી—અને બે જ વર્ષથી નૉર્થ બેનો નિવાસી બનેલો રૉય ટૉમસન એક જ રાતમાં શહેરની સૌથી વધુ લોકપ્રિય વ્યક્તિ બની ગયો.

જાહેરાતના સસ્તા દરે ટૉમસનને યારી આપી અને થોડા જ સમય બાદ જૂના ટ્રાન્સમીટરના સ્થાને તેણે ૧૦૦ વૉટનું માર્કોની-ટ્રાન્સમીટર વસાવ્યું. પોતાની આ લોકપ્રિયતાના આધારે તે નૉર્થ બેની કાઉન્સિલમાં પણ ચૂંટાઈ આવ્યો, જોકે મેયરપદની ઉમેદવારીમાં તે હારી ગયો.

(અનુસંધાન પૃષ્ઠ ૨૭)

સત્યજિત રાય સર્જિત ડિટેક્ટિવ ફેલુદાની
એક નવી રહસ્ય-કથા

સમાદ્દારની ચાવી

અનુવાદક • સુકન્યા ઝવેરી

વહી ગએલી વાર્તા સંગીતના રસિયા અને અવનવાં વાજિંત્રોનો સંગ્રહ કરવાના શોખીન, પણ કંજૂસ પ્રકૃતિના, બ્યાશી વર્ષના એકાકી શ્રીમંત રાધારમણ સમાદ્દારના મરતી વખતના શબ્દો ‘મારા...નામે...ચાવી...’ સાંભળીને તેમનો ભત્રીજો મણિમોહન તેનું રહસ્ય મેળવવા ડિટેક્ટિવ ફેલુદાને લઈ કલકત્તાથી દૂર બામનગાછિ નામના ગામડા પાસે આવેલા મરનારના બંગલે જાય છે. ત્યાં એકમાત્ર પાડોશી અવની સેન અને તેમના પુત્ર સાધન સેન પાસેથી ફેલુદા મરનાર વિષે થોડી માહિતી મેળવે છે. એવામાં સુરજિત દાસગુપ્ત નામનો સંગીતનો એક વિદ્વાન સંશોધક એ વાદ્યસંગ્રહમાંથી ઈરાનનું એક વિરલ વાજિંત્ર ખામાંચે તથા જર્મન બનાવટનું એક નાનકડું પણ વિચિત્ર મેલોકોર્ડ—એમ બે વાદ્યો ખરીદવાનો સોદો મરનાર સાથે થોડા દિવસ પર કરી ગએલો તે વાયદા પ્રમાણે બે હજાર રૂપિયામાં ખરીદવા આવે છે. પણ ફેલુદા શંકા પડવાથી તે વેચવાની ના પાડે છે. વળી તે કદાચ મરનારથી વિમુખ થએલો તેમનો પૌત્ર અને એકમાત્ર વારસ ધરણીધર છદ્મવેશે આવ્યો હોય એવો વહેમ પણ જાય છે. અને બીજે જ દિવસે મધરાતે બંગલાનો નોકર અનુકૂળ પોતાની ઓરડીમાંથી મરનારના ઓરડામાં અજવાળું તથા તેમાં કોઈ માણસને ફરતો જોઈને હાકોટો કરી ત્યાં જાય છે, પણ આગંતુક બંગલામાંની બાથરૂમના પાછળના જમાદારના બારણેથી છટકી જાય છે. આથી રહસ્ય વધુ ઘેરું બને છે ને ફેલુદા તે ઉકેલવા પ્રવૃત્ત થાય છે. હવે આગળ વાંચો.

૫

‘પહેલાં લખ—મૃત વ્યક્તિનું નામ શું હતું :’ ફેલુદા પોતાના પલંગ પર બેઠો હતો અને હું એની પાસે ખુરશી પર. મારા હાથમાં એણે નોટબુક અને પેન્સિલ પકડાવી દીધાં. મેં લખ્યું : ‘રાધારમણ સમાદ્દાર.’

‘તેના પૌત્રનું નામ ?’ ‘ધરણીધર સમાદ્દાર’

‘પૌત્રનું નાટકીય નામ ?’ ‘સંજય લાહિરી.’

‘દેહરાદૂનના વાદ્ય-સંગ્રાહકનું ?’ ‘સુરજિત દાસગુપ્ત.’

‘રાધારમણના પાડોશીનું નામ?’ ‘અવની સેન.’

‘તેના દીકરાનું નામ ?’ ‘સાધન સેન.’

‘રાધારમણના આખરી શબ્દો શું હતા ?’

‘મારા નામે...ચાવી...ચાવી...’

‘સંગીતમાં પહેલા ‘સા’થી પછીના ‘સા’ સુધી કેટલા સ્વર હોય છે ?’ આટલા દિવસમાં ફેલુદાએ એની ખરીદેલી સંગીત પ્રવેશિકાનું પહેલું પ્રકરણ મારી પાસે વંચાવી લીધું હતું. સંગીત વિષે તે આટલો ઊંડો શા માટે ઊતરતો હતો, ખબર નહિ. જે હોય તે. મેં લખ્યું : ‘બાર.’

‘કયા કયા !’ ‘સાત શુદ્ધ, ચાર કોમલ, એક તીવ્ર.’

‘શુદ્ધ સ્વર કયા કયા ? શી રીતે લખાય ?’

‘સ ર ગ મ પ ધ ન.’

‘કયા કયા કોમલ હોય ?’ ‘ર ગ ધ ન.’

‘શી રીતે લખાય ?’ ‘ઋ જ્ઞ દ ણ.’

‘અને તીવ્ર ?’ ‘મ.’

‘શી રીતે લખાય ?’ ‘ક્ષ.’

‘હવે મને કાગળ આપ જોઉં.’ મેં આપ્યો.

‘હવે બહાર બેઠકખંડમાં જઈને બેસ. બારણાં વાસી દે. હું કામ કરવા માંડું.’ હું ગયો બેઠકખંડમાં. બારણાં બંધ કર્યાં. સોફા પર જઈ બેઠો. ‘ચંદ્રનો પહાડ’ પુસ્તક ત્રણ વાર વાંચ્યું છે : ફરી વાંચવા માંડ્યું.

લગભગ એકાદ કલાક પછી ફેલુદાના રૂમના એક્સ્ટેનશન ફોનનો ડાયલ કરવાનો અવાજ સંભળાયો. કુતૂહલ ન રોકી શકવાથી બારણા પાસે કાન માંડી ઊભો રહ્યો. ફેલુદાનો અવાજ સંભળાયો : ‘ડૉક્ટર બોઝ છે ?—ચિંતામણિ બોઝ.’ ફેલુદા પેલા હાર્ટ સ્પેશ્યાલિસ્ટને ફોન કરતો હતો, જેને મણિબાબુ લઈ ગયા હતા પોતાના કાકાને તપાસવા માટે.

ફોન કોને કરતો હતો એટલું જ હું જાણવા માગતો હતો. બાકીની વાત સાંભળવાની જરૂર નહોતી. ફરી પાછો આવી સોફા પર બેઠો.

દસ મિનિટ પછી ‘કટર કટર’ અવાજ—ડાયેલિંગનો જ.

ઊઠીને બારણા પાસે ગયો. કાન માંડ્યો. ‘યુરેકા પ્રેસ? કોણ બોલે છે ?’ આ તો મણિમોહનબાબુનું પ્રેસ. બસ. મારે આટલું જ જાણવું પૂરતું હતું. ફરી ‘ચંદ્રનો પહાડ’ લઈ બેઠો.

ચાર વાગ્યે જ્યારે શ્રીનાથ ચા લાવ્યો ત્યારે ય ફેલુદા બહાર નહોતો આવ્યો. અંતે થાકીને ઘડિયાળમાં જોયું તો ચાર પાંત્રીસ. હું વિચારતો હતો કે મારું એ એવડું લખેલું લખાણ, એના ઉપર ફેલુદા આટલો બધો શો વિચાર કરતો હશે ? બરાબર એ જ વખતે બારણાં ઉઘાડી, હાથમાં એક અર્ધી બળેલી ચારમિનાર લઇને તે બહાર આવ્યો અને ધીમેથી બોલ્યો : ‘માથું તો મારું ચસકા મારે છે, હોં તોપસે ! એક બ્યાસી વર્ષનો બુઢ્ઢો, મરતાં પહેલાં સામાન્ય ત્રણ શબ્દ બોલ્યો તેનો અર્થ શોધવા આટલી લમણાઝીક કરવી પડી એ વિચારીને મારું માથું ચસકા મારે છે.’

હું ફેલુદાની સામે સ્તબ્ધ બની તાકી રહ્યો. જોયું કે એના ચહેરાનો ભાવ બદલાઈ ગયો હતો, અને જેને એ ઝાંખો પ્રકાશ કહેતો હતો એ એને માટે હવે ઝાંખો નહોતો રહ્યો. મને કહે : ‘સા ધ નિ સા નિ...શુદ્ધ સ્વર સાંભળીને કંઈ યાદ આવે છે? કોઈ અર્થ સમજાય છે ?’ મારું માથું ચકરાઈ ગયું. ફેલુદા બોલ્યો : ‘તને સમજાશે ય નહિ. સમજાત તો પછી તારામાં ને ફેલુ મિત્તિરમાં ફરક ન રહેત.’ સદ્‌ભાગ્યે તફાવત છે. હું ફેલુદાના સેટેલાઈટ સિવાય વધુ કશું જ થવા માગતો નથી.

ફેલુદાએ સિગારેટ ઍશ-ટ્રેમાં દાબી બેઠકખંડના ટેલિફોનમાં એક નંબર જોડ્યો. દસ સેકંડ પછી જ વાત : ‘કોણ–મિસ્ટર સમાદ્દાર ? જલદી ચાલ્યા આવો. અબઘડી જ—બામુનગાછિ જવાનું છે. હા, થઈ ગયું—બધુ જ સાફ, મેલોકોર્ડ...હા, મેલોકોર્ડ જ આપણા રહસ્યની મુખ્ય ચાવી છે.’ એ પછી ટેલિફોન મૂકી ગંભીર સ્વરે બોલ્યો : ‘એક રિસ્ક છે, હોં તોપસે; પણ એ લીધા વિના ચાલે એમ નથી.’

મણિબાબુનો ડ્રાઈવર ગુરુચરણ દેખાવમાં ભલે ઘરડો લાગતો હોય, પણ વી. આઈ. પી. રોડ પર પંચ્યાસી કિલોમીટર પર અવરની ઝડપે ભાગતો હતો. ફેલુદાનો ભાવ જોતાં લાગતું હતું કે હંડ્રેડ બંડ્રેડ હોત તો એ વધુ ખુશ થાત. એરપોર્ટ પછીના થોડાક રસ્તા પર માણસોની ભીડ હોવાથી સ્પીડ ઘણી ઓછી થઈ; પણ એ પછી ફરી સાઠે પહોંચી. જોકે રસ્તો એટલો પહોળો નહોતો, અને સાંજ પણ પડવા આવી હતી.

રાધારમણબાબુના ગેટ પાસે પહોંચતાં ફેલુદા બોલ્યો : ‘પહેરાવાળા લોકોને આવવાનો હજુ વખત થયો લાગતો નથી.’

ગેટમાં દાખલ થતાં જ જોયું કે બગીચામાં હાથમાં બંદૂક લઈને

સાધન ઊભો હતો. ગાડીમાંથી ઊતરીને જ ફેલુદા બાલ્યો : 'કેમ સાધન-બાબુ, આ સાંજના અજવાળામાં શાનો શિકાર કરો છો ?'

સાધન બાલ્યો: 'ચામાચીડિયાંનો.' રાધારમણબાબુના કૉમ્પાઉન્ડની બહાર એક પીપળાની ડાળીઓ પરથી કેટલાંક ચામાચીડિયાં લટકતાં હતાં એ તો ગાડીમાંથી ઊતરતાંની સાથે જ મારી નજરે પડયાં હતાં.

અનુકૂલને ગાડીનો અવાજ સંભળાતાં જ એ પોતાની ઓરડીમાંથી બહાર આવ્યો હતો. મણિબાબુ એને ફાનસ પેટાવવાનું કહી ઘરમાં પેઠા, અને અમે પણ એમની પાછળ પાછળ દાખલ થયા. એઈટ-ટુ-નાઈન-વનના નંબરવાળું તાળું ખોલતાં ખોલતાં મણિબાબુ બોલ્યા : 'રહસ્યનો શી રીતે ઉકેલ આવ્યો એ જાણવાને મન તલપી રહ્યું છે.' કેમ કે ફેલુદા આખે રસ્તે એક અક્ષરે બોલ્યો નહોતો. એટલે જેવી મણિબાબુની સ્થિતિ હતી તેવી જ મારી પણ હતી.

અંધકારમાં ઓરડામાં દાખલ થતાં જ ફેલુદાએ પોતાની ખૂબ જ પાવરફુલ ટૉર્ચનો પ્રકાશ ઓરડાની પશ્ચિમ દીવાલની નીચેની તરફ ફેંકયો. મારી છાતી તો ધડકી રહી હતી. પ્રકાશ સીધો જઈને ટેબલ પર મૂકેલા મેલોકોર્ડ પર જઈને પડયો. ચમકતી સફેદ પટ્ટીઓ જોઈ મનમાં થયું જાણે વાઘ દાંત કાઢી હસતું હતું. ફેલુદા ટૉર્ચને એમ જ પકડી રાખી બોલ્યો : 'ચાવી;—અંગ્રેજીમાં Key, બંગાળીમાં ચાવી. આ જે સફેદ ને કાળી પટ્ટી દેખાય છે એનું એક બીજું નામ થયું Key—ચાવી. અને એ જ ચાવીની વાત—'

આંખના પલકારામાં એક એવો બનાવ બની ગયો કે એ વિચારતાં અત્યારે પણ મારાં રૂવાંડાં ઊભાં થઈ જાય છે. મણિબાબુએ અચાનક વાઘની જેમ તરાપ મારીને મેલોકોર્ડ ઊંચકી લઈ એના વડે જ ફેલુદાના માથા પર જોરથી ફટકો માર્યો અને મને એક ધક્કે જમીન પર પાડી નાખી અધ્ધર શ્વાસે દરવાજા બહાર નીકળી ગયા !

ફેલુદાએ ફટકો માથે લાગે તે પહેલાં પોતાને બચાવવા ટૉર્ચ સાથે જ બંને હાથ માથા પર મૂકી દીધા હતા. તેથી જ લાગે છે એમને માથે ખાસ ફટકો બેઠો ન હતો. પણ તે છતાં ય હાથ પર માર લાગવાથી એની પીડાથી, મેં જોયું કે તે પલંગ પર બેસી પડયો હતો. હું પોતે પણ ભોંય પરથી ઊઠું ઊઠું ત્યાં જ કળાયું કે મણિબાબુએ બહારથી એઈટ-ટુ-નાઈન વનનું નંબરી તાળું બંધ કરી અમને પૂરી દીધા હતા.

મેં તો એ છતાં યે દોડીને ખભાથી એક ધક્કો બારણાને માર્યો, ત્યાં તો ફેલુદાનો અવાજ સંભળાયો: 'બાથરૂમ!' ત્યાં બહારથી ગાડી સ્ટાર્ટ થવાનો અવાજ, અને તરત જ 'ઠાંઇ' કરીને એક બીજો અવાજ !

અમે બંને વંટોળિયાની જેમ બાથરૂમાં જઈ જમાદારનું બારણું ખોલી બહાર ધસ્યા. બગીચામાં જ ધમાલ ! અનુકૂલનો અવાજ. અવનીબાબુનો અવાજ. મણિબાબુની ગાડી 'વાંઇ' કરીને દરવાજા બહાર નીકળી ગઈ. અમે સામેના બારણા પાસે પહોંચી ગયા.

એ કોણ બેઠું હતું કાંકરિયાળા રસ્તા પર ?! અવનીબાબુ ઘાંટા પાડતા હતા: 'આ શું કર્યું તેં સાધન ! આ શું કર્યું ? છી! છી! છી!'

સાધને એના તીણા છતાં ગંભીર સ્વરે ખૂબ જ ખીજવાઇ ને કહ્યું : 'એ તો દાદાનું વાજું લઈને ભાગી જતો હતો તે !'

ફેલુદા એવામાં બોલ્યો : 'એણે બરાબર કર્યું છે અવનીબાબુ! અપરાધીને એર-ગન વડે ઘાયલ કરી અમને મદદ જ કરી છે—જો કે ભવિષ્યમાં એણે જરાક સંભાળીને બંદૂક ચલાવવી જોઇશે...તમે હમણાં જ પોલીસ થાણે ફોન કરો તો. ગાડીનો પણ પીછો કરી પકડે—એનો નંબર છે ડબ્લ્યુ. એમ. એ. સિક્સ વન સિક્સ ફોર.'

અનુકૂલ અને ફેલુદાએ મળીને મણિબાબુને પકડી લીધા. તેમના કપાળની ડાબી બાજુએ બંદૂકનો છરો—ગોળી વાગી હોવાથી લોહી ટપકતું હતું. સજ્જન એકદમ મિયાંની મીંદડી થઈ ગયા હતા.

મેલોકોર્ડ મણિબાબુની પાસે જ કાંકરી પર પડયો હતો, મેં એને ખૂબ જ સાવધાનીથી ઊંચકી લીધો.

અમે ચારે જણ રાધારમણબાબુના પલંગ પાસે ગોળ થઈને ખુરશી પર બેઠા ચા પીતા હતા : ચાર જણ એટલે હું, ફેલુદા, અવનીબાબુ અને બારાસત થાણાના દિનેશ ગૂંઈ. લાગે છે એ ઈન્સ્પેકટર બિન્સ્પેકટર હશે. ઓરડાના એક ખૂણામાં તિજોરી પાસે બે જણા હતા. એક ઊભો હતો. એ હતો કૉન્સ્ટેબલ. અને બીજા ખુરશી પર બેધ્યાનપણે બેઠા હતા અપરાધી મણિમોહનબાબુ સમાદ્દાર, જેના કપાળ પર અત્યારે બૅન્ડેજ બાંધેલો હતો. એ ઉપરાંત સાધન પણ હતો. એ બારી પાસે ઊભો રહી બહારના અંધકાર ભણી જોઈ રહ્યો હતો. અમારા પાંચ જણની વચ્ચે ટેબલ પર મેલોકોર્ડ મૂકવામાં આવ્યું હતું. હવે ફેલુદા એનું રહસ્ય ખુલ્લું કરશે એવું લાગ્યું. ફેલુદાની કાંડા ઘડિયાળનો કાચ ભાંગી ગયો હતો, અને ડાબા હાથના કાંડાની ચામડી જરાક છોલાઈ ગઈ હતી.. રાધારમણબાબુના બાથરૂમમાંથી ડેટૉલ લઇને લગાડી ત્યાં એણે પોતાનો રૂમાલ બાંધી દીધો હતો.

હાથમાંનો કપ જમીન પર મૂકી ફેલુદાએ બોલવાની શરૂઆત કરી: 'મણિમોહનબાબુ પર મને શક પડયો આજે બપોરથી. પણ તેઓ જો કોઈ ખોટી ચાલ ન ચાલે તો એમને પકડવા મુશ્કેલ, કેમ કે એમની વિરુદ્ધ પ્રમાણનો અભાવ. તેથી જ જરાક રિસ્ક લઈ ને એમને મેં છૂટો દોર આપ્યો હતો. મારા પર અચાનક હુમલો કરી વાજું લઈ નાઠા એ એમની ખોટી ચાલ ઠરી. આખરે તો પકડાત જ, ભાગી ન શકત એ ખરું; પણ તેઓ આટલા જલદી કાબૂમાં આવ્યા એના માટેનું બધુ શ્રેય સાધનની એર-ગનને ફાળે જાય છે.

'મણિબાબુની એક વાતે મને જરાક પહેલાં ખટકો લાગ્યો. જ્યારે એમણે એ વાત કરી ત્યારે તો મને ખયાલ પણ નહોતો ગયો. એમણે કહ્યું કે પરમ દિવસે એમના પ્રેસમાં ઓવરટાઈમ કામ હતું તેથી એમને ઘેર પાછા આવતાં ખૂબ મોડું થયું હતું. પરમ દિવસે હતો સોમવાર, મને ખબર હતી કે જે લત્તામાં મણિબાબુનું પ્રેસ છે એ લત્તામાં સાંજે નિયમિત રૂપે લોડ-શેડિંગ હોય છે. મારો એક પ્રોફેસર મિત્ર એ જ લોકૅલિટીમાં રહે છે. આજ યુરેકા પ્રેસમાં ફોન કર્યો ત્યારે ખબર પડી કે એક તો સોમવારે સાંજ પછી લોડશેડિંગને લીધે કામ બંધ હતું, અને બીજું મણિમોહનબાબુ બપોર પછી તે દિવસે પ્રેસ પર ગયા જ નહોતા ! આ જુઠ્ઠાણાથી મને મનમાં ખટકો લાગ્યો...અને પછી શક પડયો કે એમણે જે રાધારમણબાબુની આખરી વાત કહી હતી તે સાચી હતી ખરી ? રાધારમણબાબુના મૃત્યુ સમયે મણિબાબુ સિવાય પણ એક વ્યક્તિ ત્યાં હાજર હતી. તે હતા ડૉકટર ચિતામણિ બોત્ર. તેમને ફોન કરતાં ખબર પડી કે મણિબાબુ પૂરેપૂરું સત્ય નહોતા બોલ્યા. રાધારમણની એક વાત છુપાવી હતી. રાધારમણ અસલમાં બોલ્યા હતા : 'ધરણી...મારા નામે...ચાવી...ચાવી...' ધરણી તો રાધારમણનો પૌત્ર થયો. મરતાં પહેલાંની થોડી ઘડીમાં તેઓ પોતાના પૌત્રને મનથી કંઈ કહેવા માગતા હતા—ભત્રીજાને નહિ. ભત્રીજાને તો વખતે એ સ્થિતિમાં ઓળખી યે નહિ શકયા હોય. ભલે દેખાવમાં બહારથી પોતાના પૌત્ર સાથે સંબંધ નહોતો રહ્યો. પણ મનમાંથી પૌત્ર પરનો સ્નેહ વિલાયો નહોતો. તેના અભિનયની પ્રશંસા છાપામાં આવતાં જ તેઓ એને કાપીને રાખતા. અને જે વાત તેઓ પોતાના પૌત્રને કહેવા માગતા હતા એ સાંભળી ગયો એમનો ભત્રીજો ! 'ચાવી' શબ્દ સાંભળતાં જ મણિમોહન સમજી ગયા કે આ ધનદોલતની વાત છે, પણ અંતે ચાવીથી તો કંઈ નીકળ્યું યે નહીં ને વળ્યું યે નહિ. તેથી મણિબાબુને ડિટેક્ટિવ ફેલુ મિત્તિર પાસે આવવું પડયું. મતલબ તો એ જ કે હું એમને પૈસા શોધી આપું ને તેઓ તક મળતાં જ તે હડપ કરી જાય! વિલ (અનુ. પૃ. ૨૪)

પૃથ્વીના પેટાળમાં સતત ક્રિયાશીલ મહાવિનાશક પ્રચંડ પ્રક્રિયા ધરતીકંપ

છેલ્લા એક જ વર્ષના ગાળામાં પૃથ્વી પર પંદર જેટલા મોટા ધરતીકંપ થયા, જેમાં ગ્વાટેમાલા, ચીન, ઈટાલી, તુર્કસ્તાન વગેરેની હોનારતો નોંધનીય છે. હજારો માણસો એમાં માર્યા ગયા, એથી વધુ ઘાયલ થયા ને તેથી યે વધુ બેઘર બન્યા. કરોડોનું નુકસાન થયું તથા આ બધાં કારણોને લીધે ઊભા થએલા અનેક પ્રકારના પ્રશ્નો તો વળી જુદા. આ ઉપરાંત બીજા નાના નાના ભૂકંપો પણ ખરા જ. પૃથ્વી પર આમ રોજ ક્યાંક ને ક્યાંક ધરતી કંપતી જ રહે છે. એમાં કેટલાંક કંપનો તદ્દન નબળાં હોઈ નગણ્ય હોય છે તો કેટલાક ભૂકંપ દૂરદૂર મહાસાગરના ઊંડા પેટાળમાં થતા હોઈ એ મોટા હોય તો યે ભૂમિ પર ખાસ કશું નુકસાન કે ફેરફાર થતા નથી. છેક પ્રાગૈતિહાસિક કાળના ધરતીકંપો બાદ કરીએ તો યે નોંધાએલા ઇતિહાસમાં ભૂકંપ તથા એના કારણે ફેલાતી આગ, જળરેલ કે જમીન પરના એકાએક થએલા ફેરફારથી અત્યાર સુધીમાં કરોડો જીવ નાશ પામ્યા છે, જળના સ્થાને સ્થળ કે એથી ઊલટા ભૂસ્તરીય ફેરફારો થયા છે, દરિયામાં ક્યાંક નવા ટાપુ ઊપસી આવ્યા છે કે ક્યાંક જમીન સાગરમાં ગરક થઈ એનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું છે, નવા પર્વતો કે નવાં સરોવરો પણ ભૂકંપને કારણે પ્રકટ થયાં છે. આમ, ધરતીકંપને કારણે પૃથ્વીનું સ્વરૂપ બદલાતું રહે છે.

ધરતીકંપનાં કારણ

યુદ્ધ અને રોગચાળાની જેમ ધરતીકંપ પણ વ્યાપક જીવસંહાર કરનારું એક મહાવિનાશક કુદરતી બળ છે. પૃથ્વીની સપાટી ઠરીને એનો પોપડો બંધાયો ત્યારથી ભૂકંપની પ્રક્રિયા સતત ચાલતી જ રહી છે. પૃથ્વીના કદની સરખામણીમાં તો ઈંડાના કોચલા જેવા પાતળા એના આ પોપડા ઉપર જ વિશાળ-વિસ્તૃત પર્વતમાળાઓ, જંગલો, જળાશયો, શહેરો અને જીવસૃષ્ટિ છે. આ પોપડાનો જે ભાગ મહાસાગરોની નીચે ડૂબેલો છે ત્યાં પણ પર્વતમાળાઓ ને ઊંડી ખીણો છે. પૃથ્વીના આ છેક ઉપરના સ્તરની નીચેના ભૂગર્ભમાંથી લાવા અને વાયુનું પ્રચંડ દબાણ થતાં આ થરની સપાટી જ્યાં નબળી હોય ત્યાં ભાંગી પડે છે. પરિણામે એનો કોઈ ભાગ ઊંચકાઈ આવે છે તો કોઈ નીચે બેસી પડે છે. ક્યાંક ફાટ પડી એમાંથી લાવારસ વહેવા લાગે છે. આમ ભાંગેલા ને અસ્તવ્યસ્ત થએલા થરને 'સ્તરભંગ' (fault) કહે છે. આવા ભાગોમાં ધરતીકંપો થવાની શક્યતા વધુ રહે છે.

ધરતીકંપને પાત્ર આવા સપાટ કે પર્વતમય વિસ્તારો ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ નવા જ છે, એટલે કે હિમાલયની જેમ છસાત કરોડ વર્ષ પહેલાં કે રૉકીઝ યા ઍન્ડીઝ પર્વતોની પેઠે સાતથી તેરેક કરોડ વર્ષ પહેલાં જ તે રચાએલા છે. એની તળેના ભૂસ્તર હજી થાળે પડેલા નથી, એટલે તેની નીચે ભૂગર્ભમાં કંઈ ને કંઈ હલચલ થતી જ રહે છે, ને એના પરિણામે ધરતીકંપ થતા રહે છે. ભારતની ઈશાને હિમાલયની પર્વતમાળા દક્ષિણ તરફ જે એકદમ વળાંક લે છે તેની નીચેના પેટાળમાં સ્તરભંગ થએલા છે અને એટલે જ આસામમાં મોટા ધરતીકંપો થતા રહ્યા છે. અમેરિકામાં સાનફ્રાંસિસ્કો શહેર પણ એક વિશાળ સ્તરભંગ પર વસેલું હોઈ ત્યાં પણ અવારનવાર ભૂમિ કંપવાનો અને ઈ. ૧૯૦૬માં પ્રચંડ ભૂકંપ અને એના પરિણામે આગ ફાટી નીકળીને લગભગ આખું શહેર તારાજ થઈ ગયાનો ઇતિહાસ જાણીતો છે. ભૂસ્તરશાસ્ત્રીઓ ધરતીકંપની પ્રક્રિયાને 'પ્લેઈટ ટેક્ટોનિક્સ નામે ઓળખાવે છે. દરિયાના તળ સહિત પૃથ્વીની તદ્દન ઉપરની જમીન જેના પર છે એવા થરના અતિ વિસ્તૃત અને સિત્તેરેક માઈલ જાડા પોપડાના ભાગ—પ્લેઈટ્સ છે, જે એની નીચેના 'મૅન્ટલ' તરીકે ઓળખાતા અતિ ઘટ્ટ એવા તરલ સ્તર ઉપર તરે છે. આ પ્લેઈટમાં જ્યારે કંઈ હલચલ થાય ત્યારે એનાથી ઉપરની ધરતી ધ્રૂજે છે. એશિયા ખંડ તળેની આવી પ્લેઈટના ખસવાથી અનેક નવા ટાપુઓ અને હિમાલયની પર્વતમાળાનું સર્જન થયું છે.

દરિયામાં પણ ધરતીકંપ


ધરતી પરના ભૂકંપો જેટલા જ ભયાનક કંપનો મહાસાગરના પેટાળમાં પણ થતા જ રહે છે, પરંતુ એ દરેક વખતે જમીન પર વસતા આપણને એની વિનાશક અસર જણાતી નથી, અને જે કઈ અસર વરતાય છે તે યે સાગરકાંઠાની ભૂમિ પર જ જણાય છે.

ઉત્તર મહાસાગરમાંથી આટલાંટિક મહાસાગરમાં થઈ પૂર્વમાં હિંદી મહાસાગરમાં ફંટાઇને પ્રશાંત મહાસાગર સુધી લંબાતી એક અતિ વિસ્તૃત પર્વતમાળ ને ફાટ દરિયાના તળ પર છે, જે ઉત્તર ધ્રુવ, આટલાંટિક ને હિંદી મહાસાગરના પેટાળમાં થતા ભૂકંપોની જનક છે. ભારતથી દક્ષિણ ધ્રુવખંડ સુધી આવી એક બીજી પર્વતમાળ ને ફાટ પણ સાગર તળે છે. એ પહેલીના જેટલી લાંબી તો નહિ, પણ એના કરતાં વધુ પહોળી ને ઊંડી છે. એ પણ ભૂકંપને પાત્ર છે. પ્રશાંત મહાસાગરમાં દ૦ અમેરિકા પાસે ને ઉત્તરમાં આલાસ્કા પાસે સમુદ્રનું તળ એકદમ સીધી દીવાલ જેમ વીસ હજાર પાંત્રીસ ફૂટ ઊંડું ઊતરી ગએલું છે. આ દરિયાઈ કોતરોમાં યે પૃથ્વીનો પોપડો બહુ પાતળો હોઈ તે પણ દરિયાની અંદરના ધરતીકંપોનાં ઉદ્ભવસ્થાનો છે.

ત્સુનામી

મહાસાગરોમાં દૂર દૂર ઊંડે એના પેટાળમાં થએલા ભૂકંપથી જમીન પર સીધું નુકસાન નથી થતું, પણ એના આઘાતથી પાણીમાં મોજાં ઉત્પન્ન થાય છે. મધદરિયે તો આ મોજાં ખાસ કળી શકાતાં નથી, પણ ફેલાતાં ફેલાતાં એ જ્યારે કાંઠા નજીક આવે ત્યારે જેમ જેમ પાણી છીછરું આવે એમએમ એ મોજાં ઊંચકાય છે ને એની ઊંચાઈ વધે છે. પણ એનું બળ ઊંચાઈમાં નહિ પરંતુ એના વેગમાં હોય છે. જાપાનમાં આવાં મોજાંને 'ત્સુનામી' (Tsuamis) કહે છે. એની વિનાશકતાનો જાપાનને અનેક વાર અનુભવ થયો છે. ને કદાચ એથી આ ભૂકંપ-જનિત સાગરમોજાંનું એ જાપાની નામ જ બધે સ્વીકારાઈ ગયું છે. પ્રશાંત મહાસાગરની કંઠારના પ્રદેશોને ત્સુનામીનો વિશેષ ભય રહે છે, કારણ આ મહાસાગરમાં અવારનવાર ભૂકંપોથી ત્સુનામી વારંવાર પ્રકટે-પ્રસરે છે. ઈ. ૧૮૬૮ અને ૧૮૭૭માં ઉત્તર ચિલીની કંઠારનાં અનેક ગામો ત્સુનામીનો ભોગ બન્યાં હતાં. ઈ. ૧૮૮૩માં ક્રકતાવનો જ્વાળામુખી ફાટતાં ને એથી થએલા ખળભળાટથી પ્રકટેલા ત્સુનામીએ ઈસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાં ૩૬૦૦૦ માણસોનો ભોગ લીધો હતો. ઈ. ૧૮૯૬માં જાપાનના ૨૭૦૦૦ લોકો અને ૧૯૩૩માં ૧૦૦૦ માણસો તથા એ ઉપરાંત પણ અવારનવાર સેંકડો જાપાનીઓ ત્સુનામીથી માર્યા ગયા છે. સમુદ્રીભૂકંપની આવી વિનાશક અસરની જૂનામાં જૂની પ્રાપ્ય નોંધ ૩૫૮ની છે. ત્યારે ભૂમધ્ય સમુદ્રમાં પ્રકટેલું ત્સુનામી મોજું અનેક ટાપુઓ પર ફરી વળવા સાથે ઘણા દેશોની કંઠારે પહોંચેલું ને ઇજિપ્તના ઍલેક્ઝાંડ્રિયા બંદરમાં એણે પોતાના બળથી નૌકાઓને ઉપાડીને ગામનાં મકાનો પર ચડાવી દીધેલી તથા હજારો માણસો ને જાનવરોને તાણી ગએલું.

મધદરિયે જ્યાં ત્સુનામી પ્રકટે ત્યાં તેની ઊંચાઈ એકાદ-બે ફૂટની જ હોય છે, પણ એના ચડાવઉતારની વચ્ચે ક્યારેક તો સોએક માઈલ જેટલું અંતર હોય છે. એ વખતે એ વિસ્તારમાં તરતા જહાજમાં પણ એની કોઈ અસર વરતાતી નથી. વિમાનમાંથી યે એ કળી શકાતું નથી. પણ એનો ઘસારો દરિયામાં ઊંડે સુધી પ્રભાવક હોય છે ને એનો



ધરતીકંપને પાત્ર દુનિયાના વિસ્તાર આ નકશામ સફેદ પટ્ટા વડે દર્શાવ્યા છે, એનો જરા ઝીણવટથી અભ્યાસ કરતાં જણાશે કે જ્યાં સમુદ્ર ઘણો ઊંડો છે ને તેના તળિયાનું ભૂસ્તર ઘણું પાતળું યા ભંગાણવાળું છે ત્યાં ને જ્યાં ઊંચી પર્વતમાળાઓ ઊંચકાએલી હોઈ તેની નીચેનું ભૂસ્તર અસ્તવ્યસ્ત છે તેવા ભાગોમાં ધરતીકંપ વિશેષ થાય છે. યુરોપ-એશિયાને આવરી લેતો આવો એક પટ આટલાંટિક મહાસાગરથી આરંભાઈ દ. સ્પેઈન, ઈટાલી, યુગોસ્વાલિયા, ગ્રીસ, રૂમાનિયા, બલ્ગેરિયા, તુર્કી, ઈરાક, ઈરાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, કાશ્મીરથી આસામ સુધીનો હિમાલય, હિંદુકુશ, કારાકોરમ, તિબેટ, બ્રહ્મદેશ, સિયામ, હિંદી ચીન, અગ્નિ એશિયાના દેશો સુધી ફેલાએલો છે. પ્રશાંત મહાસાગરની પૂર્વ-પશ્ચિમ બંને કંઠાર પરના દેશો પણ ધરતીકંપને પાત્ર છે. (I. ભૂકંપના સંદર્ભમાં ભારતના ત્રણ ભાગ પડે છે. એક ભાગમાં ઓખાથી કચ્છ, પાકિસ્તાન, સમગ્ર હિમાલય અને એની તળેટીનો પ્રદેશ આવે છે. ગંગા-બ્રહ્મપુત્રાના તટ-પ્રદેશ સહિતનો આ બધો ભાગ વધુમાં વધુ ભૂકંપને પાત્ર ગણાય છે. આ પ્રદેશોમાં થએલા ભૂકંપો એની સાક્ષી પૂરે છે. ત્રીજો વિસ્તાર દક્ષિણ ભારતના ઠરી ગએલા લાવાના નક્કર પોપડાનો બનેલો હોઈ અહીં ભૂકંપના બનાવો બહુ જ ઓછા બને છે. એથી જ કોયનાનો ૧૯૬૭નો ભૂકંપ એક આશ્ચર્ય બની રહેલો. આનું કારણ પશ્ચિમ ઘાટની પર્વતમાળાના સર્જક સ્તરભંગને ગણવામાં આવે છે. ખંભાતના અખાતમાં તેલની શોધ દરમિયાન દસેક હજાર ફૂટ ઊંડે કેટલાક સ્તરભંગ મળી આવેલા. એની નીચેના લાવારસ પર આ સ્તરભંગો સરકે છે ત્યારે ભૂકંપ થાય છે. પણ અહીં આવું વારંવાર નથી થતું. તાપી નદીના મુખ પાસેથી આ સ્તરભંગ આરંભાય છે. લક્ષદ્વીપ ટાપુઓ પણ સ્તરભંગ પર જ છે અને મુંબાઈ અને દમણની વચ્ચે ઊપસી આવેલો પોપડો પણ સ્તરભંગને કારણે જ છે, પરંતુ અહીં મોટા ધરતીકંપ ભાગ્યે જ થાય છે. દક્ષિણ ભારતના ઉચ્ચ પ્રદેશનો પટ દસેક હજાર ફૂટ જાડા લાવારસનો બનેલો છે.

વેગ કલાકના પાંચસો માઈલથી યે વધુ હોય છે. પ્રારંભમાં નગણ્ય ઊંચાઈનાં આ મોજાં કંઠારના ઢાળ પર ઊંચકાઈને નેવું ફૂટથી યે વધુ ઊંચાં બની જઈ જમીન પર ધસી આવે છે. ઈ. ૧૭૫૫માં પોર્ટુગાલના પાટનગર લિસ્બનનો નાશ કરનાર ધરતીકંપે ઉપજાવેલા ત્સુનામીએ આટલાંટિક મહાસાગરને બીજે છેડે માત્ર સાડાનવ કલાકમાં પહોંચી જઈને ઈસ્ટ ઇંડીઝ ટાપુઓના કાંઠે ચડી જઈ ભયંકર ખુવારી કરી હતી.

ત્સુનામીના હુમલાની એક બીજી લાક્ષણિકતા પણ છે. કંઠાર પર એ ધસી આવવાનું હોય તેની અગાઉ થોડા સમય પહેલાં કાંઠા પરનું સાગરજળ એકદમ પાછું ખેંચાઈ જાય છે. આથી કિનારે લાંગરેલાં જહાજો સમુદ્રકંઠારના તળિયે ઊતરી ત્યાં ખોડાઈ જાય છે. આ પછી એકદમ ત્સુનામી આવે છે ને એનાં પાણીનો પ્રચંડ પ્રવાહ એ જહાજો કે મોટી આગબોટોને પણ ઉપાડી લઈને કાંઠા પર ચડાવી દે છે, અને સમગ્ર કંઠારને ડુબાડી દે છે. પછી જ્યારે એ પાછું વળે ત્યારે મકાનો ને જહાજો તથા માણસો વગેરે બધું જ દરિયામાં ખેંચી જાય છે. ઈ. ૧૮૬૮માં દ. અમેરિકાના કાંઠે એક પ્રચંડ ધરતીકંપને કારણે ત્સુનામી ચડી આવતાં પહેલાં કંઠાર પરથી પાણી ૫૦ ફૂટ ઊંડાઈ સુધી પાછું ખેંચાઈ ગએલું ને પછી ત્સુનામીએ ત્યાં કાદવ રેતી પર બેસી ગએલાં જહાજોને ઊંચકીને કિનારા પર પા માઈલ દૂર સુધી ચડાવી દીધાં હતાં.

કુદરતની આ અજબ પ્રક્રિયાને નહિ જાણનારા લોકો દરિયાકાંઠેથી એકદમ પાણી ખસી જતાં કુતૂહલવશ એ જોવા દોડી જાય છે, ને પછી ત્સુનામી ધસી આવતાં એમાં તણાઈ મરે છે. ઈ. ૧૯૪૬માં હવાઈ ટાપુઓ પર આવી રીતે અનેક લોકો માર્યા ગએલા. એ વખતે પ્રથમ કાંઠેથી પાણી ૫૦૦ ફૂટ પાછું ખેંચાઈ ગયું, ને પછી જે પ્રચંડ મોજું આવ્યું તેની સાથે તણાઈ આવેલી ભેખડોના મારાથી મકાનો ભાંગીને તણાઈ ગયાં. આ ટાપુથી બે હજાર માઈલ દૂર એલ્યુશિયન ટાપુઓ પાસે થએલા ધરતીકંપનું એ પરિણામ હતું.

સામાન્ય દરિયા-મોજાં અને ત્સુનામીમાં મુખ્ય તફાવત એ છે કે પહેલા પ્રકારનાં મોજાં માત્ર પાણીની સપાટી પર જ જણાય છે, જ્યારે ત્સુનામીનું દબાણ દરિયામાં બહુ ઊંડે સુધી વરતાય છે. આ દબાણ પર ચોકી રાખતાં યંત્રોની શોધથી હવે ત્સુનામીની આગાહી થઈ શકે છે, અને એ કંઠાર પરની જીવહાનિ ઘટાડી શકાય છે.


આગળનાં સાધનો

પ્રશાંત મહાસાગરની કંઠારો પર ત્સુનામીનો વિશેષ ભય રહેતો હોઈ ઈ. ૧૯૪૮માં હવાઈ ટાપુ પર એની આગાહી માટે એક મથક સ્થપાયું છે. એ પછી ૧૯૫૨ના કામચાટ્કા, ૧૯૫૭ના એલ્યુશીઅન્સ, ૧૯૬૦ના ચિલી અને પેરુ તથા ૧૯૬૪ના આલાસ્કાના ભૂકંપ અને એથી પ્રકટેલા ત્સુનામીથી થએલી ખુવારી બાદ હવે તો પંદર દેશોના આંતરરાષ્ટ્રીય સહકારના ધોરણે હોનોલુલુમાં એની આગાહી અંગે મુખ્ય કેન્દ્ર સ્થપાયું છે, જેની દોરવણી તળે અનેક કેન્દ્રો પ્રશાંત મહાસાગરમાં થતા ધરતીકંપો અને એથી પ્રકટનારા સંભવિત ત્સુનામી પર નજર રાખે છે, ને એવી શક્યતાઓની આગોતરી ગણતરી કરતાં રહે છે.

ઈ. ૧૭૫૫માં લિસ્બનના વિનાશ વખતે ધરતીકંપ વિષે માણસનું જ્ઞાન બહુ ઓછું હતું. પણ એ પછી આ વિનાશક કુદરતી આફત અંગેનો અભ્યાસ વધવા લાગ્યો. પરિણામે આજે તો દુનિયામાં ક્યાંય પણ ધરતીકંપ થાય તો તે ક્યાં થયો છે ને એ કેટલો ગંભીર છે તથા તેનું ઉદ્ભવ-કેન્દ્ર પૃથ્વીના પેટાળમાં ક્યાં હતું અને એની અસર ક્યાં ક્યાં પહોંચી છે એ જાણી શકાય છે. આ માટે સાઈસ્મોગ્રાફ ઉપરાંત અન્ય અનેક સાધનો અને લાસર કિરણોનો પણ ઉપયોગ થાય છે. આવી જ રીતે ભૂગર્ભમાં કોઈ અણુવિસ્ફોટનો પ્રયોગ કરે તો એની પણ જાણ થઈ શકે છે અને આ જ રીતે કૃત્રિમ ભૂકંપ કરીને ધરતીના પેટાળમાં તેલની શોધ પણ કરવામાં આવે છે, અને ભૂસ્તરની તપાસ પણ.

આપણે જાણીએ છીએ કે આઘાતથી ઉત્પન્ન થતાં મોજાં જુદી જુદી ઘનતા ધરાવતા પદાર્થોમાંથી જુદી જુદી રીતે પસાર થાય છે. અમુક રીતે પ્રકાશનાં મોજાંને મળતી આ પ્રક્રિયા છે. કૃત્રિમ ભૂકંપ દ્વારા પ્રસરતાં મોજાં તેલ અને ગૅસ ભરેલા ભૂસ્તરમાંથી ભિન્નભિન્ન રીતે પસાર થાય છે, તેમ જ પૃથ્વીના કઠણ પોપડાના વિવિધ સ્તરો તથા એ બધાની તળેના લાવારસ વગેરેમાંથી યે જુદી જુદી રીતે પસાર થાય છે. આના અભ્યાસ પરથી આપણને પૃથ્વીના પેટાળમાં ક્યાં શું છે તેની જાણ થાય છે.

પણ ધરતીકંપના અભ્યાસનો મોટો યશ યુગોસ્લાવિયાના વિજ્ઞાની મિ. મોહોરોવિક (Mohorovic)ને ઘટે છે. એણે જ જીવનભર ધરતીકંપનાં મોજાંનો અભ્યાસ કરીને તારવ્યું કે આ મોજાં ભૂગર્ભમાં પેદા થયા પછી પૃથ્વીના સમગ્ર ગોળામાં ફરી વળે છે. આ મોજાંને 'દાબમોજાં'



પૃથ્વીનું અંતરાલ ખરેખર કેવું છે એ તો હજી યે કોઈ જાણતું નથી, પણ એના વિષે જે કંઈ જ્ઞાન છે તે પ્રમાણે સાગરતળ સાથેનો સૌથી ઉપરનો ભૂ-સ્તર ચારથી માંડી ત્રીસેક માઈલ જેટલો જાડો છે. પૃથ્વીના કદના પ્રમાણમાં તો એ ઈંડાની કાચલી જેટલો ગણાય. આમાંયે દરિયાની સપાટી પરના જમીનના ૧/૩ ભાગની જેમ દરિયાના તળનો ભાગ પણ અનેક ઊંચી પર્વતમાળાઓ ને ઊંડી ખીણોવાળો છે. એમાં ડૂબેલાં પર્વતશિખરો હિમાલયનાં સર્વોચ્ચ શિખરોથી પણ ઘણાં વધુ ઊંચાં છે. એમાં જ્વાળામુખીઓ પણ છે અને ત્યાં પણ ધરતીની ઊથલપાથલ થતી રહે છે. એની યે નીચે ૧૮૦૦ માઈલ જેટલે ઊંડે સુધી પૃથ્વીના દ્રવ્યના મોટા ભાગનો સમાવેશ કરતો લાવારસ વગેરેનો જે સ્તર છે તેમાંથી પણ ધરતીકંપનાં મોજાં પસાર થઈ શકતાં હોઈ અનુમાન થાય છે કે આની ઉપરના સ્તરના અત્યંત ભારે દબાણને કારણે એ બધું દ્રવ્ય અત્યંત ઉષ્ણ હોવા છતાં પ્રવાહી નહિ, પણ લગભગ ઘન સમ સ્થિતિમાં મૃદુ દ્રવ્ય જેવું હશે. આની ઉપર પૃથ્વીનો જે ઘન પોપડો છે તે મુખ્યત્વે ગ્રેનાઈટ નામના આદિ ખડકોનો બનેલો છે જે મોટે ભાગે ભૂમિતળના પેટાળમાં રહેલો છે. આની ઉપર જ્વાળામુખીના લાવારસથી બનેલા બેસાલ્ટ નામના ખડકો આવેલા છે ને તેના ઉપર જલકાર ખડકો છે. આ ભૂકવચના સ્તરો પણ અવારનવાર ઊંચાનીચા થતા હોઈ કેટલાક પ્રદેશોમાં સામસામાં દબાણને કારણે જમીનના સ્તરો ઊંચકાઈને પર્વતો રચાયા છે. આમ, નિશ્ચલ દેખાતા ભૂકવચમાં પણ ઊથલપાથલ થતી રહે છે. આને કારણે ધરતીકંપો થાય છે અને જ્વાળામુખીઓ નવા ખડકોને જમીન ઉપર લાવે છે. પૃથ્વી પર આમ સતત ફેરફાર થતા જ રહે છે.

કહે છે. ભૂગર્ભમાં ઓછા ઘટ્ટ પદાર્થના પોપડામાં પ્રવેશતાં અને એમાંથી બહાર નીકળતાં એ વંકાઈ જાય છે. પણ તદ્દન ઘટ્ટ પોપડાની ધારેથી એ મોજાં પરાવર્તિત થઈને અન્યત્ર દૂરદૂર સુધી પહોંચે છે. આ પરાવર્તિત મોજાંને 'સેકન્ડરી' ('S') મોજાં કહે છે. દુનિયામાં વિવિધ સ્થળે રાખેલાં સાઈસ્મોગ્રાફોમાં આ બધાં મોજાંની નોંધ થાય છે ને એના અભ્યાસની તારવણી અરસપરસ સરખાવીને ધરતીકંપના મૂળ કેન્દ્રસ્થાનનો અંદાજ કાઢવામાં આવે છે, તથા એની અસર ક્યાં ક્યાં પહોંચી તે નક્કી કરાય છે.

મોહોરવિકના તારણ પ્રમાણે ધરતીકંપનાં મોજાંના પરાવર્તનનું કારણ એ નક્કી થયું કે એને વચ્ચે કોઈક અંતરાય નડે છે. આ પરથી અનેક વિજ્ઞાનીઓએ જુદીજુદી ઘનતાવાળા અનેક પદાર્થોમાંથી મોજાં પસાર કરીને અંતે એવું તારવ્યું કે પૃથ્વીના કેન્દ્રમાં લોહ ને નિકલ ધાતુરસનો ગોળો છે, જે એની ઉપરના સ્તરોના પ્રચંડ દબાણને કારણે ઘન રૂપ બની ગએલો છે. આની ઉપર પીગળેલા ધાતુરસનું, અને એની ઉપર લાવારસનું, તથા તેની યે ઉપર જમીનના ઠરી ગએલા સ્તરનું એમ ત્રણ આવરણ છે. પોતાની ઉપરના ભારે દબાણને કારણે ભુગર્ભના રસસ્તરો તરલ રહી શકતા નથી. પણ એના દબાણથી જો ઉપરની ધરતીનો કોઈ નબળો ભાગ ઊડી જાય તો એની પરનું દબાણ ત્યાંથી ખસી જતાં ઘન સમ એ લાવા ખરેખર પ્રવાહી રૂપે બહાર ધસી આવે છે ને ચોપાસ વહેવા લાગે છે. ધરતીકંપ અંગેની મોહોરવિકની શોધખોળની આડપેદાશ રૂપે પૃથ્વીના ભૂગર્ભનું આવું અતિ મહત્ત્વનું જ્ઞાન પણ લભ્ય બન્યું છે, જેનાથી સાબિત થયું કે ચાળીસેક માઈલ ઊંડે સુધી જ પૃથ્વીનું બાહ્ય ઠરેલું આવરણ છે (જો કે જેમજેમ ઊંડે જઈએ તેમતેમ એ પણ ગરમીથી વધુ ને વધુ ધગધગતું છે) ને એ પછી લાવાનો સ્તર—મૅન્ટલ શરૂ થાય છે. આ બંને સ્તરની મિલનસીમાને મોહોરવિકના માનમાં 'મોહો' (Moho) કહેવામાં આવે છે.

લાવારસનો મૅન્ટલ સ્તર ૧૮૦૦ માઈલ ઊંડે સુધી પહોંચે છે. ત્યાં દર ચોરસ ઇંચે ૧,૬૯,૫૦,૦૦૦ રતલનું દબાણ લાગે છે. આટલા દબાણ ઉપરાંત ત્યાં ૩૮૭૦° સેન્ટીગ્રેડ જેટલું ઉષ્ણતામાન હોય છે. આટલા ઉષ્ણતામાન ઉપર જો આટલું દબાણ ન હોય તો તેમાં કોઈ પણ ધાતુ પીગળીને વહેવા લાગે ને કોઈ પણ ખડક બળીને વાયુ થઈ ઊડી જાય. વળી આ રસોમાં વાયુઓ પણ પીગળીને પુરાએલા છે. જ્યારે જ્વાળા-

---

ભૂકંપથી થએલી જાનહાનિ પર એક ઉપલક દૃષ્ટિપાત

છેક ઈ. પૂર્વે ૭૮૦મા વર્ષથી ચીનમાં ધરતીકંપની નોંધ રખાતી આવી છે. પ્રાપ્ય માહિતી પ્રમાણે ઈ. ૧૫૫૬ની ૨૪મી જાન્યુઆરીએ ચીનમાં થએલા એક ધરતીકંપમાં ૮,૩૦,૦૦૦ માણસો માર્યા ગએલા. અલબત્ત, આ સંખ્યા એ સમયની વસતિસંખ્યાના સંદર્ભમાં જોવી જોઈએ. આજે જો આવો જ ધરતીકંપ થાય તો એથી યે અનેકગણા લોકો માર્યા જાય. પાછલી પોણી સદીના જ મોટા ધરતીકંપો જોઈએ તો માત્ર ભૂકંપને કારણે જ—(નીચે પ્રથમ સાલ, પછી દેશ અને પછી જાનહાનિના આંકડા છે.)

૧૯૦૮	ઈટાલી	૭૩,૦૦૦	૧૯૩૫	પાકિસ્તાન	૪૦,૦૦૦	૧૯૬૩	યુગોસ્લાવિયા	૧,૨૦૦
૧૯૧૫	ઈટાલી	૨૯,૦૦૦	૧૯૩૯	તુર્કસ્તાન	૨૩,૦૦૦	૧૯૬૬	તુર્કસ્તાન	૨,૫૦૦
૧૯૨૦	ચીન	૧,૮૦,૦૦૦	૧૯૫૩	ગ્રીસ	૩,૦૦૦	૧૯૬૮	ઈરાન	૧૨,૦૦૦
૧૯૨૩	જાપાન	૧,૪૩,૦૦૦	૧૯૬૦	મોરોક્કો	૧૦,૦૦૦	૧૯૭૦	પેરૂ	૫૨,૦૦૦
૧૯૨૭	ચીન	૨,૦૦,૦૦૦	૧૯૬૦	ચિલી	૫૭૦૦	૧૯૭૨	ઈરાન	૫,૪૦૦
૧૯૩૨	ચીન	૭૦,૦૦૦	૧૯૬૨	ઈરાન	૧૨,૨૦૦	૧૯૭૨	નિકારાગુઆ	૫,૦૦૦

આ પછી આ વર્ષના ગ્વાટેમાલા, ચીન અને તુર્કસ્તાનના ધરતીકંપોમાં પણ આવી જ મોટી જીવહાનિ થઈ. આ ઉપરાંત, ઘાયલ થનારા, ઘરબાર વિનાના થઈ પડનારા તથા સંપત્તિના નાશને કારણે રખડી પડનારા, લોકો તો જુદા. એક જ ધરતીકંપ પલકમાત્રમાં કેવી વિનાશકતા સર્જે છે! માનવીની સદીઓ જૂની સરજતને એ ક્ષણ માત્રમાં પૃથ્વીના પટ પરથી ભૂંસી નાખે છે. આ બધા ધરતીકંપો મિનિટ બે મિનિટમાં જ આવો મહાવિનાશ સર્જે છે. મહાયુદ્ધ કે રોગચાળા કરતાં યે ભૂકંપ વધુ તારાજી લાવે છે અને માનવી એની સામે કશું જ કરી શકતો નથી. અરે, ભૂકંપની સચોટ આગાહી કરવા જેટલી સ્થિતિએ પણ એ હજી પહોંચી શક્યો નથી. પૃથ્વીની સપાટી પરનું ભૂપૃષ્ઠ રચાયું ત્યારથી સતત ચાલતી રહેલી એના પેટાળની આ પ્રક્રિયા સામે એ જો કંઈ કરી શકે તેમ હોય તો તે એટલું જ કે એ એની સાથે જ જીવતાં શીખી લે. ભૂકંપ ઓછામાં ઓછી તારાજી લાવી શકે એવી શોધો એ કરે, કારણ પૃથ્વીના અંત સુધી ભૂકંપને રોકી શકે એવી કોઈ જ તાકાત નથી.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર—૭૨

વાના રોગો

શિયાળામાં વા એટલે કે વાયુના રોગ બહુ પીડે છે. વાતવર્ધક આહાર-વિહારથી શરીરમાં વાયુનો પ્રકોપ થવાથી આ રોગો સંભવે છે. વાના રોગોમાં મુખ્યત્વે પીડા હોય છે. કેડનો દુખાવો, ટચકિયું, પગની તૂટ, સંધિવા, આમવાત, ગઠિયો વા, મોંનો લકવો, રાંઝણ, પક્ષાઘાત, બાળલકવો (પોલિયો) વગેરે વાના રોગોમાં સમાવી શકાય. વૃદ્ધાવસ્થામાં આ રોગોની પકડ મજબૂત બનતી હોય છે.

આયુર્વેદના બધા જ ગ્રંથોમાં વાતપ્રકોપના શમન માટે તેલને શ્રેષ્ઠ ગણ્યું છે. વાયુ લૂખો છે, જ્યારે તેલ સ્નિગ્ધ છે. વાયુ શીત છે તો તેલ ઉષ્ણ છે. વાયુ લઘુ એટલે હલકો છે, તો તેલ ભારે છે. આવા પરસ્પરવિરોધી ગુણોને લીધે તેલ વાયુનું સારી રીતે શમન કરે છે. વળી, સૂક્ષ્મ અને ચલ હોઈ તે વાયુની પાછળપાછળ નાનામાં નાના સ્રોતોમાં જઇને ત્યાંની વાયુની અસર દૂર કરે છે. વાતરોગ સામે તેલમાં વાયુ માટે એરંડ તેલ (દિવેલ—કૅસ્ટર ઑઈલ) ઉત્તમ છે. આપણે તેના બે પ્રયોગ જોઇએ.

શુદ્ધ દિવેલને સહેજ ગરમ કરવું. ગ્લીસરીન સિરિંજ (પિચકારી) આવે છે તેમાં એકથી દોઢ ઔંસ આ દિવેલ ભરવું. રાતે જમ્યા પછી સૂતી વખતે ડાબા પડખે પડી, જમણો પગ ઘૂટણથી વાળી, ડાબો પગ સીધો રાખીને એ પિચકારી વડે ધીરેધીરે એ દિવેલ ગુદામાં ભરવું. ખાલી પિચકારી કાઢી લીધા પછી યે થોડો સમય રોગીએ એમ ને એમ પડી રહેવું. પછી થોડી વાર ચત્તા સૂવું અને પછી ઊંધી જવું. સવારે મળ સાથે એ દિવેલ બહાર નીકળશે. આ રીતે વાયુનો કોઈ પણ રોગી રોજ રાત્રે પોતાના હાથે દિવેલની પિચકારી લઈ રોગમાંથી મુક્તિ મેળવી શકે છે.

બીજો પ્રયોગ: અર્ધો તોલો સૂંઠનો ભૂકો લઈ, તેમાં પાશેર પાણી નાખી સારી પેઠે ઉકાળવું. જ્યારે અર્ધા જેટલું પાણી બાકી રહે ત્યારે તેમાં એક તોલો દિવેલ નાખી, સારી પેઠે હલાવી, રોજ સવારે નરણે કોઠે એ નવશેકું જ પી જવું. આ બેમાંના કોઈ પણ પ્રયોગથી જરૂર લાભ થશે. ઔષધમાં યોગરાજ ગૂગળ, સિંહનાદ ગૂગળ, ચિંચાભલ્લાતક વટી, અગ્નિતુંડી વટી, મહારાસ્નાદિ ક્વાથ, દશમૂલ ક્વાથ, દશમૂલારિષ્ટ, એકાંગવીર રસ, બૃહદ વાતચિંતામણિમાંથી એકાધિકનો પ્રયોગ કરી શકાય.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

મુખી ફાટે ત્યારે દબાણ હટી જતાં ત્યાંથી પ્રચંડ ધડાકા સાથે એ વાયુઓ અને લાવારસ બહાર ધસી આવે છે. હજારો હાઇડ્રોજન બૉંબના સ્ફોટ કરતાં યે વધુ શક્તિશાળી આ ધડાકાથી પણ ધરતીમાં ખળભળાટ પેદા થઈ ભૂકંપ સરજાય છે.

એક આશ્ચર્ય છે કે આજ સુધીમાં સંખ્યાબંધ પ્રચંડ ભૂકંપો અને એને કારણે અનેક ફેરફારો થવા છતાં યે ભારતની ધરતી પર એક પણ જ્વાળામુખી નથી—સુષુપ્ત દશામાં પણ નહિ. ભારતનું આજનું સ્વરૂપ અનેક પ્રચંડ ધરતીકંપોથી પણ ઘડાયું છે. ભારતની પશ્ચિમ કંઠાર પાસેની સહ્યાદ્રિની પર્વતમાળના ઘણા ઊભા ખડકો સમુદ્રમાંથી ઊંચકાએલા છે, તો મુંબાઈ ટાપુના પૂર્વ કાંઠે એક જંગલ દરિયામાં ગરક થઈ ગએલું છે! સુંદરવનના ટાપુઓમાં અને પૉન્ડિચેરીની કંઠાર પાસેથી મળતા કાચા કોલસા (લિગ્નાઈટ) દર્શાવે છે કે ત્યાં પણ એક કાળે જંગલો હતાં જે હવે દરિયામાં ગરક થઈ ગએલાં છે. આંદામાન ટાપુઓ નીચા બેસી ગએલા છે, જેના પરિણામે એના પર્વતોની ખીણમાં દરિયાનું પાણી ભરાઈ જઈ ત્યાં ઊંચી કંઠાર વાળી દરિયાઈ નેળો રચાઈ ગઈ છે. પોરબંદર-અસ્માવતીનો પટ અને હર્ષદની ખાડી દરિયામાંથી ઊંચકાઇને ઉપર આવેલાં છે. હિમાલયની પર્વતમાળાઓ તો વારંવાર ઊંચીનીચી થતી જ રહી છે. ઈ. ૧૯૫૧ના આસામના ધરતીકંપથી એવરેસ્ટ શિખર હતું એ કરતાં વધુ ઊંચું બની ગયું છે! એક કાળે ખંભાતના અખાતમાં વહેતી સિંધુ નદીની એક શાખાના સ્થાને હવે એનું નામોનિશાન રહ્યું નથી. એ જ રીતે સૌરાષ્ટ્ર બેટ હતો અને કચ્છના રણને સ્થાને સાગરજળ વહેતાં હતાં, પણ પછી એ બધો ભાગ ઊંચકાઈને ઊપસી આવ્યો છે. દરિયાકિનારાનો વિસ્તાર બાદ કરતાં બાકીના સૌરાષ્ટ્રનું ભૂપૃષ્ઠ લાવારસનું છે. જ્યાંથી આજે તેલ મળી આવે છે એ ગુજરાતનો મેદાની પ્રદેશનો આખો પટ્ટો પણ એક સમયે સમુદ્રમાં જ ડૂબેલો હતો. આ બધા ફેરફાર પ્રચંડ ભૂકંપો વિના શક્ય નથી જ.

આમ, અનેક રીતે પ્રભાવક અને અનેક સમસ્યાઓ ઊભી કરતા, વિનાશક બળ ધરાવતા ધરતીકંપો વિષે હવે આપણે ઠીકઠીક જ્ઞાન ધરાવીએ છીએ. માનવજાત પર એ અનેકરીતે પ્રભાવ પાડે છે. ધરતીકંપ થકી પ્રાપ્ત અનેક ખનિજો પર આપણે વિધવિધ રીતે આધારિત છીએ, તો આપણા અનેક પ્રકારના વિકાસ પર પણ એની અસર રહે છે. આધુનિક યુદ્ધશસ્ત્રો જેવી એની વ્યાપક વિનાશકતા છે. એના કારણે માનવજાતે અતિ ભારે એવી જાનહાનિ વેઠી છે. હવે એના ભયતળે જીવવાને બદલે એની સાથે જ જીવવા માનવી કટિબદ્ધ થયો છે, અને એથી આજે એના અભ્યાસાર્થે ને એનાથી શક્ય એટલો વધુ બચાવ કરવા દુનિયાભરના લોકો સહકાર સાધવા પ્રવૃત્ત બની રહ્યા છે.

ધરતીકંપનાં કારણ જાણવાની દિશામાં માણસે જેટલી પ્રગતિ કરી છે કે એનાથી શક્ય એટલું ઓછું નુકસાન થાય એ માટેના પ્રયાસોમાં જેટલી સિદ્ધિ મેળવી છે એટલી સિદ્ધિ હજી ધરતીકંપની આગાહી કરવાની દિશામાં મળી નથી. જો કે ચીને આ દિશામાં બીજા દેશોની સરખામણીમાં વધુ પ્રગતિ કરી છે. આજે ત્યાં દસેક હજાર જેટલા નિષ્ણાતો ભૂકંપના અભ્યાસ પાછળ રોકાએલા છે. એમના હાથ નીચે ૧૭ મુખ્ય અને ૩૫૦ જેટલાં અન્ય કેન્દ્રો છે. ભૂકંપની નોંધ ૨૫૦ જેટલાં કેન્દ્રોમાં થાય છે. આ ઉપરાંત ૫૦૦૦ જેટલાં નાનાં કેન્દ્રો પણ ચાલે છે. (ભારતમાં ૧૬ કેન્દ્રો છે.) દેશદેશના આ વિષયના જ્ઞાનથી તેઓ માહિતગાર રહે છે, એટલું જ નહિ પણ ભૂકંપ પહેલાં પ્રાણીઓની બદલાતી વર્તણૂક જેવાં જૂનવાણી મનાતાં લક્ષણો સુધ્ધાંને લક્ષમાં લઇને તેઓ અન્ય દેશો કરતાં ભૂકંપની વધુ સચોટ આગાહી કરવાની સ્થિતિ સુધી પહોંચ્યાં છે. રશિયામાં પણ આ અંગે થોડી પ્રગતિ થઈ છે. જાપાન પણ ધરતીકંપના અભ્યાસમાં ઘણું લક્ષ આપે છે. અન્ય દેશો પણ પોતપોતાની રીતે આ દિશામાં કામ કરે છે, અને હવે તો સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ આ પ્રશ્નને ગંભીરતાપૂર્વક ઉપાડયો છે. આમ, ધરતીકંપ એ આજે માત્ર વિજ્ઞાનનો જ નહિ, પણ આર્થિક અને અમુક અંશે સાંસ્કૃતિક તથા રાજકીય મહત્ત્વ ધરાવતો વિષય બની રહ્યો છે. □

અનુસંધાન] **વિનોદની નજરે** [પૃષ્ઠ ૧૭થી

ઇન્ટરેસ્ટિંગ છે, હો!' (એ જે કંઈ કરે છે તે ઈન્ટરેસ્ટિંગ જ હોય છે, હોં!)

દર્દીને તે 'ખટાશ ના ખાશો, ફલાણું ના લેશો…' ને એવી બધી સલાહો આપ્યા પછી પોતાના કન્સલ્ટિંગવાળા કમર્શિયલ સેન્ટરની સામેની ફૂટપાથ પરની લારીમાંથી પૂરીપકોડી ખાતા એ નજરે પડે છે. 'ઔર ચટણી ડાલો ભૈયાજી—' કહેતા તેમને કોઈ દરદી જોઈ જાય તો વિચારે કે 'મા'બો, આપણને તો હમણાં ફલાણું ને ઢીંકણું નહિ ખાવાની સુફિયાણી સલાહ આપતો'તો; એ બધું આપણા માટે ઝેર છે એવી બીક બતાવતો'તો ને એ પોતે તો આરામથી બધું ઝાપટે છે!'

ભાઈ, એ તો ઝાપટે. એના વાદ ના લેવાય. એ ઝેર પણ ઝાપટે; કેમ કે એ શંકર છે—લાભશંકર છે… □

બૃહદેશ્વરનાં ભીંતચિત્રો

લેખક · આલેખક: વાસુદેવ સ્માર્ત



તાંજોર તમિલનાડમાં તાંજોર તાલુકાનું મુખ્ય શહેર છે. તાંજોર એ તો અંગ્રેજી શાસનકાળમાં ચલણી બનેલું નામ છે. મૂળ તો છે તંજાવુર (કે તંજાવર). સ્વાતંત્ર્ય બાદ હવે ફરી આ અસલ નામ પ્રચલિત બન્યું છે. ઈ. ૮૫૦માં વિજયાલય ચોલે મથરાયર પાસેથી એ જીતી લઈને એના નવા રાજ્યની ત્યાં રાજધાની સ્થાપી હતી. ચોલવંશે લગભગ સવા ચારસો વર્ષ સુધી અહીં રાજ ભોગવ્યું હતું. વિજયાલયના પૌત્રો આદિત્ય અને પરાન્તકે અહીં વિશાળ મંદિરો બંધાવ્યાં હતાં. પરાન્તકની વિધવા પુત્રવધૂની પણ અહીં મંદિરો બંધાવવા માટે ઇતિહાસમાં ખ્યાતિ છે.


આ ચોલ વંશમાં ઈ. ૯૮૫થી ૧૦૧૩માં રાજરાજા પહેલાનું રાજ્ય હતું. તંજાવુરનું બૃહદેશ્વરનું વિખ્યાત ભવ્ય મંદિર એણે બંધાવેલું. એના સમયનું એ સર્વોત્કૃષ્ટ મંદિર ગણાતું હતું. દંતકથા છે કે રાજરાજાને કાળો કોઢ થયો હતો. આ રોગના નિવારણ માટે એના આધ્યાત્મિક ગુરુએ એને નર્મદા નદીના તટપ્રદેશમાંથી શિવલિંગ લાવીને તેના પર મંદિર બંધાવવાનું સૂચન કર્યું. રાજરાજા સ્વયં નર્મદાતીરે ગયો. ત્યાંથી એને જે શિવલિંગ મળ્યું એ લેવા જતાં ધીરેધીરે વધવા લાગ્યું, એટલે એનું નામ પડયું બૃહદેશ્વર. આ બૃહદેશ્વરનું મંદિર બંધાઈ રહેતાં બાર વર્ષ લાગ્યાં હતાં. એનું મુખ્ય શિખર ૨૧૬ ફૂટ ઊંચું ને ચૌદ માળનું હોઈ દક્ષિણ ભારતનું એ ઊંચામાં ઊંચુ શિખર ગણાય છે. ઈ. ૧૦૧૧માં સ્વયં રાજરાજાએ એનો કુંભાભિષેક કર્યો હતો અને કુંડમાં સ્નાન કરીને એ કુષ્ટરોગથી મુક્ત થયો હતો. રાજરાજા કુશળ રાજશાસક, પરાક્રમી તથા કલા-સાહિત્ય અને ધર્મનો આશ્રયદાતા હતો. એણે બંધાવેલું બૃહદેશ્વરનું આ મંદિર રાજરાજેશ્વર–મુદિયાર પણ કહેવાય છે. શિવભક્ત રાજરાજાએ 'શિવપાદ-શેખર'નું અભિધાન પણ ધારણ કર્યું હતું. આ રાજરાજા પહેલાનો પુત્ર રાજેન્દ્ર ચોલ પણ મહા પરાક્રમી હતો. ઉત્તરમાં ગંગાતટથી દક્ષિણમાં શ્રીલંકા તથા પૂર્વમાં મલયદેશ સુધી એણે વિજયો મેળવ્યા હતા. ગંગા-પ્રદેશમાં પોતે મેળવેલા વિજયની યાદમાં એણે એની રાજધાની ગંગૈકુંડ ચોલપુરમમાં એક વિશાળ કુંડ ને ભવ્ય મંદિર બંધાવ્યાં હતાં.

બૃહદેશ્વરનો વિશાળ પરિકર ને એનું ઉત્તુંગ ગોપુરમ્ એની ભવ્યતાને અનેરો ઓપ આપે છે. એના ગર્ભગૃહમાં સ્થાપિત ચક્ચકિત મહાલિંગનું સૌન્દર્ય અપ્રતિમ છે. લિંગની ફરતે જલાધારીનો પરિઘ ચોપન ફૂટ જેટલો તથા એની ઊંચાઈ છ ફૂટ જેટલી છે. બાણનો નીચેનો પરિઘ ત્રેવીસ ફૂટથી યે વધુ તથા તેની ઊંચાઈ નવ ફૂટ જેટલી છે. આ મંદિરની દેવી



મથાળે : ત્રિપુરાન્તક
ડાબી બાજુ : મહારૂપ વિષ્ણુ
જમણી બાજુ : યોગદક્ષિણામૂર્તિ શિવ







ડાબી બાજુ : પૃષ્ઠ સ્વસ્તિકમ્ રચતી અપ્સરાનું નર્તન
જમણી બાજુ : અલંકારખચિત બે નૃત્યાંગનાઓ
નીચે : ચોલ ચિત્રાંકનની લાક્ષણિક મુખાકૃતિઓ
સામેના પૃષ્ઠ પર : ચોલ અશ્વારોહી

બ્રહ્મનાયિકી કહેવાય છે. નટરાજ, ગણપતિ, ચન્દ્રેશ્વર આદિ આ મંદિરના દેવતાઓ છે. શિલ્પના જ્ઞાતાઓ અહીંની નટરાજની પ્રતિમાને સમગ્ર દક્ષિણ ભારતનાં મંદિરોની મૂર્તિઓમાં સર્વોત્કૃષ્ટ ગણાવે છે. મુખ્ય મંદિરની સામે જ બહાર મહાકાય નંદી કંડારેલો છે, જેની લંબાઈ સાડા ઓગણીસ ફૂટ, ઊંચાઈ ૧૨ અને પહોળાઈ આઠ ફૂટથી પણ વધારે તથા વજન પચ્ચીસ ટન જેટલું છે. એક જ પથ્થરમાંથી કોરેલો આ નંદી સમગ્ર ભારતમાં વિશાળતાની ગણનામાં દ્વિતીય સ્થાન ધરાવે છે. કહે છે કે આ નંદી દિન-પ્રતિદિન કદમાં વધતો જતો હતો એટલે એની વૃદ્ધિ રોકવા માટે એના પાછળના ભાગમાં એક ખીલો જડવામાં આવ્યો છે.


ચોલ સમયનાં ભીંતચિત્રો નાર્તામલાઇ, મલયાદિપટ્ટી અને અન્ય સ્થળોએ પણ છે, પરંતુ બૃહદેશ્વરના મંદિરમાં આરંભિક ચોલ કલાનો જે સમૃદ્ધ નિધિ એના સાચા સ્વરૂપમાં જોવા મળે છે એવો અન્યત્ર નથી. જોકે એ સમયના ગ્રંથોમાં ચિત્રમંડપો, ચિત્રશાળાઓ અને ચિત્રખંડોના ઉલ્લેખો મળે છે, અને પરિપાદલમાં જૂની ચોલ રાજધાની કાવેરીપુમપટ્ટિનમૂના મંદિરની ભીંત ઉપર ચિત્રો હોવાનો ઉલ્લેખ પણ છે, પરંતુ એ ચિત્રો હજી સુધી મળી આવ્યાં નથી.

બૃહદેશ્વર-મંદિરના અંધકારમય પ્રદક્ષિણાપથની ફરતી દીવાલો પર ચિત્રોનો સમૃદ્ધ ખજાનો હજી વિદ્યમાન છે. ઈ. ૧૯૩૦માં એસ. કે. ગોવિન્દસ્વામીએ આ ચિત્રોની શોધ કરી હતી. આ વિશાળ ભીંતો ઉપર નાયક સમયનાં ચિત્રો છે, પણ એનું ઉપરનું પડ ઊખડી જતાં તેની નીચેના સ્તરમાં રાજરાજા પહેલાના સમયનાં ચિત્રો જોવા મળે છે. મૂળ તો આ ભીંતો અને છત ઉત્કૃષ્ટ ચિત્રોથી સજાવાએલી હતી. કાળાંતરે એમાં સુધારા-વધારા થતા ગયા અને પરિણામે એના ઉપર ચિત્રોનો એક નવો જ સ્તર લાગી ગયો હતો. પ્રારંભિક પલ્લવકાળ અને તે પછી વિજયનગરના નાયક સમયની ચિત્રશૈલીને સમજવા ચોલ સમયનાં આ ચિત્રો ઘણાં સહાયરૂપ બની આ પ્રદેશની ચિત્રપરંપરાની કડી સાંકળી આપે છે.

ચોળ કાળનાં આ ચિત્રો પશ્ચિમ તરફની ભીંત ઉપર છે. એમાં વ્યાઘ્રચર્મ ઉપર યોગમુદ્રામાં સ્થિત અને આભૂષણોથી વિભૂષિત યોગદક્ષિણામૂર્તિ શિવનું વિશાળ ચિત્ર ખાસ ધ્યાન દોરે છે. બંને પગની આસપાસ યોગપટ બાંધીને શાંત મુદ્રા અને સહજ ભાવથી અપ્સરાના નૃત્યને નિહાળી રહેલા શિવનું એમાં નિરૂપણ છે. આવું જ સુંદર આલેખન છે વિષ્ણુનું. પ્રસન્ન મુદ્રામાં ચારે હાથથી તેઓ તાલ દઈ રહ્યા છે. એની સમીપ આગળ બેઠેલા મનુષ્યો પણ દિવ્ય સંગીતથી ગુંજતા વાતાવરણમાં ચાલી રહેલા અપ્સરાના નૃત્યનું અભિવાદન કરી રહ્યા છે. ચિત્રમાં શિવ અને વિષ્ણુનું શરીરસૌષ્ઠવ, એમની હસ્તમુદ્રાઓ, એમનાં આભૂષણો અને એમના ભાવનું નિરૂપણ યથોચિત કરેલું છે. ભારતીય કલાકારને માટે દ્વિત્રિંશત-મહાપુરુષ-લક્ષણોનું જ્ઞાન આવશ્યક છે. દેવતાઓનાં આ લક્ષણો સ્થાપિત હોય છે. ભગવાન વિષ્ણુના ચિત્રમાં આ લક્ષણો સ્પષ્ટ રૂપે જોવા મળે છે. પાત્રોની ગતિશીલતા અને દેહચાપલ્યનો તાદૃશ ખયાલ એના પ્રવાહિત રેખાંકનથી મળી રહે છે.

ચિત્રમાં નિરૂપેલી નૃત્યાંગનાનું ઢળેલું મસ્તક, લચીલો દેહ, અંગમરોડતી સુંદર ભાવભંગિમા પણ એટલાં જ સુંદર છે. વાદળોના ઢગની વચ્ચે સ્વર્ગની અપ્સરાને એક પગ ઉપર સમગ્ર શરીરનું સમતોલ જાળવી નૃત્ય કરતી એમાં આલેખી છે. એનો ફરફરતો કમરબંધ ચિત્રાલેખનને વેગવંતુ બનાવે છે, તો એનું દેહલાવણ્ય નીરખતાં મહાકવિ કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર' નાટકની 'નર્તયિતુર્યથૈવ મનસિશ્લિષ્ટં તથાસ્યા વપુ:' (એનું શરીર એના નૃત્યગુરુના કહ્યા પ્રમાણે જ ઘડાયું છે) એ પંક્તિનું સ્મરણ કરાવે છે.

બીજી બે સુંદર નર્તકીઓ પણ અહીં જોવા મળે છે. એની સુઘટિત લચકદાર દેહયષ્ટિ, પાતળી કમર, આકર્ષક હસ્તમુદ્રાઓ, મોહક મુખાકૃતિઓ અને નૃત્યની ગતિશીલતાને એમના ચાપલ્યનું આલેખન કોઈ પણ પ્રેક્ષકને આકર્ષી રાખે એવું છે. કલાકારે અહીં શૃંગારિકતાનો મોકળે હાથે ઉપયોગ કર્યો છે. નર્તકીઓની સજાવટમાં એણે અજબ





નિપુણતા દાખવી છે. બંને નર્તકીના વાંકડિયા કેશકલાપમાં સુંદર પુષ્પગુચ્છો, ભાલ પર ઝૂલતી રત્નજડિત દામણી, કર્ણકુંડલો, એમના મત્ત યૌવનના દ્યોતક વક્ષ:સ્થાન પર ઝૂલતી મુક્તામાળાઓ, લચીલા કટિપ્રદેશ પરની કરધનીઓ, ઝૂમતા બાજુબંધો ને રત્નજડિત કંકણો, પ્રસન્ન મુખમુદ્રા ને એમના નયન ચાપલ્યનું કલાકારે અતીવ સુંદર આલેખન કર્યું છે.

વાદ્યકારો સાથેના બીજા એક નૃત્યવૃંદમાં ભાવાભિવ્યક્ત કરતી હસ્તમુદ્રાઓ, ગ્રીવાનું વૈવિધ્યસભર ડોલન અને અંગમરોડ જોતાં ચિત્રકારના નાટ્યશાસ્ત્ર વિષેના જ્ઞાનની પ્રતીતિ થાય છે.

ઉત્તર દિશા તરફની ભીંત ઉપર ઊખડી ગએલા ચિત્રસ્તરની નીચેથી પ્રકટ થતી પાંચ મુખાકૃતિઓ પણ ચોલકલાનો વિશિષ્ટ નમૂનો છે. લાંબી ચમકતી આંખ ને વળાંકદાર ભમ્મરો, અણીદાર નાસિકાઓ, મીઠું સ્મિત દર્શાવતા મોહક ઓષ્ઠ, આકર્ષક હડપચી, ઊપસેલા ગાલ, વાળની બકી લટો, આભૂષણો ને અલંકરણયુક્ત મુકુટો વગેરે દિવ્ય આકૃતિના સૌંદર્યનાં દ્યોતક બની રહે છે.

જ્યારે બીજી તરફ સમગ્ર ભીંતને આવરી લેતી ત્રિપુરાન્તક (શિવ)ની વિશાળ આકૃતિ છે. એમાં ખુદ બ્રહ્મા જેના સારથિ છે એવા દિવ્ય રથ પર આલિઢ મુદ્રામાં વિરાજમાન યોદ્ધાની જેમ આઠે ભુજામાં શસ્ત્રોથી સજ્જ એવા ત્રિપુરાન્તકને પ્રચંડ ધનુષથી અસુરોનો સંહાર કરતા આલેખ્યા છે; તો એની સામે, ભય ને વિષાદથી આક્રંદ કરતી પત્નીઓ જેને વળગી પડીને વારી રહી છે એવા, બિહામણી આંખો ને અગન ઝાળ જેવા કેશવાળા, ઉન્માદમાં છકેલા વિકરાળ સ્વચ્છંદ અસુરો રણક્ષેત્રમાં લડી રહ્યા છે. મયૂરારૂઢ કાર્તિકેય, મૂષક પર ગણપતિ, સિંહાસીન યુદ્ધદેવી કાલી અને રથની પાસે નંદી શિવને યુદ્ધમાં સહાય કરી રહેલાં છે. ચોલકળાના ચિત્રાંકનનું આ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

ચોલકળાનાં ચિત્રો એ સમયની ભવ્યતા, જીવન અને સંસ્કૃતિનો પરિચય આપે છે. ચોલોના આરાધ્ય દેવતા નટરાજનું સભામંડપમાં વિશેષ સ્થાન છે. ચોલ રાજવીઓની યુદ્ધદક્ષતા—ખાસ કરી રાજરાજની યુદ્ધનિપુણતા ત્રિપુરાન્તકના આલેખનમાં પ્રતિબિંબિત થાય છે. ચિત્રોમાં સૌમ્ય રંગો, બળવતાં છતાં પાત્રોની સુકોમળતા પ્રકટાવતું રેખાંકન સજીવ ભાવાભિવ્યક્તિ ચિત્રસૂત્રના નિયમાનુસાર યોજવામાં આવ્યાં છે. અશ્વ સવારનું એક ચિત્ર પણ એટલું જ આકર્ષક છે. ચોલ પુરુષાકૃતિના મુખમંડલ પર દેખાતી આગવી ખુમારી એના મોં પર દેખાય છે. એમાં ઘોડાની ગૌરવભરી છલાંગ અને એનો સાજ-શણગાર ખાસ ધ્યાન દોરે છે.

ચોલ ચિત્રોમાં સૈનિકો અને ઢોલ વગાડનારા પુરુષોનાં લાંબી કે ટૂંકી બાંયવાળા ખુલ્લા ગળાનાં અને વિધવિધ ભાતવાળાં અંગરખાં વગેરે ધ્યાન ખેંચે છે. એ જ રીતે વસ્ત્રોમાં એમના દેહલાલિત્યને પ્રકટ કરતાં બારીક પોત, એની કિનાર પર કંઈ ભાત ન હોય તો સ્ત્રીપાત્ર નિર્વસ્ત્ર જ લાગે એવાં છે. વસ્ત્રના વણાટ અને એના પર છાપેલી ભાત માટે તંજાવુર દેશવિદેશમાં પ્રખ્યાત હતું. વળી, ભરતનાટ્યમ્, (કર્ણાટકી) સંગીત અને નાટકના ક્ષેત્રે પણ એ પ્રસિદ્ધ હતું. ત્યાંના રાજવીઓએ આ બધી કળાઓને પ્રોત્સાહિત કરી જીવંત રાખી હતી. રાજ રાજા પહેલાના સમયમાં વૈકાસી ઉત્સવ પર રાજેશ્વર નાટક પણ આ બૃહદેશ્વર-મંદિરમાં જ ભજવાતું.

આ બધાના પ્રભાવ તળે ચોલ સમયની ચિત્રકળામાં ઉત્કૃષ્ટતાથી રસનિરૂપણ થએલું જોવા મળે છે. ત્રિપુરાન્તકની મુખાકૃતિમાં વીર રસ, અસુર-પત્નીઓની આંખમાં કરુણ, યોગદક્ષિણામૂર્તિ શિવમાં શાંત, નર્તકીઓના ચિત્રણમાં અદ્ભુત અને શૃંગાર તથા ઢોલવાદક વામનોમાં હાસ્ય રસ નિષ્પન્ન થાય છે. આ રીતે, બૃહદેશ્વરના મંદિરનાં આ પ્રાચીન ભીંતચિત્રો ચોલ ચિત્રકળાના ઉત્કૃષ્ટ નમૂનાઓ હોવા ઉપરાંત, તત્કાલીન સામાજિક અને સાંસ્કૃતિક જીવનનું પ્રતિબિંબ પાડે છે. □

લઘુકથા

અંગારા ઝરતી આંખો

રમેશ ત્રિવેદી

એણે ઘરમાં પગ મૂક્યો, વરદી (ફરજનાં કપડાં) ઉતારી અને એ ખુરશીમાં બેસી પડ્યો. ગુનેગારોને મારીમારીને રીઢી થઈ ગએલી હથેળીઓ પર એની નજર ફરી રહી. એણે આંખો મીચી દીધી. વિચારોની ગતિએ દોડતી પોલીસવાન એની આંખ સામે તરવરી રહી. બહાર ચોકઠામાં થતો છોકરાંઓનો કોલાહલ એને પોલીસવાનની સાયરનની યાદ આપી રહ્યો. થાકથી એનું અંગેઅંગ તૂટી રહ્યું હતું.

એકાએક એ ખુરશીમાંથી ઊભો થઈ ગયો. ઉપર જઈને સૂઈ જવા એના પગ દાદર તરફ વળ્યા.

'જમવું નથી?' રસોડા પાસે ઊભેલી પત્નીએ ક્ષીણ અવાજે પૂછ્યું: 'ઉપર પેલાં બચ્ચાં...' ને એટલું સાંભળતાં તો એના ચહેરા પર તંગ થઈ જતી રેખાઓ જોઈ પત્ની પોતાનું વાક્ય ગળી ગઈ.

માળિયા પર વિયાએલી બિલાડીનાં બચ્ચાંને લીધે પોતાની ઊંઘમાં પડતી ખલેલની યાદથી એની આંખમાં અંગારા ઝબકી ગયા. દાંત ભીંસતો એ ઉપર ચડી ગયો. મનમાં થયું કે એ બિલાડી ને એનાં બચ્ચાંને પૂછડીએથી પકડીને બહાર ફેંકી દે. એના હાથની મૂઠી આપોઆપ જ વળી ગઈ.

ખંડના બારણા પાસે જ એ થંભી ગયો. એના પલંગ પર છીણેલા બરફના ઢગ જેવું એક બચ્ચું સૂતું હતું. એને આવતો સાંભળી બચ્ચાની ભૂરીભૂરી આંખ ખૂલી ગઈ. પળભર એ એની આંખો સામે તાકી રહ્યું ને પછી 'મિયાંઉ' કરતું કૂદીને માળિયા પર ચડી ગયું.

અપલક નજરે એ ખાલી પલંગ અને ખાલી ઓરડાને તાકતો રહ્યો. માળિયા પર લપાઈને એની સામે તાકી રહેલા બચ્ચા પર એક નજર નાખી એ ખુલ્લી બારી પાસે જઈ ઊભો. એને જોતાં જ નીચે રમતાં ભૂલકાં બિલાડીને જોઈ નાસી જતા ઊંદરોની જેમ ટપોટપ ખૂણેખાંચરે સરકી ગયાં. પોતાની બીકથી ગભરાતાં બાળકોને જોઈને રોજની જેમ આજે એ મૂછમાં હસી ન શક્યો. બારી પાસેથી ખસતાં એની નજર આયના પર પડી. ઘડીભર એ પોતાના પ્રતિબિંબને તાકતો જ રહ્યો. ફરી એની નજર પેલા લપાઈ રહેલા બચ્ચા પર પડી. ચોકઠામાં રમતાં ભૂલકાં એને યાદ આવી ગયાં. અને એકાએક બીજું પણ કંઈક મગજમાં ઝબકી જતાં એ એકદમ નીચે આવી ફરી વરદી પહેરવા લાગ્યો.

નાનાં બાળકોને ઉઠાવી જતી ટોળકીના એક માણસને આજે એણે પકડ્યો હતો. □

લાભશંકર ઠાકર

'વિનોદ'ની નજરે-૧૦

લેખક · વિનોદ ભટ્ટ



લાયબ્રેરીમાં પુસ્તકો ગોઠવતાં આર. એલ. સ્ટીવન્સનનું પુસ્તક 'જૅકિલ ઍન્ડ હાઈડ' નીચે પડી ગયું. નીચા વળી પુસ્તક ઉપાડી પાનાં ફેરવવા માંડ્યાં. એક જ માણસમાં રહેલા દેવ-દાનવનાં તત્ત્વોની એ કથા છે. પુસ્તકનાં પાનાંમાંથી એક ચિરપરિચિત ચહેરો બહાર ધસી આવ્યો ...લાભશંકરનો. કાળાં ગૉગલ્સમાં અકોણી આંખો ગોપવી રાખનાર આ માણસ, પોતાના બાહ્ય વર્તનથી પોતાના અંતરને ક્યારે ય કળવા દેતો નથી. લાભશંકર ઠાકર એક ડિસેપ્ટિવ પર્સનાલિટી છે. જ્યારે એકલા મળે ત્યારે એના જેવો મુલાયમ, સ્નેહાળ, ઉમળકાભર્યો માણસ તમને બીજો શોધ્યો ના જડે; પણ એ જ જણ પોતાના કુંડાળાની વચ્ચે બેઠા હોય ત્યારનું તેનું વર્તન સાવ વિપરીત હોય: જાણે પેલા લાભશંકરને આપણે જે મળેલા એ કોઈ બીજા–આ નહિ!

આ માણસની તકલીફ જ આ છે. જ્યારે વૈદ્ય લાભશંકરને મળવા જઈએ ત્યારે કવિ લાભશંકર મળી જાય છે ને કવિ લાભશંકરને મળવાની ખેવના રાખીએ ને કવિઓના ટોળાની વચ્ચે શોધવા ફાંફીએ ત્યારે કોઈ પગ-રિક્ષાવાળો લાભશંકર મળી જશે: શર્ટનાં ઉપરનાં બટન ખુલ્લાં રાખી સિગારેટ ફૂંકતો, ને એ સિગારેટના ધુમાડાને નસાડી મૂકવા જ જાણે ભૂંડાબોલી ગાળો બોલતો એને સાંભળીને તમે નિરાશ થઈ જશો. પણ ત્યાં જ તમને એક કવિ લાભશંકર પણ જડી જશે—તમે ખોઈ નાખ્યો હશે ત્યાંથી જ જડી જશે...

આ લા. ઠા.ને હું લગભગ વીસ વર્ષથી જાણું છું. ઓળખું છું એવું નહિ કહી શકું. એવું તો કોઈ પણ નહિ કહી શકે. ખુદ લા. ઠા. પણ નહિ. બહુ જ સૌમ્ય, ઋજુહૃદયી, સ્નેહાળ, નમ્ર ને વિવેકી લા. ઠા.ને મેં જોએલા, જયંતી સાધુને ત્યાં, ખોખરામહેમદાવાદમાં. એ વખતે તે વિદ્યાર્થી હતા. વિદ્યાર્થી અવસ્થામાં જ્યારે ઉદ્દંડ હોવું જોઇએ ત્યારે એ ઉમરે તે શાંત ધીરગંભીર હતા. હવે ઠાવકા થવાની ઉંમરે પહોંચ્યા છે ત્યારે તોફાને ચડી જાય છે—ક્યારેક...

આ માણસનું આકર્ષક પાસું જ આ છે. ક્યારે તે શું કરશે એ કહેવાય નહિ. અનપ્રીડિક્ટેબલ. એક વાક્ય તે પૂરું કરે પછી બીજું વાક્ય ફલાણું જ આવશે એવું તમે છાતી ઠોકીને ન કહી શકો. ધરાર ખોટા પડો.

લા. ઠા. દંતકથાનો માણસ છે. ઘણી બધી દંતકથાઓ પ્રચલિત છે એમના વિષે. એક દંતકથા પ્રમાણે એમની પહેલી કવિતા 'કુમાર'માં છપાઈ ત્યારે એ એટલા બધા રાજી થઈ ગએલા કે મન મૂકીને નાચી ઊઠેલા, તોફાને ચડેલા. પછી, કહે છે કે, એમના બાપુજી જાદવજીકાકાએ આવા કિસ્સાઓમા પિતાજીઓનો હોય છે એવો ધર્મ પણ બજાવેલો.

એ જ લાભશંકર સાથે એક વાર હું હૅવમૉરમાં બેઠેલો. કોઇ અજાણ્યા જેવા ભાઈએ આવીને પૂછ્યું: 'લાભશંકર ઠાકર તમે?'

'કોણ લાભશંકર?' લા. ઠા.એ આંખને સહેજ ઊંચકીને પૂછ્યું.

'કવિ લાભશંકર...'

'હું એવા કોઈ કવિ-ફવિને ઓળખતો નથી.'

બીજા એક પ્રસંગે એક પ્રશંસકે લા. ઠા.ને કહ્યું: 'તમારી પેલી કવિતા ખૂબ જ સારી લાગી.'

'કઈ કવિતા?' 'પેલી તડકાવાળી.'

'હં...એ તો મારી કનિષ્ઠતમ કવિતા છે.'

વિધિની વિચિત્રતા તો જુઓ! કૃષ્ણની દ્વારિકા નગરીમાં રઘુવીર સાથે આ શંકરે છુટ્ટા હાથની મારામારી કરેલી. (કોઈક હિન્દી સામયિકે તો નોંધેલું પણ ખરું કે, કવિતા કે મુંહ પે ખૂન જમ ગયા ઔર નવલકથા કી બુશશર્ટ ફટી.) મારામારી પત્યાની થોડીક જ ક્ષણો બાદ લા. ઠા.ને રઘુવીર સાથે સિગારેટ પીતા જોઇને ઘણા હેરત પામી ગએલા. આ તે કેવો માણસ છે! લડતાં ય નથી આવડતું આને તો!

ખરી વાત છે. લા. ઠા.ને લડતાં નથી આવડતું; કેમ કે વીરરસ લા. ઠા.નો પ્રિય રસ નથી. ઝાઝે ભાગે શાંત રસ જ તેમને ગમે છે. છતાં તે વીર રસમાં આવી જાય છે ત્યારે અનબૅલૅન્સ્ડ બની જાય છે. જોનારને તો, અલબત્ત, આમાં ગમ્મત જ પડે છે. કોઈ નાનું બાળક લડતું હોય ત્યારે કરે એવી બાલિશ વાત એ કરે છે. (નવ્વાણું ટકા તે ડીસન્ટ માણસ છે. બાકીનો એક ટકો બહુ જોખમકારક છે. જ્યારે આ એક ટકો જોર કરે ત્યારે સટોડિયાની જેમ લા. ઠા. પેલી નવ્વાણું ટકા ડીસન્સીને હોડમાં મૂકતાં ય અચકાતા નથી.)

ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો એક અંક પ્રકટ થએલો. એમાંથી ચૂંટાએલી સામગ્રી પુસ્તકાકારે છપાઈ. લા. ઠા.ની અનુમતિ વગર એમની રચના લેવાઈ. બસ, ખલાસ! લા. ઠા.નો અહમ્ ઘવાયો. તેમના 'ઈગો'ને કોઈ છંછેડે એટલે તેમનું ત્રીજું નેત્ર ખૂલ્યું સમજો: 'એ લબાડો સમજે છે શું એમના મનમાં?' પ્રકાશકને તેમણે નોટિસ ફટકારી દીધી. દાવો કરવાની જાહેરાત પણ લા. ઠા.એ કરી દીધી. એ પ્રકાશક મારો દોસ્ત. તેણે મને પૂછ્યું: 'આ લાભશંકર તમારો દોસ્ત છે?'

'આમ તો તે કોઇનો યે દોસ્ત નથી; પણ ઘણા લોકો એવા ભ્રમમાં જીવે છે ખરા. કેમ, કંઈ કામ છે?' મેં પૂછ્યું.

પ્રકાશકે મને બધી વાત કરી, એટલે હું લા. ઠા. પાસે ગયો. સમજાવટના ટોનમાં વાત શરૂ કરી. કેસ નહિ કરવા વિનતિ કરી—પ્રકાશકના સોગંદ આપીને. લાભશંકર વીરરસમાં આવી ગયા. મને કહે: 'વિનોદભાઈ, આમાં કશું જ થઈ શકે તેમ નથી. તમે વચ્ચે ના પડશો. મારી પરવાનગી વગર મારી કવિતા છાપી નાખી? કવિની આટલી બધી વિડમ્બના! પ્રકાશકો સમજે છે શું એમનાં મનમાં?' પછી પ્રકાશકોને ગાળો ભાંડતું એક લેક્ચર (એ વખતે પ્રોફેસર હોવાને કારણે) પ્રકાશકો પર પૂરી પિસ્તાળીસ મિનિટ એમણે આપ્યું. પછી બોલ્યા: 'કવિતામાં ય પાછી બે માત્રા ખોટી કરી છે. માત્રાનું શું મહત્ત્વ છે એનું આ બબૂચકોને શું ભાન હોય? મેં પચ્ચીસ હજાર રૂપિયા અલગ મૂકી રાખ્યા છે. હવે તો

બસ લડી જ લેવું છે. ખુદ મારા દાદા નરભેરામ ઉપરથી આવીને કહે તો પણ આ બાબત હું નમતું જોખવાનો નથી...' લા. ઠા.નો આક્રોશ, મોં પરની તંગ રેખાઓ વગેરે જોતાં લાગ્યું કે આ 'પવનપુત્ર' લંકા બાળવાના મૂડમાં છે. મેં હળવેથી પૂછ્યું: 'આમાં કોઈ બીજો વિકલ્પ નથી?'

'છે, વિકલ્પ તો છે જ...' લા. ઠા.એ વિકલ્પ સૂચવ્યો: 'હું હૅવ-મૉરમાં બેઠો હોઉં ત્યારે પેલો ... ... ત્રિવેદી ત્યાં આવીને, નત નેત્રે, મારી ચરણચંપી કરે તો વાત પતી જાય...'

આ ક્ષણે વધુ સમજાવટથી અર્થ નહિ સરે એમ જણાતાં લા. ઠા. પાસેથી ઊભો થયો. મારો હાથ પકડી લા. ઠા.એ પાછો બેસાડી દીધો ને મૈસુર કાફેની ત્રણ વાર (થ્રી ચાર્ડ્સ) લાં...બી પેલી કૉફી પીવડાવ્યા પછી જ ઊઠવા દીધો. પણ પેલી વાતમાં તો એ મક્કમ જ રહ્યા.

બે-ત્રણ દિવસ પછી હું પ્રકાશકને મળવા ઊપડયો—એ જણાવવા કે લા. ઠા. બાળહઠે ચડયા છે. (કવિને કોઇએ બાળક સાથે સરખાવ્યો છે એ અર્થમાં બાળહઠ.) હમણાં શાંતિથી બેસી રહીએ. આઠ દસ દિવસ બાદ જરા ઠંડા પડે ત્યારે મળીશું. હું દાદર ચડી ગયો ને જોયું તો પ્રકાશક સાથે સિગારેટ ફૂંકતા, ગપ્પાં મારતા લા. ઠા. બેઠા 'તા! હું ચૂપ-ચાપ નીચે ઊતરી ગયો.

લા. ઠા. જેટલા જલ્દી ઉશ્કેરાઈ જાય છે એટલા વહેલા ઠંડા પડી જાય છે. કાંકરિયા કૉલિટી પાસેથી મારા બે મિત્રો સાથે હું પસાર થઈ રહ્યો-'તો. લા. ઠા. સામેથી એમના જૂના મૉડેલના લૅમ્બ્રેટા સ્કુટર પર આવ-તા'તા. રવિવારની સાંજ હતી. એ સવારના 'સંદેશ'માં મારી કટારમાં એમના સામયિક 'કૃતિ' વિષે મેં કંઈક લખેલું. (શું લખેલું એ અત્યારે યાદ નથી). મારી પાસે સ્કૂટર ઊભું રાખીને ગુસ્સેલ અવાજે મને કહ્યું: 'શું સમજો છો તમારા મનમાં?...માર-બાર ખાવો છે?' હું થોડોક ઝંખ-વાઈ ગયો. મારી સાથે બે મિત્ર હતા. એમની હાજરીમાં લા. ઠા. આ રીતે બોલ્યા એ મને જરા ય ના ગમ્યું. મેં ય સામે ઉશ્કેરાઈ જઈને મોટા અવાજે કહ્યું: 'પહેલાં સ્કૂટર પરથી નીચે તો ઊતરો; પછી કોણ કોને મારે છે એ જોઈએ.' તે એ સ્કૂટર પરથી ઊતરે એની હું રાહ જોવા લાગ્યો. ત્યાં જ મારા ગાલ પર હળવી ટપલી મારતાં પ્રેમાળ અવાજે તે બોલ્યા: 'દાદુ, મજાક પણ નથી સમજતા?...તમે તો ચાહવા જેવા માણસ છો...ચાલો આવવું છે હૅવમૉર પર!' આખી ય વાત તેમણે સ્વા-ભાવિકતાથી વાળી લીધી. મારો ગુસ્સો તેમના પરથી ઊતરીને ખુદ મારા પર આવી ગયો. તેમની 'હૅાટસેન્સ' ગમી ગઈ. સાથે એ વાતનો આનંદ થયો કે ગુજરાતી સાહિત્યને એક સમર્થ કવિ કે ઉત્તમ હાસ્યલેખક—બે-માંથી એક વગર ચલાવી લેવું પડત એવો ગોઝારો બનાવ બનતો રહી ગયો.

મેં આગળ કહ્યું કે તેમનો પેલો આક્રમક એક ટકો જ ખતરનાક છે. બાકી અગાઉ પણ એમના વિષે ઘણી રમૂજો મારી કૉલમમાં મેં કરી છે, જે તેમણે ખેલદિલીપૂર્વક માણી પણ છે. એની ખુશાલીમાં 'કસાટા' આઈસ્ક્રીમ પણ ખવડાવ્યો છે. રમૂજે ય પાછી કેવી! એમની જગ્યાએ બીજું કોઈ હોય તો મારામારી કરવી છે? એવું પૂછ્યા વગર સીધી જ કરી નાખે. એક વાર લા. ઠા. માટે મેં લખેલું: 'એમના વિષે એક એવી અફવા ચાલે છે કે એમની દવા ખાવા કરતાં, કવિતા વાંચીને વધારે લોકો ગુજરી ગયા છે!' બીજા એક લેખમાં મેં આ પ્રમાણે લખેલું: 'અમે તમને એમ પૂછવા માગીએ છીએ કે હેમિંગ્વેની પિસ્તોલ વિષે તમે શું જાણો છો?'

'હેમિંગ્વે?...એ વળી કોણ?' નિર્દોષ મુખમુદ્રા કરી ગાંજેન (શ્રી મહેશ મસ્ત ફકીરની રહસ્યકથાઓની આ લેખકે કરેલી પૅરોડી 'અર-હસ્ય કથાઓ'નું ડિટેક્ટિવ પાત્ર—રાજેન ગિરિ પરથી) ગાંજેન ગિરિ—લેખક પોતે) સામે જોતાં લાભશંકરે પૂછ્યું.

'તમે હેમિંગ્વેને નથી જાણતા? એ બહુ મોટા સાહિત્યકાર છે... સૉરી!...હતો...મરી ગયો બીચા...'

'એ મારી દવા કરતો'તો?' લાભશંકરે પૂછ્યું!

લાભશંકર ઉદાર પણ ઘણા—ઉડાઉ લાગે એટલા બધા ઉદાર. જ્યારે અમે વીસ-પચ્ચીસ મિત્રો એલિસબ્રિજને છેડે આવેલા જીવાભાઈ પાર્કમાં બેસતા ને કવિતા-વાર્તા વગેરેનું પઠન કરતા ત્યારે, એમની કવિતા નો-'તા સંભળાવતા તો ય પોતે જ બધાની ચા-કૉફીના પૈસા ચૂકવતા.

કોઈ મિત્ર આર્થિક ભીંસમાં છે એ જાણે તો લા. ઠા. ઝાલ્યા ના રહે. લડવું હોય ત્યારે લડી લે, પણ પછી પ્રેમ ય એટલો જ દાખવે. રઘુવીર સાથે હાથાપાઈ થઇ પછી તેમણે કયાંકથી જાણ્યું કે ગામમાં પોતાનું મકાન બંધાવવા માટે રઘુવીરને થોડા પૈસાની જરૂર છે. રઘુવીરને લા. ઠા. એ પૈસા આપ્યા. પણ સાથે બે આકરી શરત મૂકી: ૧) પોતે આ રકમનું વ્યાજ નહિ લે, અને ૨) 'રે' ગ્રૂપના કોઈ મિત્રને આ વાત નહિ કરવાની. (પૈસા લેવાની બાબતમાં લા. ઠા. વિશ્વાસ મૂકી શકાય એવો મિત્ર છે.)

કલાકાર, શિક્ષક કે સાહિત્યિક મિત્રો પાસેથી દવાનાં પૈસા તે નથી લેતા, ને છતાં ખૂબ જ પ્રેમથી સારવાર કરે છે. ગુજરાતી સાહિત્યની તંદુરસ્તીનો તે હમેશાં ખયાલ કરે છે. 'ગુજરાત સમાચાર'માં 'પુનર્વસુ' નામે તે જે કટાર લખે છે તેમાં ફલાણી દવા પોતાને ત્યાં કે ઢીંકણી દવા પોતાના ભાઈને ત્યાં મળે છે એવો ઉલ્લેખ પણ તે કયારે ય નહિ કરવાના.

રાવજીને ય લા. ઠા. એ ઘણી મદદ કરેલી. એક વાર રાવજીએ લા. ઠા.ને કહ્યું: 'મને પચાસ રૂપિયા આપો.' લાભશંકરે તરત જ પૈસા આપ્યા ને એ જ સાંજે એ પચાસ રૂપિયામાંથી રાવજી ૪૯-૯૯ના નવા બૂટ ખરીદી લાવ્યો! લા. ઠા.ને બૂટ બતાવી પૂછ્યું: 'કેવા છે?'

'સરસ છે...' લા. ઠા. ઉવાચ. એથી વિશેષ કશું જ નહિ. રાવજીને બૂટ કરતાં ય વધારે જરૂર ખોરાકની છે એ જાણવા છતાં ભાષણ ના આપ્યું. (પૈસા ને ભાષણ બન્ને સાથે તે કયારેય નથી આપતા.)

લાભશંકર પેલા શંકર જેટલા ભોળા નથી. બહુ જ શ્રૂડ છે. (એ વગર અમદાવાદમાં વૈદકની આટલી મોટી પ્રૅકટીસ ચાલે જ શી રીતે?) એ બધાને ઓળખે છે, બધું જાણે છે. મિત્રોની મર્યાદાઓ પારખતા હોવા છતાં એ બધી મર્યાદાઓ સાથે જ તેમને સ્વીકારે છે. (કયારેક તેમનો ગેરલાભશંકર તરીકે ઉપયોગ થાય છે એય તે જાણતા હોય છે.) આમ જોવા જઇએ તો મિત્રો લા. ઠા.ની મૂડી છે, તો સાથે એ નબળાઈ પણ એટલી જ છે. મૂળે તે મધ્યકાલીન યુગના સામંત છે. (કોઈક તેમને પાટડી દર-બાર પણ કહે છે.) પોતે 'રે' મઠના મઠાધીશ તરીકે ખ્યાતિ (!) મેળવી ચૂકયા છે. રાજામાં હોય એવી કેટલીક વિશિષ્ટતાઓ પણ તે ધરાવે છે. જેમકે, રાજાને રોબ (વસ્ત્ર) ઊંચકનાર જોઇએ, તેમ લા. ઠા.ને ય આસ-પાસ કેટલાક માણસો જોઈએ છે. પોતાનો ભાર પોતે ઉપાડી નથી શકતા એટલે મિત્રોને નિભાવે છે. પણ પોતાના વ્યક્તિત્વ કરતાં વધુ સામર્થ્ય ધરાવનારને કયારે ય પોતાની સાથે નહિ રાખે. આ જણ કર્તા ઑફ એચ. યુ. એફ. (હિન્દુ અનડિવાઇડેડ ફૅમિલી) છે. તેમને ગાર્ડીઅન થવું જ ગમે છે. તે વાલીપણામાં જ મ્હોરી શકે છે.

આત્મગૌરવ વિષે ય લા. ઠા.ની આગવી વિચારધારા છે. એક સા-હિત્ય-શિક્ષણકારે કવિતાના એક પુસ્તકનું સંપાદન કરેલું. તે માટે કવિતા માગતાં લા. ઠા.એ પોતાની કવિતા ના આપી એટલું જ નહિ, સંપાદકને જણાવ્યું કે 'અ-કવિ સંપાદકને હું મારી કવિતા નહિ આપું.' આમ તે ના પાડવાનું ગૌરવ પણ લઈ શકે છે. ના પાડવાની તકનો ય ભરપેટ ઉપયોગ કરી લે છે!

એમની વિચારસરણી ક્રાંતિકારી હોવા છતાં નિટેકસની બાંયવાળી ગંજી પહેરીને પોતાના પુત્રને તે યજ્ઞોપવીત અપાવી શકે છે. પોતાના આ કાર્યને ગૌરવાન્વિત કરતાં પાછા કહે ય ખરા: 'આ પણ (અનુ. પૃ. ૧૨)

સાહિત્યસંપર્ક

અમર-કોશ*
શંકરદેવ વિદ્યાલંકાર

ભારત સરકારની ભાષાકીય મોજણી પ્રમાણે આપણા દેશમાં પાંચસોએક પરિવારોમાં સંસ્કૃત ભાષા દૈનિક વ્યવહારની ભાષા છે, છતાં આ એક હકીકત છે કે સંસ્કૃત ભાષા અને સાહિત્યનું અધ્યયન આપણા દેશમાં ઓછું થતું જાય છે. આપણી શાળાઓમાં સંસ્કૃતના અધ્યયન પ્રત્યે ઘણું ઓછું લક્ષ અપાય છે. તેનું પરિણામ આ આવ્યું છે કે આપણી હાલની પેઢીના વિદ્યાર્થીઓની માતૃભાષા પ્રત્યેની શુદ્ધતા, પ્રબુદ્ધતા અને તેની રચનાશૈલી પ્રત્યે ચોકસાઈયુક્ત આગ્રહની ભાવના નબળી પડતી જાય છે, અને જોડણી પ્રત્યે તો અતિ શોચનીય દુર્લક્ષ જોવામાં આવે છે.

ઓગણીસમી સદીના ભારતના નવજાગરણકાલમાં થઈ ગએલા આ દેશના દરેક પ્રાંતના પંડિતયુગના વિદ્વાન સાહિત્યસ્વામીઓની સર્જક પ્રતિભા અને કૌશલનું એ કારણ હતું કે તેઓ યુરોપ તરફથી આવતી જ્ઞાનધારા અને અંગ્રેજી ભાષાના સારા જાણકાર હોવાની સાથે સંસ્કૃત ભાષા અને સાહિત્યના પણ રસિક અધ્યેતા અને જ્ઞાતા હતા.

દુનિયાની અપ્રચલિત ભાષાઓનાં અધ્યયન, પરિજ્ઞાન અને સંશોધનકાર્ય માટે તેનાં વ્યાકરણ, શબ્દભંડોળ અને વ્યુત્પત્તિશાસ્ત્રની જાણ અગત્યની હોય છે. પરંપરાગત શૈલીથી સંસ્કૃત ભાષા શીખનાર છાત્રોમાં એક સારુ સુભાષિત પ્રચલિત છે :

> अष्टाध्यायी जगन्माता
> अमरकोशो जगत्-पिता।

અર્થાત્—સંસ્કૃત ભાષાના અધ્યયન માટે પારિગતિમુનિનું 'અષ્ટાધ્યાયી' નામક સંસ્કૃત વ્યાકરણ માતા સમાન છે અને અમરસિંહ પંડિત કૃત સંસ્કૃત શબ્દકોશ—'અમર કોશ' પિતા સમાન ઉપકારક છે. સંસ્કૃત શબ્દકોશોમાં એ અમરકોશ સર્વોત્કૃષ્ટ મનાય છે. તેની રચના સમ્રાટ વિક્રમાદિત્યની સભાના વિદ્વાન નવ રત્નો પૈકી અમરસિંહે પાંચમી શતાબ્દીમાં કરી હતી.

સંસ્કૃત ભાષાનું એક વૈશિષ્ટ્ય એ છે કે તેમાં વપરાતા શબ્દોનાં ત્રણ લિંગ (જાતિ) છે અને પદાર્થનાં નામોના લિંગ સુનિશ્ચિત છે. પદાર્થની જાતિ (લિંગ) ગમે તે હોય, પણ તેના વાચક શબ્દનું લિંગ સુનિશ્ચિત છે. તેથી દરેક શબ્દના લિંગનું જ્ઞાન શબ્દકોશ પ્રમાણે જાણવું અને યાદ રાખવું પડે. વસ્તુ ભલે નારી જાતિની હોય છતાં તેનો વાચક શબ્દ નપુંસક લિંગવાળો પણ હોઈ શકે દા. ત. 'કલત્ર' એટલે નારી, પરંતુ 'કલત્ર' શબ્દનું લિંગ નપુંસક છે; 'દારા' એટલે સ્ત્રી, પરંતુ દારા શબ્દ પુલ્લિંગમાં વપરાય છે; 'મિત્ર' શબ્દ સૂર્ય પરત્વે વપરાય ત્યારે પુંલ્લિંગ હોય છે અને તે દોસ્તના અર્થમાં વપરાય ત્યારે તેનું લિંગ નપુંસક લિંગ હોય છે; પાણી વાચક 'અપ' શબ્દ સ્ત્રીલિંગાત્મક છે, જ્યારે જળ, વારિ, સલિલ, અંબુ, પયસ્ વગેરે જલાર્થક બધા શબ્દો નપુંસક લિંગમાં વપરાય છે!

આમ સંસ્કૃત ભાષામાં વપરાતા લાખો શબ્દોના લિંગો નક્કી થએલા છે. આ બધા શબ્દોના લિંગોની જાણ માટે સંસ્કૃતમાં અનેક શબ્દકોશોની રચના થઈ છે. તેમાં અમરકોશ સર્વોત્તમ ગણાય છે. એમાં સંસ્કૃત શબ્દોના પર્યાયો વિસ્તારથી આપવામાં આવ્યા છે, તેની સાથે શબ્દના લિંગનું સૂચન પણ ઘણી ચોકસાઈ સાથે કરવામાં આવ્યું છે, જેથી અધ્યેતાઓ, વિદ્વાનો અને સાહિત્યસર્જકો તે પ્રમાણે જ તેનો વ્યવહાર કરી શકે. આવા શબ્દકોશો સંસ્કૃત ભાષાના અધ્યયન માટે ચાવી રૂપ છે, ને તેથી આવા કોશોનું નામાભિધાન લિંગાનુશાસન કરવામાં આવ્યું છે. અર્થાત્—સંસ્કૃત શબ્દોના લિંગોની વ્યવસ્થાને ઓળખવાની સંહિતા (ચોપડી).

આવા અતિ અગત્યના સંસ્કૃત શબ્દકોશ (નામલિંગાનુશાન = અમરકોશ)નું ગુજરાતી ભાષાંતર કરી આપણા વિદ્વાન શાસ્ત્રીજીએ ગુજરાતી ભાષાભાષી પ્રજાની ખૂબ જ સારી સેવા કરી છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. આ ભાષાંતરમાં સંસ્કૃત શબ્દોના પર્યાયોના લિંગવિધાનની સૂચના સાથે તેના ગુજરાતી પર્યાયોના લિંગોનું પણ સ્પષ્ટ સૂચન કરવાથી કોશની ઉપકારકતામાં ઘણો વધારો થયો છે.

આપણા દેશમાં ઔષધિઓ ને વનસ્પતિઓનાં નામો અને અર્થો પ્રત્યે ઘણી અરાજકતા પ્રવર્તે છે. એક જ વનસ્પતિના સંસ્કૃત નામના અર્થો અને ઓળખાણ જુદાજુદા પ્રાંતોના વિદ્વાનો જુદીજુદી રીતે આપે છે. આ કોશના વનૌષધિ-પ્રકરણમાં આવતા શબ્દોના અર્થો ને ઓળખાણ માટે ગુજરાતના જાણીતા વનસ્પતિશાસ્ત્રી અને વૈદ્યાચાર્ય શ્રી બાપાલાલભાઈની મદદથી ઔષધિઓના ગુજરાતી અર્થોમાં ચોકસાઈ રાખવા માટે સારો પુરુષાર્થ કર્યો છે.

સંસ્કૃતમાં એક શબ્દના અનેક અર્થો પણ હોય છે. તેની પણ પ્રસંગ પ્રમાણે સારી સમજૂતી આપવામાં આવી છે. દા. ત. 'મન્દાર' શબ્દ ત્રણ વનસ્પતિઓ માટે વપરાય છે : પારિજાત, આકડો અને પાંડેરવો. એ જ પ્રમાણે 'શિવા' શબ્દના ચાર અર્થ થાય છે : પાર્વતી, હરડે, ખીજડો ને શિયાળવી. અનુવાદમાં આવા અર્થભેદોની પણ ચોખવટ કરવામાં આવી છે.

પુસ્તકના અંતમાં સંસ્કૃત શબ્દોની અનુક્રમણિકા સાથે ગુજરાતી શબ્દોની પણ સૂચિ આપવામાં આવી હોત તો વાચકો અને સંશોધકોને દેશી નામોનાં સંસ્કૃત નામો શોધવાની સરલતા થઈ જાત. ગ્રંથના પુનઃસંસ્કરણ અને મુદ્રણ વખતે ગુજરાતી શબ્દસૂચિ પણ

* 'નામલિંગાનુશાસન કિંવા અમરકોશ': અનુવાદક : અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી; પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ; વિક્રેતા : બાલગોવિંદ બુકસેલર્સ, ગાંધીમાર્ગ, અમદાવાદ–૧; પૃ. ૬૮૮, પાકું પૂઠું, રૂ. ૨૦.

શબ્દકથા : પગરણ · પાગરણ

સંસ્કૃત પ્રकरण ના વિવિધ અર્થોમાં 'પ્રસ્તાવ, પ્રારંભ, પ્રસંગ' એવા અર્થ પણ છે. જૂની ગુજરાતીમાં એ શબ્દ पगरण એવે સ્વરૂપે પ્રચલિત થયો અને તે પરથી અર્વાચીન ગુજરાતીમાં पगरण એટલે 'સારું ટાણું, મંગળ પ્રસંગ' તથા पगरण करवुं કે માંડવું એટલે 'શરૂઆત કરવી'.

ગુજરાતી કોશોમાં पागरण ના અર્થોમાં 'સારું ટાણું' અને 'શોભા, શણગાર' એવા અર્થ પણ આપેલા છે. આમાં पगरण અને पागरण વચ્ચે ગોટાળો થએલો હોય એમ જણાય છે. पागरण નો 'પાથરવાની ચીજ-વસ્તુ (શેતરંજી, જાજમ વગેરે જેવું પાથરણું)' એવો મૂળ અર્થ છે. પ્રાકૃતમાં पंगुर એટલે 'ઓઢવું, વસ્ત્રથી આચ્છાદિત કરવું', અને पंगुरण એટલે 'ઓઢવાનું વસ્ત્ર, આચ્છાદન'. આ ઉપરથી ગુજરાતી पागरण, મરાઠી पांघुरण વગેરે થયા છે.

અપભ્રંશમાં એક કહેવત છે કે 'જિતિઉ પહુચ્ચઈ પંગુરણુ, તિતિઉ પસારહિ પાઉ' એટલે કે 'પાગરણ (=ઓઢણું) જેટલું પહોંચે, તેટલા જ પગ લંબાવવા'.

હરિવલ્લભ ભાયાણી

અપાશે તો ગ્રંથની ઉપાદેયતામાં વધારો થશે. ખરેખર આ કોશના પ્રકાશનથી સારસ્વત-સમાજ સારી પ્રસન્નતા અનુભવશે.

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

શીમળાનાં ફૂલ: વર્ષો સુધી સાથે રહેવા છતાં એકબીજાથી સાવ અપરિચિત રહેલાં પતિ-પત્ની વિમલ અને રત્નાની આ હૃદયંગમ કથા-માં શ્રી ધીરુબહેન પટેલે રત્નાની ગહન વ્યથાનું સુંદર આલેખન કર્યું છે. રત્નાને એક દીકરી દીપાલીના મૃત્યુ પછી બીજું કોઈ સંતાન નથી અને તે પ્રયાસ કરવા છતાં વિમલને ચાહી શકતી નથી એથી ઘર છોડી પૂના એક સખીના ઘેર ચાલી જાય છે. સખી ઉમાની પુત્રી પાયલ એના ઉપર ખૂબ પ્રેમ રાખે છે. એથી ઉમાને રત્નાની ઈર્ષા આવે છે. રત્ના ત્યાંથી પંઢરપુર જાય છે ત્યાં ધર્મશાળામાં એક પુરુષની હાજરી માત્ર એના મનમાં ભય ઉત્પન્ન કરે છે અને એ મુંબાઈ પાછી ફરે છે. વિમલ એને બારણેથી જ પાછી વાળી હોટેલમાં ઊતરવાની સગવડ કરી આપે છે. બીજા દિવસે જેની સાથે રાત ગાળી હતી એ પલ્લવીને લઈ વિમલ રત્નાની હોટેલમાં આવતાં અકસ્માતનો ભોગ બને છે. ઑસ્પિ-ટલમાં રત્ના-વિમલનું મિલન થાય છે એ મિલન રત્નાએ ઈચ્છેલા સૂક્ષ્મ મિલનમાં પરિણમવાનો સંભવ ઊભો થાય છે ત્યાં સગર્ભા બનેલી પાયલ આવી ચડતાં વિમલના એના માટેના ઉદ્‌ગા-રોથી રત્ના ફરી ભાંગી પડે છે.

માનવમનની સંકુલતાઓને અદ્‌ભુત રીતે વ્યક્ત કરતી આ નવલકથામાં શ્રી ધીરુબહેને પ્રસંગાલેખન, પાત્રાલેખન, સંવાદ ઇત્યાદિમાં જે અનાયાસ કલાસિદ્ધિ બતાવી છે, એ પ્રશંસ-નીય છે. માનવમનની લાગણીઓને ને ખાસ કરીને નારીહૃદયનાં નાજુક સંવેદનોને આલે-ખવાની લેખિકાની સૂઝ અદ્‌ભુત છે. રત્નાએ પંઢરપુરની ધર્મશાળામાં નિશીથને જોતાં પોતે સ્ત્રી છે એવો જે ભાવ અનુભવ્યો એનું આલે-ખન અને ત્યાર બાદની રત્નાની મનઃસ્થિતિનું ચિત્રણ ખૂબ નજાકતથી કરવામાં આવ્યું છે. જવલ્લે જ આહ્‌લાદવા મળતી એક સુંદર નવલ-કથા (પ્ર૦ એન. એમ. ત્રિપાઠી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પૃ. ૨૬૮, પાકું પૂઠું, રૂ. ૧૨-૭૫.)

કાગળની લંકા: પંજાબના નામાંકિત નવલકથાકાર શ્રી હરનામદાસ સહરાઈની આ ઐતિહાસિક નવલકથામાં પંજાબકેસરી મહા-રાજા રણજિતસિંહથી શરૂ કરી બાલ મહારાજા દિલીપસિંહના શાસનકાળના આરંભ સુધીના પ્રસંગોનું હૃદયંગમ આલેખન થયું છે. એક બાજુ રાજમહેલનાં કૌભાંડો, છળકપટ, ભોગ-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



વાસુદેવ સ્માર્ત

જન્મ: સુરતમાં, તા. ૧૭-૭-૧૯૨૫. સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સ (મુંબાઇ)માં સ્વ અહિવાસીજી પાસે કલાનો અભ્યાસ કરી ત્યાં રહેલા અને અધ્યાપક રહ્યા બાદ સૂરતમાં 'જીવનભારતી'માં કલાવિભાગના સંચાલક. ભારત સરકારની સાંસ્કૃતિક અભ્યાસની શિષ્યવૃત્તિ મેળવી '૫૮-'૬૦ ભારતીય કલા અને ભીંતચિત્રોનું વિશેષ ઊંડું અધ્યયન કર્યું. ઈ. '૬૧-'૬૨ અમદાવાદમાં કલા મહાવિદ્યાલયમાં પ્રા-ધ્યાપક રહી કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના મહિલા મહાવિદ્યાલયમાં ચિત્રકલા વિભાગમાં. ભારતીય કલાપરંપરાના આગ્રહી. દેશના વિવિધ પ્રદેશની લોકકલા અને લોકસંસ્કૃતિનો પ્રત્યક્ષ પરિચય પામ્યા છે. સંસ્કૃત સાહિત્યના અનુરાગી. કાલિદાસની રચનાઓ પરની તથા તાંત્રિક સંજ્ઞાઓયુક્ત એમની અનેક ચિત્રકૃતિઓ ખ્યાત છે તથા દેશવિદેશમાં જાહેર તથા ખાનગી સંગ્રહોમાં સંઘરાઈ છે. 'કલાદર્પણ' નામે કલાનું પાઠ્યપુસ્તક અને ભારતીય રૂપાંકનોનાં અંબાર સમા 'રૂપસંહિતા'ના પ્રકાશન ઉપરાંત અવારનવાર કલાવિષયક લેખોના લેખક. રાષ્ટ્રીય કક્ષાનાં ચિત્રપ્રદર્શનોમાં અનેક વાર શ્રેષ્ઠ પુરસ્કારોથી પુરસ્કૃત. આજ સુધીમાં એમણે આઠ નિજી પ્રદર્શનો પણ યોજ્યાં છે.

૧. કલાકાર તરીકે સૌન્દર્ય ને કલાની આપની અંગત માન્યતા શી છે?

ઉ. સૌન્દર્યને શબ્દોમાં બાંધવા કરતાં ભાવાત્મક રીતે એને માણવામાં વધુ મજા છે. સુડોળ, છંદબદ્ધ ને લયયુક્ત નૈસર્ગિક સૌન્દર્યનો અનુભવ કે સ્પર્શમાત્ર આનંદવિભોર કરી દે છે. અને કલા એટલે સ્વાનુભૂતિને કોઈ પણ માધ્યમ દ્વારા કૌશલ-યુક્તપણે અભિવ્યક્ત કરવાની ક્રિયા.

૨. ભારતનાં કયાં કયાં સ્થળોથી આપ પ્રભાવિત થયા?

ઉ. હિમાલયની વિશાળતા, નર્મદાની ગતિશીલતા, અરુણા-ચલની દિવ્ય શાંતિ, દક્ષિણના ઉત્તુંગ દેવપ્રાસાદોની ભવ્યતા, રાજસ્થાનની મરુભૂમિની રુક્ષતા છતાં રંગોનું આકર્ષણ, આ-સામની હરિયાળી, ગુજરાતના લોકજીવનની સમૃદ્ધિ, મહા-રાષ્ટ્રની કઠોરતા છતાં ત્યાંની નૈસર્ગિક મનોરમતા વગેરેએ મને અજબ રીતે આકર્ષ્યો છે.

૩. મુખાકૃતિની દૃષ્ટિએ આપને કયાં ચિત્રો વધુ ગમ્યાં છે?

ઉ. અજંતાના ભગવાન બુદ્ધનાં નિમિલિત નયનો, તાંડવ કરતા શિવની મુખાકૃતિ, કિસનગઢની રાધાની તિરછી આંખ, પહાડી ચિત્રોમાં કૃષ્ણની મુસ્કાન, મોના લિસાનું સ્મિત, અ-મૃતા શેરગિલની 'દુલ્હન' અને બીજાં આવાં અનેક ચિત્રો-ની મુખાકૃતિઓના અવર્ણનીય ભાવથી હું મુગ્ધ છું.

૪. ભીંતચિત્રોની વ્યાપક વિશિષ્ટતા શી છે?

ઉ. ચિત્રકલાનો પ્રારંભ જ ભીંતચિત્રોથી થયો છે. પ્રાગૈતિ-હાસિક ગુફાચિત્રો જુઓ. દુનિયામાં જ્યાં જ્યાં એ મળ્યાં છે ત્યાં લગભગ સરખાં જ છે. માનવીના આંતરિક ને બાહ્ય જીવનનાં એ ખરાં પ્રતીક છે. ધીરે ધીરે એનો વિકાસ થઈ સુસંસ્કૃતકાળમાં એ ચરમ સીમાએ પહોંચ્યો છે. અનેક દે-શોની ગુફાઓમાં એનાં ઉદાહરણો મોજૂદ છે.

૫. આપ સંયોજન-પ્રધાન ચિત્રો કઈ દૃષ્ટિએ દોરો છો?


ઉ. હું ઘુમક્કડ છું. પ્રવાસોમાં હું જે કંઈ જોઉં અનુભવું એને વ્યક્ત કરવા સંયોજનપ્રધાન ચિત્રયોજના મને વધુ ફાવે છે. ચિત્રમાં ઘણુંઘણું કહેવાનો મારો સ્વભાવ છે. મારી શૈલી અલંકરણપ્રધાન છે. હું માનું છું કે ચિત્રમાંથી કંઈ પણ અર્થ નીકળવો જોઈએ, માત્ર રંગ-રેખાની ચાતુરી પર્યાપ્ત નથી.

૬. આદર્શ કલાકારની આપની વ્યાખ્યા શી છે?

ઉ. પોતાની જાતને છેતર્યા વગર, નિતાંત સાધનામાં રત રહીને સર્જન દ્વારા આત્મોન્નતિ પ્રતિ લક્ષ રાખે અને જનસામાન્યમાં કલા પ્રત્યેની અભિરુચિ પ્રકટાવે એ મારે મન સાચો કલાકાર.

૭. આપનાં પ્રિય પુસ્તકો, લેખકો, કવિ અને પાત્ર?

ઉ. 'ભગવદ્‌ગીતા', તુલસીકૃત 'રામચરિત માનસ' ને ધર્મા-નંદ કૌસંબીનું 'આપવીતી'. લેખકો ગાંધીજી અને કાકાસાહેબ કાલેલકર, કવિ કાલિદાસ અને મેઘાણી. પાત્ર મર્યાદા પુરુષો-ત્તમ રામ. આ બધાંથી હું અભિભૂત છું. જો કે સમય જતો ગયો તેમ અન્ય વ્યક્તિઓ ને લખાણોએ પણ આકર્ષ્યો છે.



વિલાસ અને અનેક પ્રકારની અધમતા છે તો બીજી બાજુ દેશભક્તિ, ત્યાગ અને ન્યોછાવરી જોવા મળે છે. આ બંનેના તાણાવાણા ગૂંથતા લેખકે રણજિતસિંહ, શાહ મહંમદ, ગુલબહાર, જિંદા આદિ જીવંત પાત્રો ખડાં કર્યાં છે. અનુવાદક શ્રી જયદેવ જ. દવેએ અનુવાદ કરવામાં મૂળ પ્રત્યે સારી નિષ્ઠા બતાવી છે. (પ્ર. ગૂર્જર, અમદાવાદ-૧, પૃ. ૪૯૬, પાકું પૂઠું, રૂ. ૨૪)

પ્રીત પાટણની: ઐતિહાસિક પાત્રોનાં નામો ઉઠાવી કરેલા થોડા પ્રસંગોના આલેખનથી ઐતિહાસિક નવલકથા બની જાય ને આજના યુગના યુવાનોને પ્રેરણા આપે એવા ભ્રમ સાથે લખાએલી શ્રી ભોજરાજગિરિ મ. ગોસ્વામીની સામાન્ય સ્તરની આ નવલકથા જયસિંહ સિદ્ધરાજ પછી ગુજરાતની ગાદી પર આવનાર ભીમદેવની કથા આલેખે છે. (પ્ર. આરતી પ્રકાશન, વારાહી દરબાર. તા. સાવરકુંડલા (સૌરાષ્ટ્ર), પૃ. ૨૦૮, પાકું, રૂ. ૯-૭૫.)

વિરહે ઝૂરું વાલમ: શ્રી ધીરજબહેન પારેખની આ મધ્યમ કક્ષાની નવલકથામાં સુરેખા અને ભાવના નામની બે સખીઓના બે ભાઈઓ સાથેના પ્રેમની અને એ પ્રેમ લગ્નમાં પરિણમે એ અગાઉ પડતી મુશ્કેલીઓની ચીલાચાલુ ઢબે કથા કહેવાઈ છે. શ્રીમાનસનું દર્શન કરાવવામાં લેખિકા સ્વાનુભવના બળે કંઈક ફાવી શકે છે. (પ્ર૦ નવભારત સાહિત્ય મંદિર, મુંબાઈ-૨, પૃ. ૩૧૨, પાકું પૂઠું, રૂ. ૧૪-૫૦.)

રાખની ઈમારત: શ્રી રસિક મહેતાએ એમના પત્રકાર તરીકેના વ્યવસાય દરમ્યાન લખેલી આ વાર્તાઓ દૈનિક પત્રોમાં શોભે એવી જ છે. એમાં વાર્તાકલાની સૂક્ષ્મ નકશીની અપેક્ષા રાખવી અસ્થાને હોઈ એમને ઘટનાઓ કે પ્રસંગકથાઓ તરીકે માણવી રહી. (પ્ર. અશોક પ્રકાશન, મુંબાઈ-૨; પૃ. ૨૬૪ પાકું, રૂ. ૧૨)

ચન્દ્રલેખા: જૂની અને નવી પેઢી વચ્ચેનો સંસ્કારભેદ દર્શાવી ચંદ્રલેખાના પાત્ર દ્વારા જૂની પેઢીના સંસ્કાર સાચવી લેવાનો બોધ આપતી શ્રી હરિલાલ ઉપાધ્યાયની ચીલાચાલુ કથા. (પ્ર. નવભારત સાહિત્ય મંદિર, મુંબાઈ-૨, પૃ. ૩૫૧, પાકું પૂઠું. રૂ. ૧૭.)

કેટલુંક બાળ-કિશોર સાહિત્ય

ધીરુભાઈ પરીખ

વિવિધ પ્રકાશકો તરફથી અમને જે કેટલુંક બાળસાહિત્ય મળ્યું છે તેમાંનું મોટા ભાગનું રોચક અને રમ્ય છે. બાળકોને તે હોંશે હોંશે વાંચવું ગમે તેવું અને ઉપયોગી થાય તેવું છે:

એ. આર. શેઠની કંપની, જી. પી. ઓ. સામે અમદાવાદ-૧ તરફથી નાનાં બાળકોને અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાન મળે તથા ત્યાર બાદ સરળતાથી વાંચતાં શીખી શકે તે માટે આ પ્રમાણે સચિત્ર, બહુરંગી અને સુંદર કાચા પૂંઠાની પુસ્તિકાઓ પ્રકટ થઈ છે: **સુગમ બાળવાચન** (પૃ. ૧૬, રૂ. ૧-૫૦); **ઝગમગ બાળપોથી** (પૃ. ૧૬, રૂ. ૧-૫૦); **શબ્દ શીખો** (પૃ. ૧૨, રૂ. ૦-૮૦); **અંકગણોકક્કોવાંચો** (પૃ. ૧૨, રૂ. ૦-૮૦.)

બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧ તરફથી બાળકોને ભાષાજ્ઞાન આપી તે જ્ઞાનનો ક્રમિક વિકાસ સધાય તે આશયથી **વાચનઝૂલા ભાગ ૧ થી ૪નો** સંપુટ બહાર પાડવામાં આવ્યો છે. એની ચિત્રમયતા અને સુરુચિપૂર્ણ રંગ-પસંદગી આકર્ષક છે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પૃ. ૧૨, સેટની કિં. રૂ. ૫.)

અશોક પ્રકાશન તરફથી 'મારી બાલવાર્તા' એ શ્રેણીમાં બાળકોને વાંચવી ગમે તેવી સુરુચિપૂર્ણ અને રસપ્રદ સચિત્ર વાર્તાનો ધીરજલાલ ગજ્જર લિખિત સંપુટ પ્રકટ થયો છે. તેમાં **પૈસાનું ઝાડ, ઉપકાર, લાલચી કાગડો, ચતુર ચકલી, શેરને માથે સવાશેર અને વાંદરાની પૂંછડી** એમ છ પુસ્તિકાઓનો સમાવેશ થાય છે. (પ્રાપ્તિસ્થાન: નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ અથવા રતનપોળ નાકા, અમદાવાદ-૧; પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકની કિં. રૂ. ૨-૫૦)

પ્રસ્તુત પ્રકાશન સંસ્થા તરફથી બાલસંસ્કારમાળા એ શ્રેણીમાં શાન્તિ ન. શાહ (સત્યમ્) લિખિત વાર્તાઓનો એક સચિત્ર સંપુટ પ્રકટ થયો છે, જેમાં **ત્રણ બહેનો, રાણી ચંપાવતી, નસીબની બલિહારી, મીઠાની કિંમત, ત્રણ મસ્તકોનો ભેદ, જડીબુટ્ટી, જાદુઈ વાંસળી, દાક્તરબાબુ, લાલ મહેલ, મૂર્ખ પુત્ર, પાપનું મૂળ, અને આ લોભ માટે** એમ દસ પુસ્તિકાઓનો સમાવેશ થાય છે. વિવિધ વિષયો-ભાવોને તાકતી આ કિશોર વાર્તાઓ શૈલી અને સ્વરૂપની દૃષ્ટિએ સરસ બની છે. (પ્રા. સ્થા. ઉપર મુજબ, પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકની કિં. રૂ. ૩.)

સાહિત્ય સૌરભ, અમદાવાદ તરફથી જ્ઞાન-વિનોદ પુસ્તકમાળામાં યશવન્ત મહેતાએ તૈયાર કરેલી **'અક્કલની ઉજાણી', 'કહો કોયડા', 'બુદ્ધિ કસો', 'અજબ આલમ'** અને **'નવરાં પડો ત્યારે'** એમ પાંચ સચિત્ર પુસ્તિકાઓમાં તેનાં નામ પ્રમાણે કિશોરોપયોગી વિવિધ સામગ્રી સરસ રીતે પીરસવામાં આવી છે, જે કિશોરોને વિનોદ સાથે વિવિધ પ્રકારનું જ્ઞાન પૂરું પાડી શકે તેમ છે. (પ્રા. સ્થા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પ્રત્યેકનું કાચું પૂઠું, પાંચે પુસ્તકોના સેટની કિં. રૂ. ૧૧)

પ્રસ્તુત પ્રકાશન સંસ્થા તરફથી પશુપંખી કથામાળાની શ્રેણીમાં બાળકો-કિશોરોને આપણાં પશુપંખીઓનો ખયાલ આવે એ રીતે તેનાં રૂપરંગ, સ્વભાવ, ખોરાક, ટેવો, રહેઠાણ વગેરે બાબતની જ્ઞાનપ્રદ વાર્તાઓની પાંચ પુસ્તિકાઓનો કનુભાઈ રાવળે તૈયાર કરેલો સચિત્ર અને સુભગ સંપુટ પ્રકટ થયો છે. (પ્રા. સ્થા. ઉપર મુજબ, પ્રત્યેકનું કાચું પૂઠું, પાંચ પુસ્તિકાઓના સેટની કિં. રૂ. ૧૧)

સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો

ભારતીય સાહિત્ય અકાદમી તરફથી વર્ષોવર્ષ દેશની બધી ભાષાઓમાં પ્રકટ થતી સાહિત્યકૃતિઓ પૈકી વર્ષભરની શ્રેષ્ઠ કૃતિ માટે અપાતાં રૂ. ૫૦૦૦નાં પારિતોષિકો ઈ. ૧૯૭૫ની સાલ માટે નીચેના સાહિત્યકારોને, દરેકને, તેમની સામે જણાવેલી કૃતિઓ માટે આપવામાં આવ્યાં છે.

આસામી: ભબેન્દ્રનાથ સૈકા-'શ્રૃંખલ' (નવલિકાઓ)
બંગાળી: મૈત્રેયીદેવી—'ના હન્યતે' (નવલકથા)
ડોગરી: રામનાથ શાસ્ત્રી—'બદનામી દી છાન' (નવલિકાઓ)
અંગ્રેજી: સર્વપલ્લી ગોપાલ—'જવાહરલાલ નેહરુ' (ચરિત્ર)
ગુજરાતી: નટવરલાલ કુ. પંડ્યા 'ઉશનસ્'—'અશ્વત્થ' (કાવ્યો)
હિંદી: યશપાલ—'મેરી તેરી ઉસકી બાત' (નવલકથા)
કન્નડ: એમ. શિવરામ—'મનમંથન' (માનસશાસ્ત્ર ચિકિત્સા)
કાશ્મીરી: પુષ્કર ભાણુ—'મચમા' (નાટકો)
મૈથિલી: વૈદ્યનાથ મલ્લિક 'વિધુ'—'સીતાયન' (મહાકાવ્ય)
મલયાલમ: જી. ગોવિંદ પિશરોડી 'ચેરૂકત'—'જીવિતપથ' (આત્મકથા)
મણિપુરી: એલ. સમરેન્દ્રસિંગ—'માસંગ લાઈકાઈ થંબલ શાતલે' (કાવ્યો)
મરાઠી: જી. એન. દાંડેકર—'સ્મરણગાથા' (આત્મકથાત્મક નવલકથા)
ઓડિયા: કિશોરીચરણ દાસ—'ઠાકુરા ઘરા' (નવલકથા)
પંજાબી: નરીન્દ્રપાલ સિંગ—'બા મુલાહિજા હોશિયાર' (નવલકથા)
રાજસ્થાની: કનૈયાલાલ શેઠિયા—'લીલતાન' (કાવ્યો)
સિંધી: લક્ષ્મણ ભાટિયા 'કોમલ'—'જીઆ ઝરોકો' (કાવ્યો)
ઉર્દૂ: જાંનિસાર અખ્તર—'ખાકે દિલ' (કાવ્યો)

કલાવાર્તા

યામિની રાયની કલા

રંગભભકથી ઉજમાળું વાતાવરણ, ભારતીય નારીની લાવણ્યરેખા, સૈંકડો વર્ષોના સંસ્કાર-સિંચનથી ઘડાએલા આપણા નમણા ઘાટ અને આકૃતિઓ, આપણી તળપદી જીવનપ્રણાલિ ને રીતરસમો તથા સદીઓથી લોકોના લોહીમાં રમતી રહેલી આપણી કથાગાથાઓના રંગદર્શી તેમજ જીવનસ્પર્શી પ્રસંગચિત્રો ઈત્યાદિથી ભરપૂર સંસ્કારસમૃદ્ધિ આપણે ત્યાં ધબકતી પડી હોવા છતાં કલાસર્જનમાં આપણા કલાકારો પ્રેરણા લેવા શા માટે પરદેશની કલાશૈલીઓ પ્રતિ દૃષ્ટિ નાખતા હશે? શું એ નવી ટેકનિકની લાલચ હશે? નવું કરી બતાવવાની લાગણી હશે? કે પછી ગાડરિયો પ્રવાહ હશે?

'યુનેસ્કો'ના એક પ્રદર્શન માટે આડત્રીસ જેટલા દેશોનાં ચિત્રો ગયાં હતાં. તેના પર આલોચના કરતાં અમેરિકાના અગ્રણી દૈનિક 'ન્યૂ યૉર્ક ટાઈમ્સે' લખ્યું હતું કે, '...કેવળ યામિની રાયનાં ચિત્રોમાં જ પારી(સ)ની નકલ નથી...એમની કળામાં પોતાપણું છે, અને તે કોઈનું ઉછીનું લીધેલું નથી.' લંડનના 'ટાઈમ્સ'નું પણ આવું જ કહેવાનું હતું. આ યામિની રાય ને






એમની કલાથી 'કુમાર'ના ઘણા વાચકો જ્ઞાત છે. આ અંકના મુખચિત્ર તરીકે વધુ એક વાર એમની પ્રશસ્ય કલાશૈલીનો નમૂનો આપ્યો છે. ભારતના કોઠામાંથી જ ઉત્પન્ન થએલા રંગ અને લાવણ્યરેખાઓ વડે એમણે ભારતીય નજરની જ લિપિમાં એક લાક્ષણિક ચિત્રભાષા ઘડીને પોતાના આગવા જ વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો છે. આદિમ ભારતીય સંસ્કૃતિ ને દેશી પદ્ધતિવાળી એમની કલાને કોઈ પણ વિદેશી કલાતત્ત્વની આભડછેટ લાગી નથી. એમની કલામાં આદર્શ ચિરંતન અનુભૂતિ અને સરલ વ્યક્ત સૌન્દર્ય છે. ઝાઝાં વળગણો વિના, સીધેસીધી વાત કરતી હોય એવી સરળ ચોટદાર રેખા અને સપાટ રંગો દ્વારા રજૂ થતાં એમનાં ચિત્રોમાં સહૃદય સચ્ચાઈ અને. સાદી સચોટતા છે. એમના ચિત્રવિષયોની રજૂઆતમાં બધું જતું કરીને માત્ર જરૂર પૂરતા જ ઘાટ જોવા મળે છે, છતાં એમાંના સપાટ વિસ્તારો કદી ખાલી લાગતા નથી, કે નથી એમની રેખાના લાંબા વળાકામાં ક્યાંય શિથિલતા. સહૃદયી


ઉપર: યામિની રાયે કરેલા બે ખસરા.
નીચે: મૅડોના અને સેન્ટ જોન.
ડાબી બાજુ: 'પ્રાર્થનારત' યામિની રાયની આગવી પરિપાટી પહેલાંની, એમની કલાશક્તિની દ્યોતક એક કૃતિ






ગ્રામજન જેવી નિર્દંભ ને નિખાલસ તથા બાળકના મન જેવી સરળ ને નિર્દોષ એમની ચિત્રશૈલી સર્વસામાન્ય ઘાટ પર રચાએલી હોઈ એની મનોહરતા સર્વત્ર કલામર્મજ્ઞોને એકસરખી ગમી રહી છે.

પરંતુ એમની કલાનું સૌને પરિચિત એવું જે સ્વરૂપ છે ત્યાં સુધી પહોંચતાં તો એમને વર્ષો સુધી નિરંતર પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું છે. બચપણમાં સુથાર, વણકર, કુંભાર ને પટુઆ લોકોનાં કસબ-કારીગરીમાંથી એમણે પોતાની કલાશૈલીની પ્રેરણા લીધી છે. પિતાએ એમની કલાભિરુચિ જોઇને કલકત્તાની સરકારી કલાશાળામાં એમને તાલીમની સગવડ કરી આપી. ત્યાંનો અભ્યાસ પૂરો કરતાં સુધીમાં તો એક નવોદિત કલાકાર તરીકે એમણે પ્રતિષ્ઠા પણ મેળવી લીધી હતી. એ સમયના એમના ચિત્રકામમાં શાસ્ત્રશુદ્ધ ચોકસાઈ અને પીંછી પરનું પ્રભુત્વ સિદ્ધ થઈ ચૂક્યું હતું. ઇચ્છત તો એ માર્ગે એમણે નામના અને ધન બને પ્રાપ્ત કર્યા હોત. આરંભમાં એમણે એ રીતે કામ કયુ પણ ખરું અને એમાં સફળ પણ રહ્યા. પણ એમનું મન પોતાના અંતરની અભિવ્યક્તિ શોધવા મથતું હતું. અવનીન્દ્રનાથ ટાગોરે ત્યારે ભારતીય કલાપ્રાણની જાગૃતિની ચેતના પ્રકટાવી હતી.










અમેરિકામાં ફ્લૉરિડા ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટીની કૉલેજ ઑવ હ્યુમૅનિટીઝ ઍન્ડ ફાઈન આર્ટ્સમાં ગ્રાફિક ડિઝાઈન શીખવતા ને એ ક્ષેત્રે સારી સફળતા તથા માન પામેલા ભાઈ જગદીશ જે. ચાવડા (જમણી બાજુ એમના કલાવર્ગમાં)નાં ગ્રાફિક ડિઝાઈન–ઉપર અનુક્રમે: એક રેકૉર્ડ કવર, ફ્લૉરિડા ટૅક્. યુનિ. ફેડરલ ક્રૅડિટ યુનિયન તથા પોતાના નામના ‘લોગો’ અને અંગ્રેજીના મૂળાક્ષરો ગૂંથીને કરેલું એક ડિઝાઈન.



યામિની રાયે એ માર્ગે પણ પોતાની અભિવ્યક્તિ અજમાવી જોઈ, પણ એથી એમને સંતોષ ન થયો. અંતે ૧૯૨૧માં ચોત્રીસ વર્ષની વયે એમને પોતાને જોઈતો નિજી માર્ગ મળી ગયો. સમગ્ર ભારતમાં લગભગ એકસરખી એવી લોકશૈલીના સપાટ ભભકભર્યા રંગો અને જાડી જોરદાર રેખાઓવાળી પરંપરિત લઢણને માધ્યમ બનાવીને એમણે પોતાના ઉરભાવો વહેતા કરવા માંડ્યા. બજારમાં તૈયાર મળતા સુંદર રંગોને વાપરવાની કાબેલિયત છતાં એમણે રંગીન માટી, સિંદુર, ખડી ને દીવાની મેશને જાતે ઘૂંટીને બનાવેલા માત્ર ગણતરીની જ સંખ્યાના સાદા રંગોમાં પૂરા લાઘવથી પોતાની ભાવનાસૃષ્ટિને પ્રકટ કરવા માંડી. હૂબહૂ આલેખનની તાલીમ પામેલો હાથ, ધારી આકૃતિઓ ઉતારતી કેળવાયેલી આંખ અને કોઈ પણ સાધનને રમાડી શકતી ચપળ આંગળીઓના સ્વામી યામિની રાયે આ સાદી સામગ્રી વડે પોતાની મનોગત કવિતાને ભૂમિપુત્રોની ભાષામાં ઉતારી બતાવી.

એમના સર્જનમાં સ્વસ્થતા છે, એક પ્રશાંત લય છે. એમની રેખાઓમાં વેગ અને રંગમાં આગવી ભભક છે. પણ એમાં તરવરાટ કે ઉકળાટ નથી; લયનું માધુર્ય અને નિરાંતની શાંતિ એમાંથી પ્રકટે છે. એમના ચિત્રવિષયો જનસામાન્યના જીવનનો મોકળો વિસ્તાર દર્શાવે છે.

પણ આ તબક્કે પહોંચતાં પહેલાં એમણે ઓછું મનોમંથન નથી અનુભવ્યું. પોતાની કલાસાધના માટે એમને ઘણો ભોગ આપવો પડ્યો છે. એમના કહેવા પ્રમાણે ‘સત્તર તબક્કા’-ઓમાથી પસાર થતાં એમને અનેક પ્રકારની તાવણીમાં તપવું પડ્યું છે. આર્થિક વળતરના અભાવથી એમના પરિવારને ઘણું વેઠવું પડ્યું છે. મિત્રો અને હિતેચ્છુઓની ઉપેક્ષા પણ એમને સહન કરવી પડી છે. પણ છેવટ એમની કલાની સચ્ચાઈ પ્રકટ થઈ છે. જેઓ એમને સમજી શક્યા છે એ દેશી-વિદેશી કલારસિયા બાલીગંજના એમના નાના સાંકડા ઘર સુધી જાતે જઈને એમની કૃતિઓ ખરીદતા રહ્યા છે.

કેટલાકને મન એમના ચિત્રવિષયો તદ્દન સાધારણ તથા પ્રાયઃ એક જ પ્રકારના લાગ્યા છે. કેટલાકને એમનો કલાવિકાસ થંભી ગએલો પણ લાગે છે. પણ એથી વિપરીત અભિપ્રાય પણ છે કે વીસમી સદીની કળાના નવોદયમાં એમણે જે યોગદાન કર્યું છે એ નવ્યતમ કલારૂપોના મૂલ્યાંકનની દિશામાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એમણે જૂની પ્રણાલિને એક નવો લય આપ્યો છે. લંડનના બ્રિટિશ મ્યૂઝિયમના હિંદી વિભાગના નિયામક જૉન અર્ચિન અને વિષ્ણુ દે જેવા કલામર્મજ્ઞોના કહેવા પ્રમાણે યામિની રાય એક જ એવા હિંદી કલાકાર છે કે એમણે સાચા સર્જકની ખરેખરી વિશુદ્ધ અને મર્મગામી અભિવ્યક્તિ સાધી છે. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૫મો · પ્રકરણ ૩જું—

મહાકવિ મિલ્ટન



પ્રાસ્તાવિક

શેક્સપીઅર પછી અંગ્રેજી સાહિત્યમાં મહાકવિ મિલ્ટન (૧૬૦૮-૧૬૭૪) એની વિલક્ષણ પ્રતિભાથી ધ્યાન ખેંચી રહે છે. સ્પેન્સર, શેક્સપીઅર અને બેન જૉન્સન જેવા સમર્થ પુરોગામી કવિઓ માટે મિલ્ટનને આદર છે. શેક્સપીઅરને તો તે ઉષ્માભરી અંજલિ પણ આપે છે. તેમ છતાં આ બધા કવિઓથી એ નિરાળો છે. અંગ્રેજી સાહિત્યસૃષ્ટિમાં શેક્સપીઅર જો એક તેજસ્વી નક્ષત્ર છે, તો મિલ્ટન વ્યોમમાં ઊંચે સ્થિરપણે પ્રકાશતો બીજો તેજસ્વી તારક છે. કવિ વર્ડ્ઝવર્થે એની પ્રતિભા વિષે નીચેની વિખ્યાત પંક્તિમાં યથાર્થરીતે આદર પ્રકટ કરેલો છે:

Thy soul was like a star, and dwelt apart.

અત્યાર સુધીના બધા કવિઓમાં નવજાગ્રતિ ને ધર્મસુધારણાનાં તત્ત્વોનો સમર્થ વણાટ પોતાના કવનમાં પ્રકટ કરનાર તે એકમાત્ર કવિ છે. તેની કવિતામાં ઉત્કટ ધર્મવૃત્તિ અને કલાનો અદ્‌ભુત વિનિયોગ થયો છે.

જીવન અને આદર્શ

મિલ્ટન પૂર્વેના સર્જકોનાં જીવન વિષે શ્રદ્ધેય માહિતી ઉપલબ્ધ નથી, પણ મિલ્ટનની બાબતમાં એવું સુખ છે. એનાં જીવન અને કાર્ય વિષે વિગતપૂર્ણ અને આધારભૂત માહિતી સુલભ છે. એનાં ત્રણ કારણ છે. એક તો, વિદ્યાર્થી અવસ્થામાંથી જ પોતે અસાધારણ માનવી થવા અને જીવનનું કોઈ મહાન કાર્ય કરવા સર્જાયો છે એવી તેને આત્મપ્રતીતિ થઈ ચૂકી હતી. એટલે પોતાનાં કાવ્યોમાં પોતાના આદર્શો વિષે તેમજ જીવનના અંશો વિષે એણે થોડીક સામગ્રી વેરી મૂકી હતી; અને ગદ્ય લખાણોમાં તો તેણે પોતાના કાર્ય વિષે, મનોરથો અને મિત્રો તેમજ પ્રવાસ વિષે સારી એવી માહિતી પ્રકટ કરી દીધી છે. એનાં ગદ્ય લખાણોમાં એ અંશો જ મહત્ત્વના બની રહ્યા છે. બીજું, મિલ્ટને તેના યુગના રાજકારણમાં સક્રિયપણે ભાગ લીધો હતો, એટલે ઇંગ્લૅન્ડમાં તેમજ ઇંગ્લૅન્ડની બહાર પણ તેના જીવન-કાર્ય વિષે રસ પેદા થયો હતો અને તત્કાલીન અગ્રણીઓએ તેના વિષે પોતાના અભિપ્રાયો પ્રકટ કર્યા હતા. અને ત્રીજું, મિલ્ટનની જીવનકથા મૅસને પ્રગટ કરી હતી તેમાં ઘણી બધી સામગ્રી ઉપલબ્ધ છે.

ઈ. ૧૬૦૮ના ડિસેમ્બરની ૯મી તારીખે લંડનમાં તેનો જન્મ થએલો. એના પિતા જ્હૉન મિલ્ટન સ્વતંત્ર મિજાજના આદમી હતા. મિલ્ટનના દાદા રોમન કૅથલિક સંપ્રદાયમાં શ્રદ્ધા ધરાવતા હતા. મિલ્ટનના પિતાએ પ્રૉટેસ્ટન્ટ અને કંઈક અંશે પ્યુરિટન સંપ્રદાય પ્રત્યે વલણ દાખવવાથી દાદાએ તેમની સાથેનો સંબંધ તોડી નાખ્યો. પણ મિલ્ટનના પિતા આત્મવિશ્વાસપૂર્વક આપબળે સમાજમાં સારી સ્થિતિએ પહોંચી શક્યા. એમને સંગીતમાં અખૂટ રસ હતો. એમના ઘરમાં વાતાવરણમાં સંગીતની સૂરાવલી ગુંજ્યા કરતી. મિલ્ટનના ચિત્તમાં પણ સંગીતના સંસ્કાર બરાબર ઘૂંટાયા. તેની કવિતામાં અને ગદ્યમાં પણ સંગીત વિષેનો તેનો અનુરાગ પ્રકટ થયા વિના રહેતો નથી.

મિલ્ટનના શિક્ષણમાં એના પિતાને ઉત્કટ રસ હતો અને સેન્ટ પૉલ હાઈસ્કૂલમાં એક પ્રેસ્બીટેરિયન શિક્ષક ટૉમસ યન્ગે તેનું શિક્ષણકાર્ય સંભાળ્યું હતું. વિદ્યાર્થી તરીકે મિલ્ટનમાં આત્મવિશ્વાસ અદ્‌ભુત હતો. સ્વાધ્યાયમાં કોઈ રીતે પ્રમાદ નહિ; અને ઉચ્ચ ધ્યેય તરફ ગતિ કરવાનો તેનો પાકો મનોરથ. મિલ્ટને પોતે એના આ સ્વાધ્યાય વિષે એક લેખમાં નોંધ્યું છે: 'એક પ્રામાણિક કુટુંબમાં, લંડનમાં મારો જન્મ. મારા પિતાએ બચપણથી જ મને ઉચ્ચ સાહિત્યની લહે લગાડી; અને જ્ઞાન માટેની મારી અભીપ્સા એવી તીવ્ર કે બાર વર્ષનો હું હતો ત્યારથી જ કદી મેં સ્વાધ્યાયમાં પ્રમાદ સેવ્યો નથી અને રાતના બાર વાગ્યા પહેલાં સૂવા ગયો નથી.'

મિલ્ટને ઉચ્ચ શિક્ષણ માટે સાતેક વર્ષ કેમ્બ્રિજમાં વસવાટ કર્યો. આ સમય અગાઉ તેણે લૅટિન, ગ્રીક અને હિબ્રૂ ભાષા–સાહિત્યનો સારો એવો અભ્યાસ કરી લીધો હતો. ઈ. ૧૬૨૫માં તે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં દાખલ થયો ત્યારે તો વિદ્યારસથી તેનું ચિત્ત ભર્યુંભર્યું હતું. મોટા કવિ થવા માટેની સજ્જતા તેણે કેળવવા માંડી હતી. તેના સ્વમાની, ગર્વિષ્ઠ, નીતિચુસ્ત અને સિદ્ધાંતપ્રિય સ્વભાવને અહીંનું શિક્ષણ અનુકૂળ લાગ્યું નહિ. કૉલેજના અધિકારીઓ સાથે તેનો મનમેળ જામ્યો નહિ. તેણે ત્યાં અપાતા શિક્ષણની ટીકા પણ કરવા માંડી. તેના ચિત્તમાં એ સમયે નીતિ, સંયમ અને પવિત્રતાના ખયાલો એવા તો રૂઢ થઈ ગએલા હતા કે એ દિવસોમાં ત્યાંની વિદ્યાપીઠોના વિદ્યાર્થીઓમાં ચાલતા વિલાસ, સ્વેચ્છાચાર અને આનંદપ્રમોદ પ્રત્યે તેને સૂગ હતી એમ કહી શકાય. એ ત્યાંની વિલાસી પ્રવૃત્તિઓમાં કદી ભળી શક્યો નહિ અને ત્યાંના વિદ્યાર્થીઓમાં તે 'ક્રાઈસ્ટ કૉલેજની સન્નારી' (The Lady of the Christ's)નું બિરુદ પામ્યો. અલબત્ત, આ બિરુદપ્રાપ્તિ માટે તેનાં સૌંદર્ય ને સૌકુમાર્ય પણ અવશ્ય જવાબદાર ખરાં. મિલ્ટને પોતે પણ પોતાના લખાણમાં આ ઘટનાનો નિર્દેશ કર્યો છે.

મિલ્ટનની યુવાનીનો આ સોનેરી સમય હતો. વાન દેખાવડો હતો. પ્રેમનાં પ્રલોભનો એણે જાણ્યાં હતાં. પ્રેમની હલચલ એના હૈયામાં પણ મચી હતી—એની શાખ એનાં એ સમયનાં લૅટિન કાવ્યો પૂરે છે. સુરા અને સુંદરીનાં આકર્ષણોમાં જરૂર તે લપટાયો હોત. એની દૃષ્ટિમાં ઊંચી ને ઊંડી રસિકતા હતી, ઊર્મિના તરંગો અંતરમાં દોલાયમાન હતા; પણ મહાન કવિ થવાના મનોરથ સેવનાર યુવાન આ પ્રલોભનો આગળ ઝૂક્યો નહિ. જીવનમાં સંયમ અને પવિત્રતા વિના મહાકવિની કલા સિદ્ધ કેમ થાય? ઉચ્ચ ચારિત્ર્યબળ વિના એનું સ્વપ્ન અધૂરું જ રહી જાય. મિલ્ટન સભાનપણે એ બધાં આકર્ષણોથી દૂર જ રહ્યો.

યુનિવર્સિટીના વસવાટ દરમિયાનનાં વર્ષોમાં તેણે પરિશ્રમપૂર્વક પોતાની બુદ્ધિશક્તિને તીક્ષ્ણ બનાવી અને જ્ઞાનપ્રાપ્તિ માટે ભારે પુરુષાર્થ કર્યો, અને ઈ. ૧૬૩૨માં તેણે કેમ્બ્રિજ છોડયું ત્યારે તો એ વિદ્યાપીઠના સંચાલકો તેમજ અન્ય સર્વનાં માન અને પ્રેમનો અધિકારી બની રહ્યો.

પ્રતિભાસંપન્ન વિદ્યાર્થી તરીકે મિલ્ટન ઉચ્ચ શિક્ષણ પૂરું કરીને કેમ્બ્રિજ છોડીને નીકળ્યો ત્યારે તેની ઊંચી કારકિર્દી—નોકરી માટે કોઈના મનમાં લવલેશ શંકા નહોતી; અને એ વખતે તેની ઉંમર માત્ર ત્રેવીસ વર્ષની હતી. પણ મિલ્ટને વિદ્યાપીઠમાંથી બહાર પડયા પછી કોઈ નોકરી કે કોઈ વ્યવસાય સ્વીકાર્યો નહિ. એ સીધો એના પિતાના વિન્ડસર પાસેના હૉર્ટન પરગણામાં આવેલા મકાનમાં પહોંચી ગયો ને ત્યાં બીજાં

લગભગ સાત વર્ષ એના એકાંત અભ્યાસમાં નિમગ્ન થઈ ગયો. એના પિતા અને મિત્રોને એનું આ વલણ–વર્તન સહેજે રુચે નહિ એ સ્વાભાવિક હતું. મિલ્ટન કોઈ દેવળમાં ધર્મગુરુનો વ્યવસાય સ્વીકારે એવી પૂર્વયોજના પણ હતી; પણ મિલ્ટનને હવે એ વ્યવસાય માટે અણગમો પેદા થયો હતો. એના જીવનનો મોટા કવિ થવાનો આદર્શ એની દષ્ટિ સમક્ષ સ્પષ્ટ થતો જતો હતો. કવિ થવા માટેની પૂરેપૂરી સજ્જતા માટે તેને ઉત્તમ સ્વાધ્યાય, મનન અને પરિશીલનની જરૂર હતી. એને પોતાનું ચિત્ત સ્વાધ્યાયમાં કેન્દ્રિત કરવું હતું. પિતાએ જ એના કાવ્યરસને પોષ્યો હતો. અને સંગીતકાર પિતાનો પુત્ર કવિ થાય તો તેમાં અયોગ્ય શું હતું? મિલ્ટનના આ ઉચ્ચાગ્રહે પિતાને નિરુત્તર કરી દીધા.

અને કવિ થવા માટેની સાધના તે બરાબર કરી રહ્યો. એના ઉદારચિત્ત પિતાએ પણ તેની એ તાલીમ પૂર્ણ બને તે માટે તેના પ્રવાસનું આયોજન કરી આપ્યું અને ૧૬૩૮માં તે પ્રવાસે ઊપડયો. પહેલાં પારી(સ)ને ત્યાંથી ઈટાલી–ફ્લૉરેન્સમાં તેની વિકાસયાત્રા શરૂ થઈ. ત્યાંથી તે રોમ પહોંચ્યો. આ બધાં સંસ્કારધામોની પ્રબળ છાપ તેના ચિત્તમાં અંકાઈ ગઈ. સાહિત્ય–સર્જકો અને કલાકારોના સંપર્કે તેની ચિત્તક્ષિતિજોને વિશાળ બનાવી. વેનિસ, નેપલ્સ અને બીજાં અનેક કલાધામોએ તેની સૌંદર્યદષ્ટિને ધાર કરી આપી. એ યુગનાં આ કલાસમૃદ્ધ નગરોની મુલાકાત તેના સર્જક તરીકેના વિકાસમાં ખૂબ ઉપયોગી બની રહી. અંતરમાં વિશિષ્ટ અને વિવિધ સૌંદર્ય–સંસ્કાર–સમૃદ્ધિનો સંચય કરી, મહાસર્જનનું પાથેય પ્રાપ્ત કરીને મિલ્ટન ૧૬૩૯માં ઇંગ્લૅન્ડ પાછો ફર્યો ત્યારે એના જીવનને નવો વળાંક આપે તેવી ઘટના તેની રાહ જોઈ રહી હતી. (ચાલુ)

અનુસંધાન] **સમાદ્દારની ચાવી** [પૃષ્ઠ ૮થી

છે કે તેની ખબર નથી. ન હોય તો યે રૂપિયા તો પૌત્રને જ મળત. અને હોત તો પણ મણિબાબુને મળવાની સંભાવના તો સાવ જ ઓછી, કેમ કે મારું માનવું છે કે રાધારમણબાબુને એમનો ભત્રીજો ગમતો ન હોતો.

'હવે વાત એમ છે કે મારાથી કંઈક છુપાવવા માટે જ એમને જૂઠું બોલવું પડયું હતું એ તો ચોક્કસ. એમના મગજમાં તે દિવસે શો યે ભયંકર તાગડો રચવાનો વિચાર ઘૂમતો હતો કે જેથી એ બપોરે પ્રેસ પર જઈ શક્યા નહિ? તો શું તે દિવસે મધરાતે જે માણસ રાધારમણબાબુના ઘરમાં ઘૂસ્યો હતો તે મણિમોહન સમાદ્દાર જ હતા? મને તો નક્કી એવું જ લાગે છે; કારણ તે દિવસે સવારે જ જ્યારે હું તપાસ માટે આવ્યો હતો ત્યારે મેં પાકી ખાતરીથી તપાસીને જોયું હતું કે બાથરૂમનો આગળો અંદરથી બંધ હતો. એ દરવાજો ખોલ્યો કોણે? અને શા માટે? બાથરૂમ તો હાલમાં કોઈ વાપરતું નથી. અસલમાં જે માણસ ઘૂસ્યો હતો એ આગળના દરવાજાથી નંબરી તાળું ખોલીને જ ઘૂસ્યો હતો. એ તાળાના સંકેતની એને ખબર હતી. ઘરમાં દાખલ થઈ એ માણસે જમાદારનું બારણું ખોલી બહાર આવી નંબરી તાળું બંધ કર્યું ને ફરી બાથરૂમમાંથી ઘૂસ્યો. આ માણસ મણિમોહન જ, એમાં કોઈ શક નથી. તેમણે, લાગે છે, બાકીની વાતનો અર્થ સમજી લીધો હતો, એટલે મેલોકોર્ડ નામનું ચાવીવાળું વાદ્ય લેવા આવ્યા હતા. એમ જ ને?'

અમારા બધાની નજર મણિબાબુ તરફ ગઈ. માથું નીચું હતું એમ જ રાખી તેઓએ આછા અંધકારમાં બે વાર માથું હલાવી હા પાડી.

ફેલુદા બોલ્યો: 'ચાવી એટલે વાજાની ચાવી એમ સમજવા છતાં પણ મને નથી લાગતું કે રાધારમણબાબુનો બાકીનો સંકેત તેઓ સમજ્યા હતા; કેમ કે એટલી એમનામાં બુદ્ધિ નથી. એ બાકીનો સંકેત હું સમજ્યો આજે બપોરે. અને એના માટે જવાબદાર છે શ્રીમાન સાધન.'

અમે આ વખતે બધા જ નવાઈ પામી સાધન ભણી જોઈ રહ્યા. એ પણ મોટી મોટી આંખોને વિસ્ફારિત કરી ફેલુદા ભણી તાકી રહ્યો. ફેલુદા બોલ્યો: 'તારા દાદા સૂર માટે શું કહેતા હતા એ એક વાર કહે જોઉં, સાધન.' સાધન લગભગ ફિસ-ફિસ કરી ગણગણ્યો: 'જેના નામમાં સૂર હોય, તેના ગળામાં પણ સૂર હોય.'

ફેલુદા બોલ્યો: 'વેરી ગુડ. આમાંથી તમને રાધારમણબાબુની આશ્ચર્યજનક તીવ્ર બુદ્ધિની ઝલક જોવા મળશે: "જેના નામમાં સૂર હોય"—બરાબર. સાધનનું નામ જ જુઓ: સાધન સેન. હવે આકાર એકારને કાઢી નાખો તો બાકી શું રહે? સ, ધ, ન, સ, ન. અર્થાત્ સંગીતના સ્વરની ભાષામાં સા ધ નિ સા નિ. આ વાત જેવી સમજાઈ તેની સાથેસાથે એક નવી જ દિશા ખૂલી ગઈ. "મારા નામે...ચાવી." રાધારમણબાબુ શું અહીં પોતાના નામની જ વાત કહેવા માગતા હતા? રાધારમણ સમાદ્દાર એટલે રે ધ રે મ ની સા મ ધ ધ રે? કેટલું સહેલું, અને છતાં કેટલું ક્લેવર—ચતુરાઈભર્યું! ધરણીધર પણ ગાઈ શકતો અને એના નામમાં જુઓ તો સ્વરો છે. ધ રે નિ ધ રે સા મ ધ ધ રે!

'આ સમજ્યો કે સાથે જ મને સમજાઈ ગયું અને મને નિરાંત વળી કે એ મેલોકોર્ડ જ રાધારમણની બૅંક છે. યાંત્રિક કલાકૌશલ્યનો એમને જે શોખ હતો એ તો જર્મન નંબરી તાળા ઉપરથી દેખાઈ આવે છે. આ મેલોકોર્ડ પણ જર્મનીમાં જ બન્યું છે. સ્પિગ્લર નામની એક પ્રખ્યાત વાજાં બનાવનારી કંપનીએ રાધારમણબાબુના ખાસ સ્પેશિયલ ઑર્ડરથી આ મેલોકોર્ડ બનાવ્યું હતું. કેવું સદ્ભાગ્ય કે એ સુરજિત દાસગુપ્તના હાથમાં ચાલ્યું ન ગયું! જો કે આ વાદ્ય વેચતાં પહેલાં રાધારમણ એમની અંદરની વસ્તુઓ ચોક્કસ કાઢી જ લેત. લાગે છે બૅંકની એમને હવે જરૂર રહી નહોતી, કેમ કે વખતે એમને સમજાઈ ગયું હતું કે તેઓ હવે ઝાઝા દિવસ જીવશે નહિ. સુરજિતનો બીચારા ભલા માણસનો આપણે નાહક સંદેહ કરતા હતા. કે તેઓ જ છદ્મવેશી ધરણીધર. અસલમાં સુરજિતબાબુ સાચે જ એક વાદ્ય-પાગલ સંગીતજ્ઞ માણસ છે. તેમનો ઉલ્લેખ મેં સંગીતની ચોપડીમાં જોયો હતો. અને ધરણીધર સાચે જ એના યાત્રામંડળ સાથે ટૂર પર ગયો છે. હવે જાણવું જરૂરી છે કે એના નસીબમાં સાચે જ અર્થ-પ્રાપ્તિ છે કે નહિ. એને ઘણા સમયથી ખૂબ મન છે કે પોતાની જ જાત્રામંડળી ખોલે. મંચલોકના એક ઈન્ટરવ્યૂમાં એવું એણે કહ્યું પણ હતું. તોપસે, ફાનસ પાસે લાવી ધરી રાખ જોઈએ.' મેં ફાનસને પલંગ પાસેના ટેબલ પરથી ઊંચકી મેલોકોર્ડની પાસે લાવી ધરી રાખ્યું.

ફેલુદા બોલ્યો: 'આના બીચારા પર ઘણું વીત્યું. પણ અસલ જર્મન બનાવટ છે! એટલે જ ટકી રહ્યું છે,—જોઈએ હવે રાધારમણની બુદ્ધિ અને સ્પિગ્લર કંપનીની કારીગરીએ મળીને શી વસ્તુ બનાવી છે!'

રાધારમણ સમાદ્દારના નામના અક્ષર પ્રમાણે ફેલુદાએ ચાવીઓ દબાવવાનું શરૂ કર્યું. ટૂં—ટાં—ટૂં—કરતો અદ્ભુત સ્વર નીકળતો હતો એ મેલોકોર્ડમાંથી. આખરી સૂર દબાવતાંની સાથે જ એક ચાબુક વીંઝાય એવા અવાજ સાથે સહુના આશ્ચર્ય વચ્ચે મેલોકોર્ડની જમણી બાજુનું લાકડાનું પાટિયું દરવાજાની જેમ ખૂલી ગયું. અમે બધાએ એના પર નમી પડી, ઝૂકીને જોયું કે એ દરવાજાની પાછળ હતી લાલ મખમલની લાઇનિંગવાળી પેટી જેવી જગ્યા, અને એની અંદર ઠાંસીઠાંસીને ભર્યાં હતાં સો સો રૂપિયાની નોટોનાં બંડલનાં બંડલ!

નોટો બધી બહાર ખેંચી કાઢી ફેલુદા બોલ્યો · 'કમસે કમ પચાસ હજાર! આવો અવનીબાબુ ગણી લઈએ.'

ફેલુદાની આંખો ફાનસના પ્રકાશમાં ચમકતી હતી. હું જાણતો કે એ કંઈ પૈસાના લોભમાં નહિ; પણ એ, પોતાની ધારાળી બુદ્ધિનો થોડોક અંશ વાપરી મનને મૂંઝવી નાખે એવા એક જટિલ રહસ્યનો, કોયડાનો ઉકેલ કાઢી શક્યો હતો તેના આનંદથી ચમકતી હતી. □

પચ્ચીસ વર્ષ પહેલાં



જાન્યુઆરી ૧૯૫૨ · સળંગઅંક ૩૩૭

જાણીતા હાસ્યલેખક બકુલ ત્રિપાઠી ત્યારે 'કુમાર'માં હળવા નિબંધો લખતા (ને એ માટે એમને ઈ. ૧૯૫૧નો કુમાર ચન્દ્રક મળેલો.) આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના જાન્યુઆરી અંકમાં (આવતી ઉત્તરાયણના સંદર્ભમાં) તેમણે પતંગ ચગાવવા ઉપર 'પતંગરંગ' નામનો નર્મ-નિબંધ લખેલો તે સમયોચિત લાગશે :

પતંગ ચગાવવો એ શાસ્ત્ર છે કે કલા ? એ કલા હોય તો શાસ્ત્ર કેમ નહિ ? અને શાસ્ત્ર હોય તો કલા કેમ નહિ ? એ બેઉ હોય તો એમાં શાસ્ત્રનું પ્રમાણ કેટલું અને કલાનું પ્રમાણ કેટલું? અને આત્માને ઉન્નત કરવાને પતંગને ઉન્નત કરવો જોઈએ કે નહિ, અને વૃત્તિઓનું ઊર્ધ્વી-કરણ કરવામાં પતંગનું ઊર્ધ્વીકરણ કંઈ ફાળો આપી શકે કે નહિ ?

તમે જો વિચાર કર્યા કરવાને બદલે કાર્ય કરવામાં માનતા હો તો આ બધી ચર્ચામાં પડ્યા વિના, પહેલાં તો સ્વસ્થ ચિત્તે, પતંગનું કલ્યાણ સાધવાના ઉદ્દેશથી, પતંગોના આખા ઢગલામાંથી છેક નીચેના એકાદ પતંગ પર દૃષ્ટિ ઠેરવી, ઉપરના પતંગોની થોકડી ઊંચી કર્યા વિના જ જોરથી એ પતંગ ખેંચી લો. હવે હાથમાં લઈને એનો ઢઢ્ઢો વાળી જુઓ. બે હાથે પતંગને માથેથી અને ફૂમતેથી પકડીને વાળી જુઓ. હં, વાળો; હજી... અરરર, ઢઢ્ઢો ભાંગી ગયો ? વાંધો નહિ. મેં તો માત્ર મારી ફરજ બજાવી છે એવો સંતોષ મોં પર ફરકાવી બીજો પતંગ લો.

પતંગ પસંદ કર્યા પછી બીજો કંઈ પણ વિ-ચાર કર્યા વિના કન્ના બાંધવાનું કાર્ય હાથ ધરવું. કન્ના કેવી રીતે બાંધશો ? આ બે કાણાં ઉપર પાડયાં, બે કાણાં નીચે પાડયાં, દોરી બાંધીને ગાંઠ મારી, એવી ઊડઝૂડિયા રીત અપનાવવી એ શોભાસ્પદ નથી. કન્ના બાંધવા માટે તો પહેલાં પતંગને આંખથી બરાબર દોઢ ફૂટના અંતરે પકડી રાખવો જોઈએ. પછી... પણ ના, તે પહેલાં એક લોખંડનો સળિયો તૈયાર રાખો. પોલાદ નહિ હોય તો ઘડતર લોખંડ ચાલશે. સળિયો અણીદાર હોવો ખાસ જરૂરી છે.

હવે એક હાથે પતંગને માથેથી અધ્ધર પકડી રાખીને, બીજા હાથમાં પેલો સળિયો લઈ, પતંગથી અગિયાર ઇંચ દૂર રાખો. હવે ભગ-વાનનું નામ લઈ, ઢઢ્ઢા અને કમાનના સંગમ-સ્થાન પર, એક બાજુ—કહો કે જમણી બાજુ સળિયો ખોસી દો. શાબાશ ! આરપાર ખોસી દીધોને ? તમારામાં જોર જબરું છે હોં ! ઠીક. હવે સળિયો ધીમેધીમે બહાર ખેંચી લો.

પરંતુ ઈશ્વરે આપણને બે હાથ આપ્યા છે, બે કાન આપ્યા છે, બે આંખ આપી છે, બે પગ આપ્યા છે, તો પતંગનાં કાણાં પણ બન્ને બાજુ શા માટે ન પાડવાં જોઈએ ? એટલે પેલા સળિયાની અણી ઘસીને ફરી ધારદાર બનાવો. અને હવે સંગમ-સ્થાનની ડાબી બાજુએ એક બીજું કાણું પાડો : ફરીથી ભગવાનનું નામ લઈ, પતંગને સળિયાથી સાડા બાર ઈંચ દૂર રાખી, ઢઢ્ઢાના નીચલા છેડાથી પોણા નવ આડા જવને અંતરે ઢઢ્ઢાની બે બાજુ બીજાં બે કાણાં પાડો. આમ કુલ ચાર કાણાં પડશે. આમ કાણાં પાડતાં પતંગ ફાટી જાય તો મોં પર ફરીથી પેલું શાંત સ્મિત ફરકાવી એ ફાટેલા પતંગને બાજુ પર મૂકી દો. એ હવે પછી કાણાં પાડતાં ફાટી જનારા સંખ્યાબંધ પતંગો સાંધવાના કામમાં આવશે.

કાણાં પાડયા પછી દોરીનો એક ટુકડો લેવો. અરે નહિ, નહિ; કપડાં સૂકવવાની દોરી નહિ; અને કૂવામાંથી પાણી ખેંચવા વાપરીએ છીએ એવું કે ગજગ્રાહ માટે અખાડાવાળા વાપરે છે એવું દોરડું તો પાછું મોંઘું પડી જાય. એટલે સીવવાના દોરાનું રીલ આવે છે ને તે જ લઈ આવો. એ ન જડે તો પછી માંજો પાએલી પાકી દોરીથી પણ ચલાવી લેવાય. ઘણા આળસુઓ બીજી દોરી પસંદ કરવાની આળસે આવી જ દોરી વાપરે છે.

હવે બુદ્ધિપૂર્વક વિચાર કરો કે આ પતંગ અને દોરીનું શું કરવું ? વિચાર કર્યો ને ? બસ, તો એ મુજબ દોરીનો એકએક છેડો ઉપર ની-ચેનાં બબ્બે કાણાંમાં પરોવી ગાંઠ વાળી દો. પછી એ દોરીને મધ્ય ભાગેથી પકડી પતંગનું તોલન કરો,—કાછિયો શાક જોખે છે તેવી અ-દાથી (કેટલાક દીર્ઘસૂત્રીઓ તો સોની સોનું જોખવાનો કાંટો જે ચોકસાઈ, સાચવેતી ને ગાંભીર્યથી ધરી રાખે છે તેવી ચિકાશથી પતંગને સ્થિર કરવા મથે છે.) હવે તમારી ચપટીથી સવા પાંચ આંગળ નીચે એ દોરીને ગાંઠ બાંધો. આ કન્ના તૈયાર થઈ.

કન્ના બાંધ્યા પછી એનો છેડો બીજી લાંબી દોરીને છેડે બાંધી દો. લાંબી દોરી પછી એક ફિરકી પર વીંટાળી દો. હવે એ ફિરકી લઈને અગાશી પર ચડી જાઓ. પતંગની ચિંતા કરતા નહીં એ તો એની ગરજે પાછળ પાછળ આવશે. નહિ આવે તો બેટમજી જશે ક્યાં ?

રાજકારણની જેમ પતંગ ચગાવવામાં પણ પવન કઈ દિશાનો છે જાણવું ખૂબ આવશ્યક છે. પણ મોટી મુશ્કેલી જ આ છે ને ! પવન કઈ દિશાનો છે એનું જ્ઞાન પામવું કેવી રીતે ?

એ જાણવા માટે સારામાં સારો ઉપાય તો એક જ છે. એક પથ્થર લઈને અગાશીમાંથી નીચે ફેંકો (નીચે કોઈ ઊભું હોય તો વધુ સારું ન ઊભું હોય તો પણ ચાલે.) એ ફેંકેલો પથ્થર જે બાજુ પડે એ બાજુનો પવન સમજી લેવો ! ઉત્તર બાજુ પડે તો ઉત્તરનો પવન, દક્ષિણ બાજુ પડે તો દક્ષિણનો, પૂર્વ તો પૂર્વનો ને પશ્ચિમ તો પશ્ચિમનો. પથ્થર જો સીધો જ નીચે પડે તો કળિયુગનો પ્રભાવ માનજો.

પવનની દિશા કઈ બાજુની છે એ જાણી લઈને તમારા નાના ભાઈને (કે ચિરંજીવીને) એ બાજુ પતંગ છોડાવવા મોકલો. અરે ન શું જાય ? તમે વડીલ થયા છતાં તમારું કહ્યું ન માને એ તે કંઈ વાત છે ? ધમકી આપ્યા છતાં ન માને તો પછી એને રામલક્ષ્મણની વાર્તા કહો. લક્ષ્મણ રામનું કેવું કહ્યું માનતો હતો એ એને સમજાવો. અને છતાં ય ન માને તો... જવા દો એને ! આપણે એનું કામે ય શું છે; હેં?

ઠીક. તો કોઈ છોડાવનારું ન જાળે તો પવ-નનો ઝપાટો આવે એની રાહ જુઓ. કંઠેરા પર સૂકવેલું ગોદડું ઊડવા માંડે એટલે પવનનો ઝપાટો આવ્યો એમ સમજવું. પવનની લહેર આવે એટલે ઠૂમકો લગાવી પતંગને ઊંચો લો. ના, ભાઈ, ના, પગનો ઠૂમકો નહિ, હાથનો ઠૂમકો.

ઘણા ઠૂમકો લગાવતી વખતે ગાળ દે છે. ઠીક છે : લઘુગ્રંથિવાળો પતંગ હશે તો ગાળ સહન પણ કરી લેશે. બીજા કેટલાક લોકો વળી ઠૂમકો લગાવતી વખતે જાતે પણ કૂદે છે—કદાચ એમ માનીને કે દેખાદેખીથી પતંગને ય કૂદકા લગાવવાનું મન થઈ જાય. એક મિત્ર જ્યારે પતંગ નથી ચડતો ત્યારે હોઠ ભીડીને એની સામે તાકી રહે છે જાણે એ દુષ્ટ પતંગને કહેતા ન હોય કે 'આ તો તું છે એટલે જવા દઉં છું, બીજો હોય તો મારી મારીને હાડકાં ખોખરાં કરી નાખું.' અને ફરી બેચાર વાર તક આપ્યા છતાં ન ચડે તો ત્યાં ને ત્યાં પતંગ ફાડી નાખી નીચે જઈ છોકરાંને વઢવા મંડી પડે છે. એક વાર ખૂબ પ્રયત્ન કરવા છતાં પતંગ ન ચડ્યો ત્યારે મેં ઉપવાસ પર ઊતરવાની (અને કાર્ય-કર્તાઓએ આપેલી ખાત્રીઓને બહાને પણ ઉપવાસ નહિ છોડવાની) ધમકી આપી હતી. અને માનશો ? પતંગ ચડી પણ ગયો હતો. દોઢેક કલાકને અંતે. એટલી ધીરજવાળા માણ-સોએ પતંગ ચડાવવા માટે ઉપવાસનો ઉપાય પણ અજમાવવા જેવો છે.

પણ પતંગ ચડ્યે કંઈ ઓછું કામ પતી જાય છે ? આ સંસારમાં જન્મ લીધો એટલે જીવ-

વાની એક પછી એક ઉપાધિઓ આવ્યે જ જવાની. કેટલાક પતંગ એવા હોય છે કે પહેલાં તો એકદમ આકાશમાં ચડી જાય, તમે રાજી રાજી થઈ જાઓ, પણ મોજમાં આવીને એકાદ ઠૂમકો જોરથી મારો ત્યાં ચત્તોપાટ થઈ, તરતો-તરતો, હૈયું ભાંગી પડ્યું હોય એમ હળવેથી નિશ્વાસનાખીને જમીન પર પડે.તમેગમે તેટલી દોરી ખેંચો, ઠૂમકા લગાવો, પણ બસ, 'અબ જી કે ક્યા કરે, જબ દિલ હી તૂટ ગયા!' કરીને એ તો ધરતી સરસો જઇને પડવાનો.

ક્યારેક વળી જીવનશક્તિથી ઊભરાતા કો'ક પતંગો તો તમે સહેજ દોરી છોડો કે ઊંચે ચડી જાય છે. વધુ દોરી અને વધુ ઊંચે, હજી વધુ ઊંચે. પણ તમે સહેજ અટકો, દોરી છોડવાનું બંધ કરો, એટલે ફૂંફાડા મારતો આમતેમ ઘૂમે, ચીસો પાડે, કલ્પાંત કરે, ને છતાં ય દોરી ન છોડો તો જમીન પર માથું પછાડીને આપઘાત કરે—જાપાનીઓની જેમ હારાકીરી કરી નાખે!

અને કો'ક વળી ભક્ત પતંગો પણ હોય છે. ભક્તો જેમ ઈશ્વરને ચરણે જાતને ધરી દઈ નિશ્ચિંત થઈ જતા, એમ આ પતંગો ય બીજા કોઈ પતંગની દોરી પર લટકી પડે છે, ને ગમે તેટલાં પ્રલોભનો એને આપો તો ય એ આધાર છોડતા જ નથી.

એ તો પતંગે પતંગે જુદી મતિ. જગતમાં કોઈ બે મનુષ્યો સંપૂર્ણ સરખા નથી, તેમ કોઈ બે પતંગો પણ પૂરેપૂરા સરખા સ્વભાવના નથી હોતા. પતંગ ચગાવનારે તો દરેકનો સ્વભાવ ઓળખી એને અનુરૂપ ઢીલ-ખેંચ મૂકવી. ઑફિસોમાં કેટલાક મિજાજી સાહેબોને વશ રાખવા એમનાં છોકરાં રમાડવાનો ઉપાય અજમાવવામાં આવે છે, ત્યારે કેટલાક ઢીલા સાહેબોને તો માત્ર ખિસ્સામાં અર્ધું બહાર દેખાય એવું રાજીનામું બતાવ્યા કર્યાથી જ કાબૂમાં રાખી શકાય છે; તેમ પતંગનું પણ છે.

પેચ લેવાની દાનતવાળો કોઈ પતંગ આસપાસ દેખાય તો તો તરત આપણો પતંગ ઉતારી જ લેવો. હા વળી, નથી ચડાવવો આપણે પતંગ.કાલે ચડાવશું, અને છતાં ય હજી આપણે ઉતારી લઇએ તે પહેલાં જ પેચ થઈ જાય તો? તો શું? તો પણ પતંગ તો ખેંચ્યે જ રાખવો. કારણ આ વાત તો લગ્ન જેવી છે. પરણ્યા પછી સારી પત્ની મળે તો સુખી થઈ જવાય ને ખરાબ મળે તો ફિલસૂફ બની શકાય. એમ, પેચ થતાં જ આપણો પતંગ ખેંચી લેવાને લીધે પણ બે ફાયદા થાય છે. પતંગ સલામત પાછો આવશે તો સાથે બીજા પતંગને લેતો આવશે; ને કપાઈ જશે તો દુઃખ સહન કરવાનો મહાવરો પડશે; ને થોડીક દોરી બચશે એ વધારામાં. એટલે આ સિદ્ધાંત તો ભૂલવો જ નહિ; પેચ થયો કે ખેંચ પતંગ; પેચ થયો કે ખેંચ પતંગ.


આટલું કર્યા છતાં જો પતંગ સલામત પાછો આવે તો એ પતંગને દૈવી પતંગ ગણીને ફરીથી ચગાવવાના કામમાં લેવાને બદલે રોજ સવારે એની પૂજા કરવી.

ને ત્યાર પછી ફરીથી ઉત્સાહનું મોજું આવે એટલે, બીજા કોઈ પતંગનું કલ્યાણ કરવાના શુભાશયથી પતંગના ઢગલામાંથી નીચેના એક પતંગને, ઉપલી થોકડીઓ ઊંચી કર્યા વિના ખેંચી કાઢવો અને એનો ઢઢ્ઢો વાળવાથી કામ શરૂ કરવું.

શતરંજના કોયડા......................સુરેશ મોદી

વજીરની ચાલ તે હાથી તે જ ઊંટની ચાલનું મિશ્રણ છે. આવા મહોરાને composite

T. R. Dawson



A7 પર સફેદ Empress છે. સફેદે ત્રણ ચાલમાં મ્હાત કરવાનું છે.

મહોરું કહી શકાય. Fairy chessમાં બીજાં Composite મહોરાં પણ છે. Empress હાથી અને ઘોડાની ચાલ અને Princess ઊંટ અને ઘોડાની ચાલ ચાલી શકે છે.

આકૃતિમાં a7 પર ઊંધો હાથી બતાવ્યો છે તે સફેદ Empress (E) છે. તેનો a પંક્તિ તેમજ ૭મી હરોળ ઉપરાંત b5, c6 અને c8 પર પણ કાબૂ છે.

ઉકેલ : ચાવીની ચાલ : 1 Kf8 (waiting move.)

વિકલ્પો: ૧) Kf6; 2Eg 7, KE5; (આ સિવાયનાં બધાં પાનાં પર E નો કાબૂ છે) 3 EE8 ≠

2) 1..., Kd6; 2EE7, Kc5; 3E c8≠

3) 1...,KE5;2 Ec6+,k×E4;3EE7≠

ગયા અંકમાં આપણે Model mateની વ્યાખ્યા જોઈ હતી. તે પરથી વાચકોએ જોયું જ હશે કે આ ત્રણેય મ્હાત Model mate છે.

ટિકિટ સંગ્રહ







આ ૧૯૭૭ના વર્ષમાં 'વિમ્બલ્ડન લૉન ટેનિસ ચૅમ્પીઅનશિપ' અને 'ધી વર્લ્ડ ટેબલટેનિસ ચૅમ્પીઅનશિપ'ની સ્પર્ધાઓ બર્મિંગહામમાં યોજાશે. અસલ આ રમતોનું મૂળ તો છેક ૧૧મી સદીમાં મળે છે અને હેન્રી પાંચમો ને આઠમો એના શોખીન હતા. વિક્ટોરીઅન કાળમાં એને Sparistike એવું નવું નામ અને નિયમબદ્ધ સ્વરૂપ અપાયું ને એના વિવિધ સ્વરૂપ પણ વિકસ્યાં. બ્રિટને આ ૧૨મી જાન્યુઆરીએ થનારી સ્પર્ધા નિમિત્તે ખાસ આ ટિકિટો બહાર પાડી છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન).

કવિ 'નિરાલા' (સૂર્યકાંત ત્રિપાઠી), હીરાલાલ શાસ્ત્રી અને ડૉ. હરિસિંહ ગૌરની યાદમાં ભારતે બહાર પાડેલી ટિકિટો, ઉપરાંત 'બાલદિન', નારિયેળ 'અનુસંધાન'ની સુવર્ણજયંતી અને 'વંદે માતરમ્' રાષ્ટ્રીય ગીતને બિરદાવતી ટિકિટો ૧૯૭૬ની આખરમાં બહાર પડેલી એમાંની બે બાલદિનની અને નારિયેળીની ટિકિટ. (પ્રેષક: ડાહ્યાલાલ પરમાર)

અનુસંધાન] **લૉર્ડ ટૉમસન** [પૃષ્ઠ ૬થી

પ્રથમ રેડિયો-સ્ટેશનની સફળતા પછી રૉયે બીજાં બે નવાં રેડિયો સ્ટેશનો ઊભાં કરવાનું નક્કી કર્યું–સોનાની ખાણો ધરાવતાં ટિમિન્સ તથા કર્કલૅન્ડ લેઈક મુકામે. તેણે આ માટે ટિમિન્સમાં સ્પ્રુસ સ્ટ્રીટમાંના જે. પી. બાર્ટલમૅનના મકાનનો સૌથી ઉપલો માળ ભાડે રાખ્યો. મકાનના ભોંયતળિયે એક પડતર છાપખાનું તેની નજરે પડ્યું જ્યાંથી બાર્ટલમૅન એક કાળે તેનું 'ધ સિટિઝન' અખબાર બહાર પાડતો. હવે વયની ચાલીસી લગી પહોંચેલા રૉયને રેડિયો–સ્ટેશનો માટે નાણાં ધીરવા નોવાસ્કૉશિયા બૅન્ક તૈયાર હતી, પણ છાપખાનાનું શું? એણે બાર્ટલમૅન સમક્ષ દરખાસ્ત મૂકી કે તત્કાળ ૨૦૦ ડૉલર રોકડા આપી ૨૮ મહિનામાં ભરપાઈ થઈ જાય એવી દર મહિનાની મુદતની ૨૮ પ્રોમિસરી નોટ પોતે લખી આપશે.

'આ સોદો તો ભારે પડે!' બાર્ટલમૅન બોલી ઊઠયો.

'જુઓ,' ટૉમસને કહ્યું: 'હું એ છાપખાનામાંથી એક સરસ અખબાર પ્રસિદ્ધ કરવા માગું છું. જો એમાં ફાવ્યો તો તમારા પૈસા તમને ચૂકતે મળી જશે, ન ફાવ્યો તો છાપખાના સાથે અખબાર પણ તમારું. બંને નજરે તમારે કશું ગુમાવવાનું નથી.' અંતે બાર્ટલમૅન માની ગયો અને રૉય ટૉમસન એક પ્રકાશક બની ગયો.

બિન અખબારી એવા રૉય પર અખબારોનો પ્રભાવ નાનપણથી જ રહેલો. ન્યૂ યૉર્ક મુકામે ઍસ્ટોરિયા હોટેલમાંના એના મધુરજનીના ગાળા દરમિયાન એ હોટેલ પર વેચાતું એકેએક અખબાર એણે ખરીદી લીધેલું. પછી વાંચવા બેસતી વખતે જ એને ખબર પડી કે એમાંનાં કેટલાંક ચિદીશ ભાષાનાં હતાં, જે ભાષા તેને માટે બિલકુલ અગમ્ય હતી.

પણ બાર્ટલમૅનનું છાપું એણે ખરીદેલું તે સમાચારો માટે નહિ, પરંતુ જાહેરખબરો માટે. ટિમિન્સમાંથી એ વખતે બીજું પણ એક સાપ્તાહિક 'ઍડવાન્સ' પ્રસિદ્ધ થતું. એના કરતાં પોતાનું છાપું વધુ વંચાય એટલા માટે ટૉમસને એનું પત્ર અઠવાડિયામાં બે વાર પ્રસિદ્ધ કરવાની જાહેરાત કરી. 'ઍડવાન્સ' તરફથી પણ વળતી એવી જ જાહેરાત કરવામાં આવતાં ટૉમસને પોતાના પત્રને દૈનિક બનાવી દીધું, જેમ કરવાનું 'ઍડવાન્સ'નું ગજુ નહોતું.

એ જ અરસામાં લંડનની જાણીતી છાપાં-શેરી ફ્લીટ સ્ટ્રીટના પ્રસિદ્ધ અખબાર-માલિક લૉર્ડ રોધરમીઅર અબિટિબી કંપનીના મહેમાન તરીકે કૅનેડા આવેલા. ટિમિન્સની મુલાકાત દરમિયાન ત્યાંના આવા એક જરીપુરાણા છાપખાનામાંથી આઠ પાનાંનું દૈનિક નીકળતું જોઈ એમને આશ્ચર્ય ઊપજ્યું અને ટૉમસનને એ રાતે નૉર્થ બે માટેની ટ્રેઈન પરની પોતાની ખાનગી કાર પર ભોજન માટે નિમંત્રણ આપ્યું. ટ્રેઈનની રેસ્તોરાં-કારમાં પણ કદી ભોજન ન લેતાં શીંગદાણા ને સફરજનથી ચલાવી લેતા રૉય પર આ મુલાકાતનો જબરો પ્રભાવ પડ્યો. સામાજિક આગેવાનીનો એનો ખયાલ હજુ મેયરપદથી આગળ વધ્યો નહોતો; પણ આ મુલાકાતે તેનો આ ખયાલ સમૂળગો બદલી નાખ્યો. અને લંડનના અખબાર-માલિકોને ઉમરાવપદ મળવું સહજ સુલભ હોવાનું જાણીને તો તેની આટલાંટિકને પેલે પાર ઇંગ્લૅન્ડમાં પોતાનું થાણું જમાવવાની ઇચ્છા અદમ્ય બની ઊઠી.

ઇ. ૧૯૩૬માં એણે પોતાના કુટુંબને પણ નૉર્થ બેથી ટિમિન્સ બોલાવી લીધું. એ ત્યારે બેતાલીસ વર્ષનો થવા આવેલો. હવે ત્રીસ વર્ષની વયે લાખોપતિ બની જવાની તેની જાહેરાત પર બીજાં બાર વર્ષ વીતવા આવ્યાં હતાં. પણ એ દરમિયાન ચાર નવાં રેડિયો-સ્ટેશનો અને એક નાનકડા અખબારની માલિકી સિવાય તે વિશેષ કશું સાધી શકેલો નહિ. ત્યાં સુધીમાં તે ખાસ કશો પૈસો પણ બચાવી શકેલો નહિ. જોકે પૈસો બચાવવામાં તે માનતો પણ નહિ. તે કહેતો: 'પૈસો ગાંધી રાખવા માટે નહિ પણ વાપરવા માટે, તેનો ગુણાકાર કરવા માટે છે.' (ચાલુ)

ઋષિમંડળ-૧

અગસ્ત્ય

ઈન્દ્રના શાપથી એક જ દેહે જન્મેલા મિત્ર અને વરુણ, એટલે મિત્રાવરુણ એક વાર આદિત્યના યજ્ઞમાં ગયા. ત્યાં ઉર્વશીને જોતાં એમને મોહ થયો. પરિણામે વસિષ્ઠ અને અગસ્ત્યનો જન્મ થયો. તેઓ ઉર્વશીના પુત્રો નહોતા, પણ કુંભમાંથી જન્મ્યા હતા એટલે 'કુંભજ' કે 'ઘટોદ્ભવ' પણ કહેવાયા. અગસ્ત્યનું પૈતૃક નામ 'માન્ય' (માન) કે 'માંદાર્ય' હતું. મેરુ પર્વતની સ્પર્ધા કરી ઉત્તરોત્તર ઊંચા વધતા જતા વિન્ધ્યને નમાવ્યો એથી -અગ સ્થાયતિ ઇતિ અગસ્ત્ય એ રીતે નામ પડ્યું. વિન્ધ્ય ઉલ્લંઘી તેઓ દક્ષિણ ભારતમાં ગએલા એ પરથી એ અગસ્ત્ય કહેવાયા એવું પણ ઘટાવાય છે. સમુદ્રમાં છુપાઇને ઈન્દ્રાદિ દેવોને રંજાડતા કાલકેય રાક્ષસનો નાશ કરવા એક જ આચમનમાં સમુદ્ર પી ગયા એટલે અગસ્ત્યને 'પીતાબ્ધિ' પણ કહે છે. ઋગ્વેદનાં ૨૬ સૂક્તોના એ દ્રષ્ટા હતા. પોતાના પૂર્વજોના ઉદ્ધારાર્થે પુત્રપ્રાપ્તિ સારુ એમણે વિદર્ભની કુંવરી લોપામુદ્રા સાથે લગ્ન કરેલાં. ઋગ્વેદના પ્રથમ મંડળમાં એક સૂક્ત આ પતિપત્નીના સંવાદનું છે. એમાં લોપામુદ્રા વૃદ્ધ અને વિરક્ત પતિને સાંસારિક સુખ માટે પ્રવૃત્ત કરતી જણાય છે. આને પરિણામે એમને દઢાસ્યુ નામે પુત્રની પ્રાપ્તિ થઈ. ઈન્દ્રે અગસ્ત્યને ગાયત્ર્યુપનિષદનો બોધ આપેલો અને એમણે એ ઈષિને શીખવીને એની પરંપરા આરંભી હતી.

તમીળ પ્રદેશમાં અગસ્ત્ય પ્રત્યે ઘણો આદર છે. શિવના શિષ્ય, વિદ્યા-પારંગત, વેદશાસ્ત્રના પ્રણેતા અને અલૌકિક શક્તિના સ્વામી મહર્ષિ તરીકે ત્યાં અગસ્ત્યનું માન છે. કર્ણાટકમાં વાતાપી, કૂર્ગમાં બ્રહ્મગિરિ, આંધ્રમાં દ્રાક્ષારામમ્, તંજાવુરમાં અગસ્ત્યમ્પલ્લી, તિરુનેલવલ્લીમાં પોદિયમલૈ અને અગસ્ત્યપુરમ્ વગેરે એમનાં પ્રસિદ્ધ તીર્થધામો છે.

વિન્ધ્યની દક્ષિણે કુંજર પર્વત પર એમનો આશ્રમ હતો જ્યાં એમણે સીતાની શોધમાં નીકળેલા રામનું સ્વાગત કરી એમને 'વિરજા' નામની શૈવ દીક્ષા તથા વિષ્ણુના ધનુષ સહિત નાનાવિધ શસ્ત્રાસ્ત્રોના મંત્રો આપ્યા હતા. પોતે ધનુર્વિદ્યામાં પ્રવીણ હતા. દક્ષિણની દ્રવિડ પ્રજામાં એમણે આર્યોનાં જ્ઞાન અને સંસ્કૃતિનો પ્રચાર કર્યો. નૌકાની શોધ કરી સમુદ્ર પાર છેક જાવા-સુમાત્રા અને બોર્નિયો વગેરે દેશોમાં આર્ય સંસ્કૃતિ ફેલાવી હતી.

ઋગ્વેદમાં ઉલ્લેખિત અગસ્ત્ય અને દ. ભારતમાં આર્ય સંસ્કૃતિના પ્રસારક અગસ્ત્ય બંને ભિન્ન વ્યક્તિ હશે એવો પણ એક મત છે.



મધુકરી

યુવાન! જગની કદી ન ધરતો હૃદે બીક તું,
ભલે પતિત પાતકી કહી કહી તને શાસતું.
ભલે જગત આજ દૂર જઈ તુજથી બેસતું,
ભલે જ અવમાનથી જગત તુજને દેખતું;
મહાન પુરુષાર્થથી અવનિઆભ ભેગાં કરી
સદૈવ રટજે અવાજ ઊઠતો ઊંડા આત્મનો.

—કૃષ્ણલાલ શ્રીધરાણી

સ્વ. પ્રો. કેશવલાલ હિંમતલાલ કામદાર

'વિદ્યા પરં દૈવતમ્'નો અર્થ અને એનું મહત્ત્વ પ્રત્યેક વિદ્યાપ્રેમી સમજે છે અને જેને વિદ્યામાં રુચિ જ નથી એમને આ સૂત્ર સમજવાની કંઈ જરૂર નથી. પણ જેમનું જીવન અને કારકિર્દી આવા સૂત્ર પર જ ઘડાયાં-રચાયાં છે એવા યે કેટલાક ખરા વિદ્યાવ્યાસંગીઓ હોય છે. એમાંના એક પ્રો. કેશવલાલ હિંમતલાલ કામદારનું તા. ૨૫મી નવેમ્બરે અવસાન થયું. પ્રોફેસર શબ્દનો અર્થ અધ્યયન-અધ્યાપનના ક્ષેત્રમાં વિદ્યા-વિદ્વત્તાની વધુ નજીકનો અને વધુ પ્રભાવ ધરાવતો હતો એ કાળે તેઓ ગાયકવાડ રાજ્યની બરોડા કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર હતા.

સૌરાષ્ટ્રમાં ગોંડલ મુકામે ઈ. ૧૮૯૧માં એમનો જન્મ થયો. ત્યાંની સંગ્રામજી હાઈસ્કૂલમાં કવિ લલિતજી જેવા ગુરુ પાસે માધ્યમિક અભ્યાસ કર્યો અને કૉલેજમાં આનંદશંકર ધ્રુવ, હરિભાઉ લિમયે, હોડીવાળા, વામન મલ્હાર કાળે વગેરે જેવા વિદ્વદ્રત્નો પાસેથી વિદ્યા પામ્યા. રામનારાયણ વિ. પાઠક અને વિજયરાય વૈદ્ય જેવા સાહિત્યકારોએ એમને લખવા માટે પ્રેર્યા ને સહાધ્યાયી 'કુસુમાકરે' એમાં બળ પૂરતાં વિદ્યાર્થી અવસ્થામાં જ એમણે 'શરદચન્દ્ર'ના ઉપનામે પોતાનો પ્રથમ લેખ 'માનવજીવનનું ઐતિહાસિક દ્રષ્ટિએ અવલોકન' લખ્યો. 'વસંત'-માં એ છપાયો હતો. પછી તો એમણે અનેક લેખો લખ્યા. ઇતિહાસના જ્ઞાતા હોઈ એમના લખાણમાં ચોક્કસ વિગતો અને પદ્ધતિસરની સચોટ રજૂઆત સ્પષ્ટ તરી આવતાં મરાઠાઓનું રાજતંત્ર, ગુજરાતમાં ઐતિહાસિક અભ્યાસની પરિસ્થિતિ, કાઠિયાવાડનાં રાજ્યતંત્રો, લૉર્ડ કર્ઝન, શિવાજી, દરબારે અકબરી, હિંદુસ્તાનનો સુતરાઉ કાપડનો ઉદ્યોગ, ગુજરાતનું સંસ્કારત્વ, રશિયાનો રાષ્ટ્રીય ઉદ્યોગક્રમ, ગુજરાતનો સોલંકી યુગ, જૈન આગમ સાહિત્ય, શિલાલેખો અને મૂર્તિવિધાન વગેરે નાનાવિધ વિષયો પરના એમના લેખો એમના વ્યાપક વિદ્યાવ્યાસંગના દ્યોતક છે. 'કૌમુદી' અને 'પ્રસ્થાન'માં લખાએલી એમની 'સરસ્વતીચંદ્રનું રાજકારણ'ની લેખમાળા સાથે અન્ય લેખો બે ખંડમાં 'સ્વાધ્યાય' નામે ગ્રંથાકારે પ્રકટ થએલા છે.

ઇતિહાસ એમનો પ્રિય વિષય, પણ સાહિત્યિક સર્જનોમાં પણ તેઓ રસ લે, અને એને પોતાની ઐતિહાસિક દૃષ્ટિએ નાણે-પ્રમાણે. ર. વ. દેસાઈના 'ગ્રામલક્ષ્મી' કે મુનશીજીના 'જય સોમનાથ'નું એમણે કરેલું અવલોકન એનાં ઉદાહરણ છે. અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રનો પણ એમને ઊંડો અભ્યાસ હતો. એટલે એમનું લેખન ઇતિહાસ ઉપરાંત, અર્થકારણ, રાજકારણ, ભાષાશાસ્ત્ર, સામાજિક અનિષ્ટો, જૈનધર્મ અને નાનવિધ ક્ષેત્રોને સ્પર્શતું. દેશની સાંપ્રત સમસ્યાઓને તેઓ એક વિશાળ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈ શકતા. પોતાના અમૃતમહોત્સવ



પ્રસંગે એમણે કહેલું: '...ગુજરાત' બલ્કે ભારતના ઇતિહાસ ને સંસ્કૃતિનું અખંડ દર્શન કરવાની આપણે હજી શરૂઆત જ કરી છે. ભૂગોળ, સિક્કાશાસ્ત્ર, લિપિશાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ, સ્થાપત્ય અને શિલ્પ વગેરે વિદ્યાઓને હજી આપણે સંકલિત કરી શક્યા નથી. કાલાનુક્રમ, નૃવંશવિદ્યા, પુરાવસ્તુવિદ્યા વગેરેની તો હજી બારાખડી જ આરંભી છે. એના અખંડ દર્શન માટે આપણે ઇતિહાસવિદ્યાને વાસ્તવિક રીતે સમજવી જોઈએ. એ સમજને વિચારકો ઇતિહાસનું તત્ત્વજ્ઞાન કહે છે. આર્નોલ્ડ ટૉયન્બીએ ઇતિહાસની જે વિભાવના આપી છે તે તેમની સમગ્ર દૃષ્ટિને

આવરી લે છે. એ દૃષ્ટિ આધુનિક ઇતિહાસના જ્ઞાનની ખાસ અપેક્ષા રાખે છે. સાથે રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ફિલસૂફી વગેરે વિષયોના જ્ઞાનની પણ અપેક્ષા રહે જ છે. આપણે ત્યાં આવો સર્વાંગી અભ્યાસ થતો નથી તે ગ્લાનિજનક બાબત છે.'

પોતાના ઇતિહાસ લેખનમાં પણ તેઓ પ્રાદેશિક પ્રભાવથી પર રહી સ્વચ્છ નિરપેક્ષ દૃષ્ટિ રાખતાં. એમનો આ સ્વભાવ જ હતો. જીવનમાં યે એમણે એ જ દૃષ્ટિ અપનાવી હતી અને એટલે મહારાજા સયાજીરાવ વ્યાપક જવાબદારીવાળા ઘણાં કામ એમને સોંપતા.

'વસંત', 'માનસી', 'કૌમુદી' વગેરે જેવાં લબ્ધપ્રતિષ્ઠ સામયિકોમાં અવારનવાર એમના લેખો પ્રકટ થતા રહેતા. ઇતિહાસ ને વિવેચનને લગતા દસ બાર ગ્રંથો આપી એમણે પોતાની પ્રતિભા, વિદ્વત્તા અને વ્યાસંગનો પરિચય અને લાભ આપ્યા છે. અંગ્રેજીમાં પણ એમણે લખ્યું છે, પણ માતૃભાષાની સ્વાભાવિક સરળતા એમને વિશેષ પ્રિય અને અનુકૂળ હતી. કવિ 'ઉશનસ્'ની પહેલાં એમણે પણ આ તખલ્લુસથી લેખો લખેલા. પોતે વડોદરા રાજ્યની નોકરીમાં હતા અને ત્યારની બ્રિટિશ રાજસત્તામાં રાજકારણ વિષે લખવું એ જોખમકારક હતું ત્યારે એમણે 'ગુર્જર રાષ્ટ્ર'ના ઉપનામે ૧૯૩૦ની સ્વાતંત્ર્ય-સંગ્રામની પરાક્રમગાથાને રાજકારણની ફિલસૂફીની દૃષ્ટિએ ચર્ચા કરતા લેખો લખેલા. વડોદરા રાજ્યના અમલદારોથી એમનું કર્તૃત્વ અજાણ્યું નહોતું, પણ મહારાજા સયાજીરાવની સ્વદેશાભિમાની અને સ્વરાજવાંછુ ભાવનાને કારણે 'ગુર્જર રાષ્ટ્ર'ને વિઘ્ન નડ્યું નહોતું.

વ્યક્તિ તરીકે એમની સુજનતા, સૌમ્યતા, સાહિત્યપ્રીતિ ને વિશાળ દેશહિતની ભાવના એમના પરિચયમાં આવનાર સૌને સ્પર્શી જતી. નિવૃત્તિકાળમાં યે તેઓ યુનિવર્સિટીઓમાં શિક્ષણનાં આજનાં ઊતરી ગએલાં ધોરણો અંગે વ્યથિત રહેતા. એની પાછળ એમની વિદ્યાપ્રીતિ જ હતી. લાંબો કોટ, સહેજ ઊંચું પૅન્ટ અને માથે કાળી ટોપી સાથેની એમની સૌમ્ય મુખાકૃતિ હમેશાં આદર પ્રેરતી. આવી અભ્યાસપરાયણ વ્યક્તિ આજે બહુ જ ઓછી રહી છે ત્યારે એમના જેવાના અવસાનથી પડતી ખોટ એ આપણું દુર્ભાગ્ય છે. (સંકલિત)

લસણ

હાલ લીલા લસણની ઋતુ છે. ઘણા સમાજમાં આ ઋતુમાં રોજ લીલું લસણ રાત્રે ખાવાનો રિવાજ છે તે આરોગ્ય પોષક છે.

થોડા સમય પર લસણ વિષે નીચે પ્રમાણેના સંશોધન સમાચાર પ્રસિદ્ધ થયા છે: 'એક તબીબી સંશોધન પરથી જાણવા મળ્યું છે કે લોહીમાંના 'કોલેસ્ટ્રોલ'ને ઓછું કરવામાં લસણ ઘણું અસરકારક છે, અને આ રીતે લસણ હૃદયરોગને અટકાવવામાં ઘણું સહાયક છે.' આ સમાચાર વાંચીને ઘણાને લસણ વિષેનાં આયુર્વેદના મંતવ્ય વિષે જિજ્ઞાસા થઈ હશે. આચાર્ય સુશ્રુતે લસણને હૃદયરોગમાં લાભદાયક માન્યું છે.

એમના મતે લસણ કામશક્તિવર્ધક, મેધા, સ્વર, વર્ણ અને આંખના તેજને વધારનાર છે, ભાંગેલા હાડકાને સાંધનાર છે; હૃદયરોગ, જીર્ણજ્વર, ઉદરશૂળ, કબજિયાત, ગોળો, અરુચિ, ખાંસી, સોજો, અર્શ, ચામડીના વિકારો જઠરાગ્નિ-મંદતા, કૃમિ, વાતરોગ, શ્વાસ અને કફ વગેરેનો તે નાશ કરે છે.

ક્ષયરોગમાં લસણ બહુ સારું કામ કરે છે. લસણમાં એક પ્રકારનું ઉડ્ડયનશીલ તેલ છે, જે મૂત્રપિંડ અને ફેફસાં તથા ચામડી દ્વારા શરીરની બહાર પડે છે. આ તેલને લીધે શ્વાસનળીમાં બાઝી ગએલો કફ ઢીલો પડી સરળતાથી બહાર નીકળી જાય છે. આ તેલ જંતુઘ્ન છે. લસણમાં 'એલાયન સલ્ફાઈડ' નામનું જે દ્રવ્ય છે તે સડવાની ક્રિયા રોકે છે. એ રીતે એ ઍન્ટીસેપ્ટિક છે. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે બ્રિટિશ સરકારે વિપુલ પ્રમાણમાં લસણ ખરીદેલું. એનો ઉપયોગ ઘવાએલા સૈનિકો માટે કરવામાં આવ્યો હતો. ઘવાએલા દર્દીઓને લસણ આપવાથી ઘા દૂષિત (સેપ્ટિક) થતા બચી જતા. એંશી ટકા ઘાયલ સૈનિકોને લસણ આપવાથી એમના ક્ષતની અંદર કોઈ પણ પ્રકારની વિકૃતિ આવી નહોતી.

ડૉ. પટ્ટાભી સીતારામૈયાએ બ્લડપ્રેશર માટે લસણને ઘણું જ ફાયદાકારક માન્યું છે. કોલેસ્ટ્રોલ ઘટવાથી પણ બ્લડપ્રેશરનું એક મહત્ત્વનું કારણ દૂર થાય છે. લસણમાં રહેલું તેલ મૂત્રપિંડ દ્વારા બહાર નીકળતું હોઈ પેશાબ સાફ આવે છે ને પ્રેશર ઘટે છે. લસણ વાયુનું અનુલોમન કરે છે. વાયુના રોગોમાં લસણ અમૃત સમાન ગુણકારી છે. આચાર્ય કાશ્યપના શબ્દોમાં તો 'જોઈ લસણને વાયુ દ્વારથી પીઠ ફેરવે.' અર્થાત્ લસણને જોઇને વાયુ બારણેથી પાછો વળી જાય છે. લસણ પાસે વાયુ ટકી શકતો નથી. ધાર્મિક બાધને કારણે લસણનો અનાદર કરનાર સંપ્રદાયો અંધ અવૈજ્ઞાનિક માન્યતાઓથી છૂટે અને લસણનો સમાદર કરે.

(ગુજરાત સમાચાર) —લાભશંકર ઠાકર (પુનર્વસુ)

ચંદન અને હંસ

ચંદન:

આગ લગી વનખંડ મેં, દાઝ્યાં ચંદન વંસ,
'હમ તો દાઝ્યાં પંખ વિણ, તું કયોં દાઝે હંસ?'

(વનખંડમાં આગ લાગી અને ચંદનનાં વૃક્ષ બળવા લાગ્યાં, પણ બળતાં બળતાં બોલ્યાં: 'હે હંસ, અમને તો પાંખ નથી તેથી ઊડી નથી જઈ શકતાં ને દાઝીએ છીએ, પણ તું શા માટે દાઝે છે, તું તારે ઊડી જા.')

માસમાસના આકાશમાં: જાન્યુઆરી-ફેબ્રુઆરી



આકાશદર્શન : એક વાર આકાશદર્શનમાં રસ કેળવાયા પછી તારાઓનું સખ્ય જીવનભર આનંદ આપે છે. અગાઉ આપણે આ તારામંડળોનો અલગઅલગ અને વિગતે પરિચય કર્યો છે. હવે એ સૌને એકસાથે જોઈએ. આપણે જાણીએ છીએ કે આ બધા તારાઓ દરરોજ ધીરેધીરે પશ્ચિમ તરફ ખસતા દેખાય છે, એટલે આ નકશામાં કોઈ એક ચોક્કસ દિવસને લક્ષમાં રાખીને નહિ પણ લગભગ આ એક માસ દરમિયાન—અહીં જાન્યુઆરીના ઉત્તરાર્ધથી ફેબ્રુઆરીના પૂર્વાર્ધ—નું આકાશ આપ્યું છે. સ્વચ્છ. નિરભ્ર અને લાંબી રાત્રિઓના આ સમયમાં એમનું દર્શન અત્યંત પ્રભાવક લાગે છે. હાલમાં મૃગ, શ્વાન, શુની, મિથુન, રોહિણી, કૃત્તિકા, બ્રહ્મમંડળ, યયાતિ, શર્મિષ્ઠા, વૃષપર્વા વગેરે તારામંડળો અને એમાંના આર્દ્રા, બાણરજ, વ્યાધ, પ્રભાસ, પુરુષ-પ્રકૃતિ, રોહિણી, બ્રહ્મહૃદય અને દક્ષિણે અગસ્ત્ય વગેરે પ્રેક્ષણીય છે. આની સાથે કાકાસાહેબ કાલેલકરના 'જીવનનો આનંદ'માં એમણે લખેલા આકાશદર્શનના લેખો જો વાંચી શકો તો એની કાવ્યમયતા કંઈ ઓર અનુભૂતિ કરાવશે. નકશામાં આ અરસામાં નરી આંખે સરળતાથી જોઈ શકાતા શુક્ર, ગુરુ અને શનિનાં સ્થાન પણ બતાવ્યાં છે. અલબત્ત, એ પણ સ્થિર નથી જ, એટલે જ્યાં બતાવ્યાં છે એ જ માર્ગ પર એ ઓછાવત્તા ખસેલા કે ખસતા દેખાશે. તારા અને એમના પરિભ્રમણની ગતિની તુલના રસદાયક બની રહેશે. —બિ. ટાં.

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં

તા. ૧ / ઈ. પૂર્વે ૪૫ આજે લગભગ સર્વત્ર વપરાતા જુલીઅન કૅલેન્ડરનો વપરાશ શરૂ થયો.

તા. ૪ / ૧૮૦૯ અંધજનો માટે વાચનની ખાસ લિપિ (બ્રેઈલ લિપિ) વિકસાવનાર લૂઈ બ્રેઈલનો જન્મ. આ જ તારીખે ઈ. ૧૮૧૩માં લેખનની એક નવી જ રીત—લઘુલિપિ (શૉર્ટ હૅન્ડ)ના શોધક આઇઝેક પિટમૅનનો પણ જન્મ થએલો.

તા. ૫ / ૧૯૫૨ ક્રિકેટ, હૉકી વગેરે મેદાની રમતોમાં નામના પામનાર પટૌડીના નવાબનું પોલોની રમતમાં અવસાન થયું.

તા. ૧૫ / ૧૯૩૪ જાનમાલની અસીમ ખુવારી કરનારો બિહારનો ધરતીકંપ. ૧૨,૦૦૦થી વધુ લોકો એમાં માર્યા ગયા અને કરોડો રૂપિયાની મિલકતો નાશ થવા પામી હતી. મોતીહારી, સીતામઢી ને મધુબની વિસ્તારના પેટાળમાં એનું ઉદ્‌ભવ-સ્થાન હતું અને તેનાં મોજાં છેક અમેરિકામાં પાસાડેના, રશિયામાં લેનિનગ્રાડ ને જાપાનમાં ટોકિયોમાં નોંધાયાં હતાં. મોંઘીર અને કાઠમંડુ(નેપાળ)માં પણ એના આંચકા લાગેલા ને જાનમાલની ભારે ખુવારી થએલી. ગંગાના પ્રદેશમાં આ ભૂકંપથી ૧૧,૦૦૦ ચો. માઈલમાં ધરતી અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી. હિમાલયના પેટાળના સ્તરોના ભંગાણને કારણે નહિ, પણ ગંગાતટના ભૂગર્ભમાં ગડી વળી ગએલા અને ભાંગી ગએલા સ્તરોની હલચલને કારણે આ ધરતીકંપ થયો હતો.

આ અગાઉ આ જ જાન્યુઆરી માસમાં ૨૬મી તારીખે ઈ. ૧૫૩૧માં ધરતીકંપને કારણે પોર્ટુગલનું લિસ્બન શહેર તારાજ થઈ ગએલું ને તેમાં ૩૦,૦૦૦ માણસો માર્યા ગએલા. ઈ. ૧૫૫૬માં ૨૪મી જાન્યુઆરીએ ચીનમાં શેન્સીના ધરતીકંપમાં ૮,૩૦,૦૦૦ લોકો; ઈ. ૧૬૯૩માં ૧૧મી જાન્યુ.એ કૅટેનિયા (ઇટાલી)માં ૬૦,૦૦૦; ઈ. ૧૯૧૫માં ૧૩મી તારીખે મધ્ય ઈટાલીમાં ૩૦,૦૦૦; ૧૯૩૯માં ૨૪મી તા. ચિલીમાં ૩૦,૦૦૦; ઈ. ૧૯૬૨માં ૧૦મીએ પેરૂમાં ૨૦૦૦ લોકોનો ને ઈ. ૧૯૬૮માં ૧૫મીએ પશ્ચિમ સિસિલીમાં કેટલાંક ગામડાંનો ધરતીકંપે ભોગ લીધો હતો.

તા. ૧૯ / ૧૮૩૯ એડન અંગ્રેજોના હાથમાં ગયું. યુરોપ-એશિયાના એક મહત્ત્વના બંદર તરીકે સદીઓથી જાણીતા આ બંદર પર ઈ. ૧૫૧૩માં પોર્ટુગલના આલ્ફોન્ઝો દ. અલ્બુકર્કના નિષ્ફળ હુમલા બાદ ઈ. ૧૫૩૮માં એ તુર્કોના કબજામાં ગયું. સત્તરમી સદીમાં તુર્કોએ પોતે જીતેલા પ્રદેશો યેમનને સુપરત કરતાં અહીં સાનાના સુલતાનનું વર્ચસ સ્થપાયું, જે ૧૭૩૫ સુધી રહ્યું. તે પછી લાહેજના શેખે વફાદારી ત્યજીને સ્વતંત્ર સુલતાની સ્થાપી અને ૧૮૩૯ની ૧૯મી જાન્યુઆરીએ બ્રિટિશોએ એને હિંદ સાથે જોડી દીધું. ૧૬મીથી ૧૯મી સદી સુધી યુરોપ અને પૂર્વના દેશો વચ્ચેનો વાહનવ્યવહાર કેપ ઑવ ગુડ હોપ થઈને ચાલતો તે સુએઝની નહેર ખોદાયા પછી રાતા સુમુદ્રમાં વળતાં હિંદનો વેપાર એડન દ્વારા ખૂબ વિકસ્યો. ઈ. ૧૯૩૭માં એડન, પેરિમ, કામરાન ને કુરિયામુરિયા ટાપુઓ સાથે સ્વતંત્ર સંસ્થાન બન્યું.

તા. ૨૨ / ૧૯૩૧ આ સદીની અતિ વિખ્યાત બાલે નર્તકી આના પાવલોવાનું અવસાન. રશિયામાં પૂર્ણતઃ વિકસેલી, બાલે નર્તનકળાનો એણે દુનિયાને ખરો ખયાલ આપ્યો હતો. 'ધ ડાઇંગ સ્વૉન', 'ધ કૅલિફૉર્નિયન પૉપી' અને 'ધ ડ્રૅગન ફ્લાય' એનાં ખૂબ જ ખ્યાત બાલે છે.

તા. ૨૭ / ૧૮૫૪ અંગ્રેજી સાહિત્યમાં શેક્સપીઅરનાં નાટકો બાદ કરતાં સૌથી વધુ લોકપ્રિય સાહિત્યકૃતિઓમાં હજી પણ અગ્રગણ્ય 'એલીસ ઈન વન્ડરલૅન્ડ' અને 'થ્રૂ ધ લુકિંગ ગ્લાસ' જેવી સદાબહાર બાલવાર્તાઓના લેખક લ્યૂઈ કૅરૉલનો જન્મ. એનું ખરું નામ તો હતું ચાર્લ્સ લડવિગ ડૉજસન. એક પાદરીનો એ તોતડો પણ બુદ્ધિશાળી પુત્ર. ઑક્સફર્ડ યુનિવર્સિટીનો એ પ્રથમ વર્ગનો ગણિતશાસ્ત્રી હતો, એટલું જ નહિ, એના સમયમાં નવીનવી શોધાએલી ફોટોગ્રાફીની કળાનો એ ઉસ્તાદ હતો. ગોળાકાર બિલિયર્ડ અને અંધારામાં પણ લખી શકાય એવાં 'નિક્ટોગ્રાફ'ની એણે શોધ કરેલી; વિદ્વત્તાભર્યાં શાસ્ત્રીય પુસ્તકો પણ એણે લખેલાં, વૈદક અને રંગભૂમિ-શાસ્ત્રનો એ રસિયો હતો, મગજ થકવી દે તેવા અટપટા કોયડાઓ એણે યોજેલા. પણ સ્વભાવે એ અત્યંત શરમાળ હતો. પોતાની હયાતિમાં જ જેની ૧,૮૦,૦૦૦ જેટલી નકલો ખપી ગએલી એ સમર્થ બાલવાર્તાઓના પોતાના કર્તૃત્વને પણ એણે ગોપિત રાખેલું. પોતાની કૉલેજના ડીનની નાની પુત્રીઓના મનોરંજન માટે એણે સરજેલી આ વાર્તાઓના લેખક તરીકે જ એ વધુ ખ્યાત છે. ઈ. ૧૮૯૮માં એનું અવસાન થયું.



લલ્લુ શેઠ જિંદગીમાં પહેલી વાર ક્રિકેટ રમવા બેઠા. નોકરે દડો ફેંક્યો. લલ્લુભાઈએ એવો ફટકાર્યો કે દડો જઇને અગાશી પર પડ્યો. નોકર એ લેવા દોડ્યો, તેને શેઠાણીએ સીધો શાક લેવા મોકલ્યો. અરધા કલાકે નોકર શાક લઇને આવ્યો ત્યાં શું જોયું?—લલ્લુ શેઠ હાંફતા હાંફતા રન કરતા હતા: ૧૭૧, ૧૭૨......

અમથાલાલે ઘરનો વીમો ઉતરાવ્યો. કામ પતાવીને વીમા એજંટ જવા નીકળ્યો ત્યારે અમથાલાલે પૂછ્યું: 'જો આજ રાતે જ આ ઘરને આગ લાગી જાય તો મને શું મળે?

'દસ વરસ'—વીમા એજન્ટે જતાં જતાં કહ્યું.

પ્રસિદ્ધ જાદુગર હાઉડિનીના મૃત્યુ વખતે બે મિત્રો તેને દફનાવવા જતા હતા. કફન ઉપાડતી વખતે એકે કહ્યું. 'આપણે કફન ઉઘાડી જરા જોઈ લઈશું?' બીજો મિત્ર: 'કેમ?'

પહેલો મિત્ર: કદાચ એ અંદર નહિ હોય તો?

'આપની પાસે દિવાસળીની પેટી છે?' મગનલાલે ટ્રેનમાં પાસે બેઠેલા મુસાફરને પૂછ્યું.

'ના, પણ લાઈટર છે; આપું?'

'ના જી રહેવા દો. લાઈટરથી દાંત ખોતરાય?'

શેઠ (નોકરને): ધાર કે હું તારી જગ્યાએ અને તું મારી જગ્યાએ હોઈએ તો તું શું કરે?

નોકર: તરત નોકર બદલી નાખું.



(જનસત્તામાં 'શિવ')

અનુષ્ટુપ

જન્મું હું વાંસની જેમ, જીવું હું સરિતા સમ;
મરું હું હસ્તીની પેઠે, ઉરે આ વાંછના ત્રણ.

ગોવિંદભાઈ પટેલ

સંપૂર્ણ-कुंभो न करोति शब्दम्
अर्धो घरो घोषमुपैति नूनम् ।
विद्वान् कुलीनो न करोति गर्वम्
गुणैः विहीताः बहु जल्पयन्ति ॥
ભરેલો ઘડો અવાજ કરતો નથી; પરંતુ અર્ધો ભરેલો ઘડો કરે છે; તે જ રીતે કુલીન વિદ્વાન કદી ગર્વ કરતો નથી: ગુણ વિહીન લોકો બહુ બકબકાટ કરે છે.

મહાન રોમન સમ્રાટ માર્કસ ઑરેલિયસ વિષે એક દંતકથા છે કે તેના મૃત્યુ બાદ સ્વર્ગમાં દેવોએ તેના માનમાં યોજેલા સમારંભમાં એક હરીફાઈ યોજી, જેમાં સૌ માજી સમ્રાટો પોતપોતાની મહત્તા વર્ણવે અને એ પરથી સર્વોચ્ચ મહત્તાનો નિર્ણય કરવામાં આવે. તદનુસાર સૌ સમ્રાટોએ એક પછી એક પોતાના વિજયો પર, પોતાની સમૃદ્ધિ પર, પોતાની સત્તા પર એમ ગર્વ પ્રદર્શિત કર્યા પછી ઑરેલિયસનો વારો આવતાં તેણે કહ્યું: 'મેં એક તત્ત્વચિંતક તરીકે જીવનમાં એક જ મહત્ત્વાકાંક્ષા સેવેલી કે મારાથી કોઇને કશું દુઃખ ન પહોંચે.'–અને સૌના હર્ષનાદ વચ્ચે તેને સૌથી મહાન સમ્રાટ જાહેર કરવામાં આવ્યો. *



વીજળીની કથા ૨૫૦૦ વર્ષ પહેલાં રમૂજભરી રમતોથી આરંભાઈ હતી, અને છેક આધુનિક યુગ પહેલાં એમાં કશો નોંધપાત્ર ઉમેરો થયો ન હતો. ઈ. પૂ. ૬૦૦ના અરસામાં મિલેટસના તત્ત્વજ્ઞ થેઈલ્સે અંબરની લાકડી પર કપડું ઘસીને તે લાકડી વડે નાની સળીઓ ઊંચકી બતાવી હતી. એ ક્રિયા જોનાર એક પણ ગ્રીકને ખયાલ નહોતો કે આ રમત પાછળ રહેલું બળ ક્યારેય પણ એક સુવિકસિત વિજ્ઞાનશાખા બની રહેશે.

અનેકાર્થી શબ્દ: ઠાઠું = હાડકાંનું માળખું, હાડપિંજર, કાઠું; છાતીનાં હાડકાં; જેમાં થાપાં જોડાએલાં હોય છે તે કમરનું મોટું હાડકું; જીર્ણ થઈ ગએલું, ખોખું; ભાંગીતૂટી ઢાલ; બે વાર છડેલી બાજરીના ચોખ્ખા દાણા; બાજરીની ખીચડી; વરસાદની સખત ઠંડી—હીકળ; ગાડાનો પાછળનો ભાગ; બાજરિયાને બંને છેડેથી નીકળેલા ફણગા; ભેદુ, જાણીતો માણસ.

કુદીનો, લીંબુનો રસ, તુલસી અને આદુની ચટણી ખોરાક સાથે લેવાથી મંદાગ્નિ મટશે.

કહેવત-'ઘેંશનું ખાણું ને બદામનું નાણું'–ઘેંશ એ હલકી (બંને અર્થમાં) ગણાતી હોઈ તેની ગણના જેમ ખોરાકમાં થતી નથી, અને એક વખત કડવી બદામ (કોડીની માફક) ચલણમાં વપરાતી હતી તે જેમ નાણું ગણાતી નથી તેમ જેની કોઈ વિસાત કે ગણના ન થાય તે વ્યક્તિ કે પ્રસંગને માટે વપરાતી કહેવત. એને મળતી કહેવત: 'ભાજી મૂળા કાંઈ શાકમાંયે ખરું?'



ટિકિટકથા કોઈ સત્કાર્ય અર્થે ભંડોળ એકઠું કરવા અનેક દેશોએ ટપાલટિકિટોનો પણ ઉપયોગ કર્યો છે, પણ એવી વધારાની કિંમત ચૂકવવાનું જો મરજિયાત હોય તો ઘણી વાર એમાં પૂરતી સફળતા ન મળે એવું યે બન્યું છે. ઈ. ૧૯૨૦ના દાયકામાં પોર્ટુગાલમાં આવી ધર્માદા ટિકિટનો ઉપયોગ દર વર્ષે એક અઠવાડિયા દરમિયાન ફરજિયાત કરવો પડતો. અને એમાં ચૂક થાય તો ટપાલ લેનારને એવી ટિકિટની કિંમત કરતાં બેવડો દંડ ભરવો પડતો. ઈ. ૧૯૨૫ની સાલની ત્યાંની આ એક એવી ટિકિટ છે જેના પર ૧૮મી સદીના ત્યાંના રાજપુરુષ માર્કવિસ દ પૉમ્બૅલની છબિ છે.

અંકસંદર્શ: પાંચ—પંચ મહાતત્ત્વોનાં દેવસ્થાન: પૃથ્વીતત્ત્વનું કાંચીવરમમાં (દક્ષિણ ભારતમાં), પાણીનું જંબુકેશ્વર (દક્ષિણ ભારતમાં શ્રીરંગમ પાસે), તેજનું અરુણાચલ (દક્ષિણ ભારતમાં માલાય સ્ટેશન પાસે), વાયુનું કાલાહસ્તી (દક્ષિણ ભારતમાં રેણીગુંટા પાસે), આકાશનું ચિદંબરમ (દક્ષિણ ભારતમાં).

ગણિતગમ્મત

૬૦² – ૫૧² = ૯૯૯

૫૬૦² – ૫૫૧² = ૯૯૯૯

૫૫૬૦² – ૫૫૫૧² = ૯૯૯૯૯

૫૫૫૬૦² – ૫૫૫૫૧² = ૯૯૯૯૯૯

૫૫૫૫૬૦² – ૫૫૫૫૫૧² = ૯૯૯૯૯૯૯


૫૫૫૫૫૬૦² – ૫૫૫૫૫૫૧² = ૯૯૯૯૯૯૯૯

ને એમ ગમે ત્યાં સુધી. —નૌતમ વખારિયા

ટેલિફોન પર અવાજ: આજ મારા દીકરાનું ગળું સળેખમથી પકડાયું છે, એટલે તે નિશાળે નહિ આવી શકે.

શિક્ષક: આ કોણ બોલે છે?

અવાજ: મારા બાપા!



કલાકણિકા: લાગે છે કોઈ પ્રાચીન કૃતિ, પણ હકીકતે એ ઓગણીસમી સદીના આરંભમાં સેલ્યુલૉઝ ઍસેટેટ (એક પ્રકારના પ્લાસ્ટિક)માં કોરેલો, માથાબાંધણામાં ભેરવવાનો કાંસકો છે. ફ્રાંસની કારીગરીનું એ સર્જન છે.

'અનિલ' લહરી — રતિલાલ 'અનિલ'

અશ્લીલતા દંભ બને છે ત્યારે તે 'કળા' કહેવાય છે.
સભ્યતા વિકાસ પામે છે ત્યારે અથાણાં જ રસોઈ બની જાય છે.